Saturday 07, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વાપીમાં ખરાબ રસ્તાઓને લઈ કોંગ્રેસનું ખાડા પૂજન સાથે પાલિકાને આવેદન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૬ :** વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં વરસાદને કારણે બિસ્માર બનેલા માર્ગથી ત્રાહિમામ પોકારતી જનતાને ધ્યાને લઈ આજે વાપી પાલિકામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના આગેવાન ખંડુભાઈ પટેલની આગેવાનીમાં વિરોધ પ્રદર્શન અને પાલિકામાં આવેદનપત્ર આપી નગરના તમામ રસ્તા ૧૦ દિવસમાં રીપેર કરવાની રજૂઆત કરી અને જો રસ્તા રીપેર ન થશે તો અગામી દિવસોમાં વાપીની જનતા રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

પ્રાપ્ત વિગત મુજબ આજે વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ રસ્તાઓ બિસ્માર્ગ બન્યા હતાં અને આ રસ્તા ઉપરથી આવતા જતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ તેમ જ દર વર્ષે ચોમાસામાં નવા બનેલા રસ્તાઓ ધોવાઈ જતા હોય છે જે અંગે આજે વાપી નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ખંડુભાઈ પટેલ, વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ નિમેશભાઈ વશી, વલસાડ જિલ્લા કોંગ્રેસના જનરલ સેક્રેટરી ફરહાનભાઈ બોગા, વાપી તાલુકા કોંગ્રેસના પ્રમુખ રમેશભાઈ પટેલ, વાપી શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ તેમજ આમ આદમી પાર્ટીના આગેવાનો સાથે મળી વાપીના ગીતા નગર ખાતે ખરાબ થયેલા રસ્તાના ખાડાઓમાં શ્રીફળ વધેરી ફૂલ સ્વાગત કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં. જોકે આ પ્રસંગે ભાજપ પર આકરા બહાર કરતા ભાજપ હાય હાયના નારા તેમજ કમિશન ભાજપના નેતા અને નગરપાલિકાના અધિકારીઓ લેતા હોવાને કારણે રસ્તાઓ ચોમાસા દરમિયાન ધોવાઈ જતા હોવાના આક્ષેપ કર્યા હતાં. તેમજ ત્યારબાદ આ કોંગ્રેસના કાર્યકર્તાઓ વાપી નગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે પહોંચ્યા હતાં અને ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવાના હતાં પરંતુ ચીફ ઓફિસરની ગેરહાજરીમાં વાપી નગરપાલિકાના સિનિયર ઈજનેર રામચંદ્રભાઈ દેસાઈને આવેદનપત્ર આપી વાપી નગરના ખરાબ થયેલા તમામ રસ્તાઓ દસ દિવસમાં રીપેર કરી નાંખવાની રજૂઆત કરી હતી અને જો તેઓ આ રસ્તા રીપેર નહીં કરશે તો અગામી દિવસોમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ વાપીના રસ્તા ઉપર વિરોધ પ્રદર્શન અને જન આંદોલન કરવાની ચીમકી આપી હતી.

## વાઘછીપામાં વકીલના ઘરે આવેલા ચાર અજાણ્યાએ મહિલા પર હુમલો કરી ફરાર

### અગાઉ પારડી અને વાપી તાલુકામાં પોલીસની તેમજ ઈન્કમટેક્ષ અધિકારીની ઓળખ આપી ઘરે જઈ પરિવારને લુંટવાની તેમજ ધમકાવવાની ઘટનાઓ પણ બની હતી : તો કેટલાક રાજકીય આગેવાનોએ અમીર લોકોની યાદી આપી લૂંટ કરવાની ઘટના પણ બહાર આવી હતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૬ :** પારડી તાલુકાના મોટા વાઘછીપા ગામમાં આવેલ અંબાચીયા ફળિયામાં રહેતા એડવોકેટના ઘરે દિવસ દરમિયાન ચાર જેટલા ઈસમો જમીનનું કામ હોય એવું એમના પત્નીને જણાવી પાણી પીવાનું કહી એમના પત્નીનું મોઢુ દબાવી હુમલો કરી પલાયન થઈ ગયા હતાં. આ ઘટનાના પગલે ચકચાર મચી ગઈ હતી. પારડી પોલીસ સહિત જિલ્લા પોલીસવડાની ટીમ તપાસમાં લાગી ગઈ હતી. અહીં મોટા વાઘછીપા ગામમાં આવેલ




અંબાચિયા ફળિયામાં રહેતા એડવોકેટ પ્રભુભાઈ પટેલના ઘરે એમના પત્ની ઝીણુંબેન પ્રભુભાઈ પટેલ ઘરે એકલા હતાં ત્યારે બપોરે એક વાગ્યાના સુમારે એમના પતિ પ્રભુભાઈ કામ અર્થે ઘરેથી નીકળી ગયા બાદ ચાર ઈસમો જેવો અજાણ્યા હોય કારમાં આવ્યા હતાં અને એડવોકેટ પ્રભુભાઈનું કામ છે જમીનને લગતું કામ છે એવું ઝીણુંબેનને જણાવ્યું હતું અને પીવાનું પાણી માંગ્યું હતું. ત્યારે તેઓ પીવાનું પાણી લેવા ગયા ત્યારે પાછળથી એમનું મોઢું અને ગડુ દબાવી લીધું હતું અને કોઈ સાધન વડે હાથના ભાગે માર્યો હતો અને વધુ આવાજ કરશો તો જાનથી મારી નાંખશે એવી ધમકી આપી હતી અને માર મારી ભાગી ગયા હતાં. આ ઘટનાની જાણ એડવોકેટ પ્રભુભાઈને થતા તેઓએ તાત્કાલિક પારડી પોલીસ સ્ટેશન આવી સમગ્ર બાબતની જાણકારી હતી. જેથી પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર. ગઢવી અને વલસાડ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ ધરી હતી. પરંતુ પલાયન થઈ ગયેલા વ્યક્તિ કોઈ મળી શક્યા ન હતાં ઈજાગ્રસ્ત જીણુંબેનને સારવાર અર્થે પારડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ત્યારબાદ તમામ જિલ્લા પોલીસ આવી જઈ એડવોકેટ પ્રભુભાઈના ઘરે તપાસ કરી હતી અને સીસીટીવી કેમેરામાં કોઈ લીંક મળી જાય એ બાબતે તપાસ કરી હતી. સાંજના છ વાગ્યાના સુમારે વલસાડ જિલ્લા પોલીસવડા ડો. કરણરાજ વાઘેલા અને ડીવાયએસપી એ.કે. વર્મા આવી પહોંચ્યા હતાં અને ઘટના સ્થળ પહોંચ્યા હતાં અને તપાસ કરી હતી. બાદમાં પારડી હોસ્પિટલ જઈને ઈજાગ્રસ્ત મહિલા ઝીણુંબેનની મુલાકાત લીધી હતી.

હાલમાં ઈજાગ્રસ્ત મહિલા ભાનમાં છે પરંતુ વધુ ઈજાના કારણે તેને બોલવામાં થોડી તકલીફ થાય છે. ઈજાગ્રસ્ત મહિલાના પતિ અને પુત્ર-પુત્રી પણ હોસ્પિટલ પર આવી પહોંચ્યા હતાં. પારડી પોલીસે આ ઘટના અંગેની ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી હતી અને ઘરમાંથી રોકડા કે અન્ય ચીજવસ્તુ ચોરાય છે કે કેમ એ બાબતની વધુ તપાસ કરી છે.

## વલસાડમાં રીક્ષા સ્ટેન્ડની જગ્યાએ પાલિકાએ બાંધકામ કરતા વિરોધ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૭ :** વલસાડના શહેરના મોઘાભાઈ હોલની બાજુમાં રિક્ષા સ્ટેન્ડ પર દિવાલ બનવા બાબતે રીક્ષા એસોસિયનનો વિરોધ કરી આજરોજ વલસાડ જિલ્લા કલેકટરને અપાયું આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી છે.

વલસાડ શહેરના મોંઘાભાઈ હોલની બાજુમાં રિક્ષા સ્ટેન્ડ આવેલું છે. આ રીક્ષા સ્ટેન્ડ આશરે ૨૦ વર્ષથી ચાલે છે. વલસાડ નગરપાલિકા દ્વારા મોંઘાભાઈ હોલની બાજુમાં આવેલા રિક્ષા સ્ટેન્ડવાળી નગરપાલિકાની ખાલી જગ્યામાં નગરપાલિકા દ્વારા દિવાલની બાઉન્ડ્રી બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જેના સંદર્ભે મોંઘાભાઈ હોલ રિક્ષા સ્ટેન્ડના રિક્ષા ચાલકોએ વિરોધ કર્યો છે અને નગરપાલિકા દ્વારા હાલમાં દિવાલ

(અનુ. પેજ નં.૭ પર)

## ગુંદલાવ જીઆઈડીસીની કંપનીમાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૭ :** વલસાડ નજીક ગુંદલાવ જૂની જીઆઈડીસીમાં આવેલી એલ્યુમિનિયમનો પાવડર બનાવતી કોમલ ઓટોમાઈઝર નામની કંપનીમાં આજે બપોરે અચાનક આગ લાગવાની ઘટના બનતા કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ત્રણ ફાયર ફાઈટર હોય એ ત્રણ કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવતા આજુબાજુ ફેક્ટરીના સંચાલકોને મોટી રાહત



મળી હતી.

વલસાડ નજીક જૂની જીઆઈડીસીમાં એલ્યુમિનિયમનો પાવડર બનાવતી કોમલ એટોમાઈઝર નામની ફેકટરી આવેલી છે. આજે આશરે બપોરે ૨ વાગ્યે ફેક્ટરીમાં આગ લાગતાં આજુબાજુના લોકો તાત્કાલિક દોડી ગયા અને આગ ઓલવવા માટે પાણીનો છંટકાવ કર્યો હતો. જોકે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગની ઘટના અંગે વલસાડ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના કર્મચારીઓ તાત્કાલિક દોડી આવી ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી ભાગને કાબુમાં લીધી હતી. આગ લાગવાની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. આગને કાબુમાં લેતા આજુબાજુના કંપની સંચાલકોને મોટી રાહત મળી હતી. ફેક્ટરી સંચાલકોએ આગ લાગવા પાછળનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું જણાવ્યું હતું.

## દમણમાં ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ લગાવવામાં આવશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૬ :** દમણની ટ્રાફિક વ્યવસ્થાને નિયંત્રિત કરવા માટે ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ લગાવવામાં આવશે. દમણમાં જ્યાં ટ્રાફિકને અસર થાય છે તેવા સ્થળોએ આ લાદવામાં આવશે. દમણના જાહેર બાંધકામ વિભાગે આ માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ અંદાજે ૪ કરોડ ૨૯ લાખ ૮૨ હજાર રૂપિયાના ખર્ચે લગાવવામાં આવશે. આ દમણના વિવિધ જંકશન પર લગાવવામાં આવશે. પીડબલ્યુડીનું પહેલું ટેન્ડર કોઈએ ભર્યું ન હતું. હવે એ જ ટેન્ડર માટે બીજું કોલ બહાર પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે દમણમાં વર્ષો પહેલા ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા હતાં. પોલીસ સ્ટેશન ચાર રસ્તા, મોટી દમણ અને અન્ય વિસ્તારોમાં સિગ્નલ સિસ્ટમ હતી. પરંતુ આ સમયે તે ઉપયોગી ન હોવાથી ટ્રાફિક સિગ્નલ દૂર કરવામાં આવ્યા હતાં. સિગ્નલની નિષ્ફળતાને કારણે તે સમયસર જાળવવામાં આવી ન હતી અને ધીમે ધીમે બંધ થઈ ગઈ. પ્રવાસીઓની સંખ્યાના કારણે દમણમાં ટ્રાફિકમાં વધારો થતાં આ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે.





**ઓફિસ વેચવાની છે**

ઓફિસ વેચવાની છે, વ્યાજબી ભાવે પ્રાઇમ લોકેશન પર નેશનલ હાઇવે ૮ રોડ ટચ, બલિઠા વાપી. મો.7600114111

**રો હાઉસ વેચવાના છે**

ફ્લેટની કિમતમા રો હાઉસ વેચવાના છે, પ્રાઇમ લોકેશન પર રેડી પજેશન, તાત્કાલીક બેંક લોન, દલાલભાઇ આવકાર્ય મો.નં. 7600114111






દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## વાપીની ભાનુજ્યોત સ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૬:** ભાનુજ્યોત સ્કૂલ ખાતે ટીચર ડે ઉજવવામાં આવ્યું, જેમાં સ્કૂલના બાળકો પોતે જ શિક્ષકો બનીને આવ્યાં હતાં, અને ક્લાસમાં શિક્ષકોનો સન્માન કરી, કેક કાપીને ઉજવણી કરી હતી અને શિક્ષકોની આરતી તથા પૂજા અર્ચના પણ કરી હતી. બાળકોએ પોતાના શિક્ષકોને ગુલાબ આપી શિક્ષક દિવસની ઉજવણી કરી હતી.

### ડાંગ જિલ્લાના આદિજાતી વિદ્યાર્થીઓને વાંચનની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે

## આહવા, વઘઇ અને સુબીર તાલુકાઓમાં અધ્યતન સુવિધાઓ વાળી લાયબ્રેરી શરૂ કરાશે

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૬:** પુસ્તક વાંચનના મહત્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાતના નાગરિકો માટે 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. આ જ દિશામાં આગળ વધતા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, તાજેતરમાં રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે, જે ખૂબ જ ગૌરવની બાબત છે.

ત્યારે ડાંગ જિલ્લાના આદિજાતી વિદ્યાર્થીઓને વાંચનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગ જિલ્લાના ધારાસભ્ય વિજયભાઈ પટેલના સહિયારા પ્રયાસથી, બાહુલ આદિજાતી વસ્તી ધરાવતાં ડાંગ જિલ્લામાં પણ અધ્યતન સુવિધાઓ ધરાવતી લાયબ્રેરી શરૂ થાય તે દિશામાં પ્રયત્ન થઈ રહ્યા છે.

ડાંગ જિલ્લામાં હાલ મુખ્ય મથક આહવા ખાતે નાયબ ખેતી નિયામક (તાલીમ)ની કચેરીના મકાનમાં, સુબીર રોડ, આહવા ખાતે કામચલાઉ ધોરણે સરકારી જિલ્લા પુસ્તકાલય કાર્યરત કરાયું છે. આ લાયબ્રેરીમાં ૩૯૭ બાળ સભ્યો, તથા ૨૧૫૬ સામાન્ય સભ્યો નોંધાયેલ છે. અહિં ૨૮ હજાર ૭૯૫ ગુજરાતી, ૧૨ હજાર ૨૯૫ હિન્દી, ૧૩ હજાર ૧૩૮ અંગ્રેજી, સાથે ૪૫ જેટલાં ઈતર પુસ્તકો રાખવામાં આવ્યા છે. સાથે જ પાંચ જેટલા દૈનિક પેપરો, અને ૪૨ જેટલા સામયિકો પણ અહીં વાચકોની વાંચન ભૂખ સંતોષે છે.

અહી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જેની ફળશ્રુતિ રૂપે અહીંના વાચકો પૈકી, અત્યાર સુધી સરકારના જુદાં જુદાં વિભાગોમાં કુલ ૬૨ જેટલા વિદ્યાર્થીઓએ સરકારી નોકરી પણ મેળવી છે.

આહવા ખાતે રૂ.૬૯૫ લાખના ખર્ચે અધ્યતન 'સ્માર્ટ ગ્રીન' ભવન (જિલ્લા સરકારી પુસ્તકાલય) નું નિર્માણકાર્ય હાલ ચાલી રહ્યું છે. આ ગ્રીન સ્માર્ટ ભવન ગ્રાઉન્ડ ફ્લોર, અને બે માળ સાથેનું અધ્યતન ટેકનોલોજી સુવિધાઓ સાથે સજ્જ હશે.

જ્યારે વેપારી મથક વઘઇ ખાતે સોનુભાઈ ભીવસનનાં મકાનમાં, જૂની પોલીસ લાઈનની સામે ભાડાના મકાનમાં હાલ તાલુકા લાયબ્રેરી કાર્યરત છે. જેમાં કુલ ૮૭૭ સભ્યો નોંધાયેલ છે. અહિં ૮ હજાર ૨૮૬ ગુજરાતી, ૧ હજાર ૧૮૬ હિન્દી, ૧ હજાર ૫૯૬ અંગ્રેજી, અને ૫ દૈનિક પેપરો સહિત ૩૮ સામયિકો પણ ઉપલબ્ધ છે. અહિં પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં, દરરોજ સરેરાશ ૩૦ થી ૩૫ જેટલા વિદ્યાર્થીઓ વાંચન માટે આવે છે. વઘઈમાં પણ રૂ. ૩૭૫.૮૫ લાખનાં ખર્ચે નવા ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

તેવી જ રીતે અંતરીયાળ તાલુકા એવા સુબીર ખાતે પણ ટૂંક સમયમાં જ પુસ્તકાલય કાર્યરત થનાર છે.

આમ, રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના લોકોમાં વાંચન -ત્યે રસ જાગૃત થાય, અને તેઓ વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવાનું આયોજન છે. આ અંતર્ગત, રાજ્યના ૭ આદિજાતિ જિલ્લાઓના ૧૪ તાલુકાઓમાં પુસ્તકાલયો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. તેના પરિણામે, ગુજરાતના પ્રત્યેક આદિજાતિ તાલુકાના તમામ આદિવાસી સમુદાયોને વાંચન સેવાનો ૧૦૦ ટકા લાભ પ્રાપ્ત થશે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૬ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ વાંચનના આનંદની ઉજવણી કરવાનો છે. તેમજ વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે. આ દિવસની ઉજવણી અંતર્ગત આજરોજ આહવા ખાતે ગ્રંથપાલ મિતેશ પટેલના અધ્યક્ષ સ્થાને 'રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ'ની ઉજવણી પણ કરવામાં આવી હતી.

## ભીલાડની સરકારી વિજ્ઞાન કોલેજમાં જેન્ડર એન્ડ પેટ્રીઆર્કી એન ઈન્ટ્રોડક્શને સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૬:** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતે સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્ટેટ ક્વોલિટી એસ્યોરન્સ સેલ (SQAC) અંતર્ગત જેન્ડર એન્ડ પેટ્રીઆર્કી એન ઈન્ટ્રોડક્શન (Gender and Patriarchy: An Introduction) વિષય પર સ્પેશિયલ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિષય પર વકતવ્ય આમંત્રિત વક્તા ડો. સુબેર કલાથીલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, ફેકલ્ટી ઓફ લો, પારૂલ યુનિવર્સીટી, વડોદરા) દ્વારા આપવામાં આવ્યું હતું.

આ વકતવ્યમાં એમણે જેન્ડર અને પિતૃસત્તાક સમાજવ્યવસ્થા કઈ રીતે સ્ત્રીઓ તેમજ પુરૂષો બંને માટે સરખી રીતે હાનિકારક છે એ અંગેની મૂળભૂત ચર્ચા કરી હતી. આ કાર્યકર્મનું સફળ સંચાલન ડો. હિરેનકુમાર પટેલ (કો-ઓર્ડીનેટર, SQAC) દ્વારા કોલેજના પ્રિન્સિપાલ ડો.દિપક ડી. ધોબીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## માલેગામ ઘાટમાર્ગમાં વ્યારાનાં વ્યાપારી પાસેથી ૬.૭૦ લાખની લૂંટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૦૬:** ડાંગ જિલ્લાનાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં એક મોટરસાયકલ પર ત્રણ અજાણ્યા ઈસમોએ વ્યારાના વેપારીની ગાડી ઉભી રખાવી હતી.અને ગાડીમાં રહેલ વેપારીના ૬.૭૦ લાખ રૂપિયાની લુંટ ચલાવી હતી.જે બાદ ત્રણેય ઈસમો લુંટ ચલાવી મોટરસાયકલ પર બેસી નાસી છૂટયા હતા.ત્યારે આ -કારની લૂંટના કારણે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.અને ડાંગ જિલ્લાની પોલીસ પણ દોડતી નજરે પડી હતી.તાપી જિલ્લાનાં વ્યારા ખાતે રહેતા મહેશભાઈ શાંતિરામ ભાઈ ચિત્તે ડુંગળી તથા શાકભાજીનો વ્યાપાર કરે છે.અને ડુંગળી મહારાષ્ટ્રનાં નીફાડ(નાશીક), પીંપળનેર(પુર્વ) તથા નવાપુર થી ખરીદી કરી વ્યારા ખાતે હોલસેલમાં વેચાણ-વેપાર કરતા હોય ત્યારે મહેશભાઈ ડુંગળીની ખરીદી પણ કરવાનાં હોવાથી નિફાડ (નાશીક) જવા માટે નીકળ્યા હતા.તેઓ પોતાનાં કામથી વ્યારા,ઉનાઈ, વાંસદા, વઘઈથી સાપુતારા શામગહાન ત્રણ રસ્તાથી માલેગાવ ચેકપોસ્ટની વચ્ચે ઘાટ સેકસનમાં પોતાના કબજાની ઈકોસ્પોર્ટ ગાડી.ન.જી.જે.૦૫.જે.એફ.૭૧૦૦ ને લઈને સવારના મળસ્કે આશરે ૪ થી ૦૫ વાગ્યાનાં અરસામાં પહોંચ્યા હતા. જ્યાં ઢાળવાળો રસ્તો હોવાથી ગાડીની સ્પીડ આશરે ૩૦ કિ.મી.ની આસપાસ હતી.તે વેળાએ ગાડીની પાછળથી ગાડીના સાઈડ ગ્લાસ પર લાઈટનો -કાશ આવતો હતો અને એક કાળા કલરની સ્પ્લેન્ડર મોટર સાયકલ આ વેપારીની ગાડીથી થોડે આગળ જઈ લાકડીનો ઈશારો કરીને વેપારીની ગાડી ઉભી રખાવી હતી.અને મોટર સાયકલ ઉપરથી બે માણસો સામેથી ચાલીને વેપારીની ગાડી પાસે આવેલા અને એક વ્યકિત સ્પ્લેન્ડર ગાડી ઉપર બેસી રહેલ અને વેપારીની ગાડી પાસે આવેલ બંન્ને વ્યકિતઓમાંથી એક વ્યકિત ડ્રાઈવર સાઈડે આવીને દરવાજો ખોલાવ્યો હતો.ડ્રાયવર સાઈટે સીટનાં નીચે મુકેલ બેગમાં રહેલ રોકડા રૂ. ૬,૭૦,૦૦/- ની બેગ લુંટીને નાસી છૂટયા હતા.આ ત્રણેય અજાણ્યા ઈસમો ૬.૭૦ લાખની રકમ લૂંટી મોટરસાયકલ પર બેસી વઘઈ તરફ નાસી છૂટયા હતા.જે બાદ વેપારીએ લૂંટ થયા અંગેની જાણ ડાંગ જિલ્લાની પોલીસને કરતા ડાંગ જિલ્લાની પોલીસની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી.અને તપાસ હાથ ધરી હતી.હાલમાં આ વ્યપારીએ સાપુતારા પોલીસ મથકે લૂંટ અંગેની ફરિયાદ નોંધાવી હતી.ત્યારે ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ હાલમાં સાપુતારા પોલીસની ટીમ દ્વારા આ ત્રણેય અજાણ્યા ઈસમોની શોધખોળ માટે ચક્રો ગતિમાન કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે..

### અમદાવાદમાં નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## મનોદિવ્યાંગ યુવાનોને આત્મનિર્ભર બનાવતો "નવજીવન હાટ" પ્રોજેક્ટ

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૫:** અમદાવાદમાં છેલ્લા ૩૨ વર્ષથી મનોદિવ્યાંગ બાળકોને શિક્ષણ, તાલીમ અને તેઓને પુનઃવર્સન આપવાનું કાર્ય કરતા નવ જીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦૦ મનો દિવ્યાંગ યુવાનોને આત્મનિર્ભર બનાવવા "નવજીવન હાટ" પ્રોજેક્ટ શરૂ કર્યો છે.



"નવ જીવન હાટ" પ્રોજેક્ટ અંગે માહિતી આપતા સંસ્થાના સંસ્થાપક ટ્રસ્ટી સુભાષ આપ્ટેએ જણાવ્યું હતું કે ત્રણ વર્ષ અગાઉ ત્રણ ગૃપ પાડી મનોદિવ્યાંગ લાભાર્થીઓને અલગ અલગ કાર્ય વહેંચી દેવાયા. જેમાં એક ગૃપ હેન્ડી ક્રાફ્ટ-ડેકોરેશનની વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરે, જ્યારે બીજું ગ્રુપ ઉત્પાદિત થયેલી વસ્તુઓનું પેકિંગ કરે અને ત્રીજું ગૃપવાલીઓની મદદથી વેચાણ કરે. મનોદિવ્યાંગ તરૂણો દ્વારા ઉત્પાદિત થયેલી રાખડી, પગલૂછણીયા, કવર, દીવા, મીણબત્તી, અગરબત્તી, ડેકાવટી, આરતી થાળી, કીચેન, રંગોલી, ફ્લોટિંગ દીવા, વેક્સ દીવા, જેવી વસ્તુઓના વેચાણના નફામાંથી મનોદિવ્યાંગજનોને વળતર ચૂકવવામાં આવે છે. આ રીતે "નવ જીવન હાટ" પ્રોજેક્ટ હેઠળ ૩૫ મનોદિવ્યાંગજનો કમાતા થયા છે અને સંસ્થાનું પ્રોડક્શન અને વેચાણ પણ વધ્યું છે. શરૂઆતના સમયમાં મનોદિવ્યાંગ તરૂણો દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓનું વેચાણ ૧ લાખ રૂપિયા જેટલું હતું જે આજે સંસ્થા દ્વારા કરાયેલા નવા પ્રયાસોને કારણે રૂપિયા ૫ લાખે પહોંચ્યુ છે.

નવ જીવન ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર સંચાલક નીલેશ પંચાલે જણાવ્યું હતું કે, વધુને વધુ દિવ્યાંગજનો "નવજીવનહાટ" પ્રોજેક્ટમાં જોડાઈને એનો લાભ લે એજ ઉદેશ છે. દિવ્યાંગજનોને વસ્તુઓ તૈયાર કરવા માટે જરૂરી કાચા માલની વ્યવસ્થાનવજીવન ટ્રસ્ટ તરફથી કરી આપવામાં આવશે. જે દિવ્યાંગજનો પ્રોડકશન કરી રહ્યા છે તેઓ ઘરે પણ કામ લઈ જાય તેવી વ્યવસ્થા સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે. જેનાથી તેઓ ટીવી મોબાઈલની લતથી દૂર રહેશે અને રજાના દિવસોમાં પણ એમનું પ્રોડકશન ચાલુ રાખી શકશે.

જે દિવ્યાંગજનો સંસ્થામાં અને ઘરે એમનું પ્રોડકશન ચાલુ રાખી શકે તે હેતુથી કાચા માલની ખરીદી તે લોકો જાતે કરવા ઈચ્છતા હશે તો તે હેતુસર ગુજરાત સ્ટેટ હેન્ડીકેપ ડેવલોપમેન્ટ (GHSFDC) કંપનીમાંથી ધિરાણ અપાવવા માટે સંસ્થા મદદ કરશે. તેમણે કરેલા ઉત્પાદનના વેચાણની જવાબદારી સંસ્થા કરશે. જેથી આ નવતર રોજગારીલક્ષી કામગીરીથી મનોદિવ્યાંગજનો નોકરી કરતાં વધુ આવક કરી શકે.

## દરેક કાર્યની સિદ્ધિ માટે સર્વ પ્રથમ ગણપતિનું પૂજન કરાય છે

**પ્રાસંગિક - હર્ષદ દેસાઈ, વટાર**

ભાદ્રપદ સુદ ચતુર્થી એ મહાસિદ્ધિ વિનાયક કહેવાય છે. આ દિવસે ગણપતિ બાપ્પા મોરિયાના અવાજો ઠેર ઠેરથી સંભળાતા હોય છે. મોરિયા એટલે નમસ્કાર એ રીતે જોતા ગણપતિ બાપ્પા મોરિયાનો અર્થ ગણપતિ ભગવાન નમસ્કાર એવો થાય. વળી મોરેશ્વર નામનો ગણપતિનો એક મોટો ભક્ત પણ થયો છે તેને ભક્તિને કારણે પ્રભુ સાથે તેનું નામ જોડાઈ ગયું.

કોઈપણ મા પોતાના પુત્ર માન જંખે એવું ગણપતિનું રૂપ છે. છતાં આપણા ઋષિઓએ ગણપતિને ખૂબ જ મહત્વ આપ્યું છે પ્રત્યેક શુભકામમાં તેનું જ પહેલું પૂજન થાય છે. વિવાહનો પ્રસંગ હોય કે, લક્ષ્મી પૂજનનો, શીલા રોપણ હોય કે, કુંભ મુકવાનો હોય, અરે પહેલું પૂજન ગણપતિનું જ.

ગણપતિનું મસ્તક હાથીનું મસ્તક છે. અન્ય કોઈ પ્રાણીને મસ્તક ન મુકતા હાથીનું મસ્તક તેમના ધડ પર બેસાડવામાં એક આગવું વૈશિષ્ટ્ય રહેલું છે. હાથી એ બધા પ્રાણીઓમાં સૌથી વધુ બુદ્ધિમાન છે. મહાન જીવનની ઊંચાઈ પર રહેલા શિખરોને આલવાનો પ્રયત્ન કરનાર તત્વવેતા હોવો જોઈએ. તેમજ યોગ્ય દોરવણી આપે સમાજને સાચા રહે ચડાવવાની અભિલાષા રાખનાર નેતા પણ નિર્ભુદ્ધ હોય તો કેમ ચાલે હાથીના કામ સુપડા જેવા હોય છે. સુપડાનો ગુણો શું છે. સુપડું ફોતરા - ફોતરા ફેંકી દઈ અનાજ જ પોતાની પાસે રાખે છે. વાતો બધાની બધી સાંભળવાની પણ એમાંનો સાર ગ્રહણ કર્યુ. બાકીની વાતો ફોતરાની જેમ ઉડાવી દેવી ગણપતિની આંખો માનવીને જીવનમાં સૂક્ષ્મ દૃષ્ટિ રાખવાની પ્રેરણા આપે છે. ઝીણી સોય પણ જમીન પરથી ઉચકી શકે તેવી સુક્ષ્મ દ્રષ્ટિ હાથીની હોય છે.

હાથીનું મોઢું નાક દૂર સુધીનો સૂંઘવા સમર્થ છે. ગણપતિને બે દાંત છે એક આંખો છે અને બીજો તૂટેલો દાંત છે. જીવનમાં શ્રદ્ધા અને બુદ્ધિ બંનેની આવશ્યકતા છે પરંતુ માનવીની બુદ્ધિ સીમિત હોવાથી આખરે તો તેણે શ્રદ્ધાનો સહારો લઈને આગળ વધવાનું હોય છે. તેથી જ તો તે બે દાંત પૈકીનો એક દાંત ખંડિત છે તે બુદ્ધિની મર્યાદાનો સૂચક છે અને બીજો દાંત પૂર્ણ છે તે અખૂટ શ્રદ્ધાનો સૂચક છે.

ગણપતિને ચાર હાથ છે. એક હાથમાં અંકુશ, બીજા હાથમાં પાશ, ત્રીજા હાથમાં મોદક અને ચોથા મા આશીર્વાદ ભર્યા છે. અંકુશ વાસના વિકારો પર સંયમ જરૂરી છે એમ સૂચવે છે જ્યારે પાશ જરૂર પડતા ઈન્દ્રિયોને પીવા અનુયાયીઓને શિક્ષા કરવાનું સામર્થ્ય પણ તત્વવેતા અને



નતામાં હોવું જોઈએ. એમ સૂચવે છે. મોદક એટલે જે મોદ કરાવે તે જેનાથી આનંદ પ્રાપ્ત થાય સંતોષ થાય તેવો સાત્વિક આહાર આ મહાપુરુષોનો હોવો જોઈએ. જે પોતાના કર્મના ફળરૂપે મોદક પ્રભુના હાથમાં મૂકી દે એને પ્રભુ આશીર્વાદ આપે છે એમ ચોથો હાથ સૂચવે છે. કદીક એમ પણ થઈ આવે છે કે, જેમ વિષ્ણુ ભગવાનને ભક્તના પૂજન માટે કમળનું ફૂલ રાખ્યું છે. તેમ પોતાના લાડકા દીકરાને ખવડાવવા માટે ગણપતિએ એક હાથમાં મોદક રાખ્યો હશે અને બીજા હાથથી તે તેને બોલાવી રહ્યા છે. તેઓ લંબોદર કહેવાય છે. બધાની સાંભળેલી વાતો પોતાના વિશાળ ઉદરમાં સાચવી દેવી એવું સુચન તેમનું મોટું પેટ કહી રહ્યું છે. માણસ સાગર પેટ હોવો જોઈએ. સાગરની માફક તે પોતાના પેટમાં અનેક વાતોને સમાવવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ. તેના પગ પણ નાના છે. તેથી તેઓ જલ્દી દોડી શકતા નથી. ઉતાવળ સો બાવરા અને ધિરાવશો ગંભીર એ કહેવતનો પાઠ ભણાવતો તેવો એમ સૂચવી રહ્યા છે. કે કોઈપણ કાર્ય કરવામાં ઉતાવળ ન કરવી જેમ સસલા અને કાચબાની શરતમાં કાચબો જીતી જાય છે. તેમ ધીમે ધીમે કાર્યમાં આગળ વધનારો કાર્ય સુઘડ અને સફળ બનતું જાય છે જે બુદ્ધિમત્તાનું લક્ષણ છે. બુદ્ધિમાનના પગ હંમેશા ટૂંકા હોય છે એટલે કે તેઓ પોતે જ દોડ્યા કરતા નથી પરંતુ પોતાની બુદ્ધિથી બીજાને દોડાવે છે. પૃથ્વી પ્રદક્ષિણાની શરતમાં પોતાના ભાઈ કાર્તિકે એને ગણેશ એ પોતાની બુદ્ધિથી જ મહાન કર્યા હતા. એ પૌરાણિક વાત આપણેને સુવિદિત જ છે.

ગણપતિનું વાહન ઉંદર છે જેથી ગણપતિનું વાહન એવું છે કે જે તેમને ઘર ઘરમાં લઈ જાય છે. બીજા એક વ્યવહાર નીતિ પણ ઉંદર પાસેથી શીખવા જેવી છે તે કરડે છે જરૂર પણ ફૂંક મારીને એટલે કોઈને તેની ખબર પડતી નથી. બીજું ઉંદર ઈન્દ્રિયોની ચોથી વૃદ્ધિનું સૂચન કરે છે. ઉંદર એ માયાનું પ્રતીક છે ઉંદરની માફક માથા પણ માનવીને ફૂંકી ફૂંકીને કરડે છે. કાળને પણ અંદરની જેમ આપણા જીવનમાં સમય ને ફૂંકી ફૂંકીને ખાવાની ટેવ છે. આમ ગણપતિનું વાહન ઉંદર આપણને ઘણી સૂચક વાતો સમજાવે છે.

ગણપતિને દુર્વા ખૂબ જ પ્રિય છે. લોકોને મન જેનું કંઈ મહત્વ નથી એવા ઘાસને તેમણે પોતાનું માન્યું અને તેની કિંમત વધાર્યું, ગણપતિને લાલ ફૂલ પ્રિય છે લાલ રંગ ક્રાંતિનો સૂચક છે. ગણપતિના ઉપર આપણે ચોખા ચડાવીએ છીએ. ગણપતિને વક્રતુંડ કહે છે. દરેક કાર્યની સિદ્ધિ માટે સર્વ પ્રથમ ગણપતિનું પૂજન કરવામાં આવે છે.

કોઈપણ કાર્યને સિદ્ધ કરવું હોય તો આ ગણપતિ ઠેકાણે હોવો જોઈએ ગણપતિને પ્રથમ પૂજવાનો મતલબ કે મનના કાર્યનો પ્રારંભ પહેલા શાંત અને સ્થિર કરવાનું જેથી કોઈ વિઘ્ન ઉભા જ ન થાય અને કાર્ય સરળ રીતે પાર પાડી શકાય ગણપતિનું વિસર્જન એટલે વિરાટની પૂજાનો આરંભ આપણા સૌના દેવી સમર્પણ છે. ઓમકારને પદાર્થ સૃષ્ટિમાં લાવવાનું કામ ગણપતિની મૂર્તિ એ કર્યુ છે. એમ પણ કેટલાક લોકોનું માનવું છે સાર્વજનિક ગણેશ ઉત્સવનો પ્રારંભ એકતા અને સંગઠનની ભાવનાથી કરવામાં આવ્યો છે. જે ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું આવું અવલોકિક દર્શન આપ્યું તે ઋષિઓને આપણા અનંત પ્રણામ.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.૦૦ ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - પીટારા, ૨.૦૦ - જયુબીલી ઝંકાર, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - ફિર તુમ્હારી યાદ આઈ.

**સાંજે :** (દમણથી) ૫.૦૦ ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## દમણ રેડિયો

**102.3 FM**

**રવિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત, ૨.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - સેલ્યુલોઈડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.




## આજનું પંચાગ

**તા.** ૦૭-૦૯-૨૦૨૪, **વારઃ** ગુરૂવાર, **તિથિઃ** ચોથ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૩૫ **ચંદ્રરાશિઃ** તુલા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસેઆજે તમારુંઆરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

Vapi Page - 03

Saturday 07, September 2024

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વાપીની પોદાર વર્લ્ડ સ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૦૬ ::** વાપીની પોદાર વર્લ્ડ સ્કૂલે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ પર શિક્ષક દિવસનું આયોજન કર્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ તેમના વર્ગખંડોને શણગાર્યા અને તેમના શિક્ષકોને ગુલાબના ગુલદસ્તા અને હાથથી બનાવેલ કાર્ડ આપ્યા. શાળાના પ્રાંગણમાં ૯:૩૦ વાગ્યેથી શિક્ષક દિવસનો કાર્યક્રમ શરૂ થયો. શાળાના આચાર્ય અને શાળાના તમામ શિક્ષકોને સાથે લઈ શાળાની હેડ ગર્લ દ્વારા કુમકુમ લગાવી, સુંદર ફૂલ આપીને દરેકનું સુંદર સ્વાગત થયું. વિદ્યાર્થીઓએ શ્લોક અને પ્રાર્થના ગાઈને કાર્યક્રમની શરૂઆત કરી. તે પછી તરત જ, ધોરણ ૧૧ ના વિદ્યાર્થીએ આપણે શિક્ષક દિવસ કેમ ઉજવીએ છીએ અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને સમાજમાં કેવી રીતે યોગદાન આપ્યું છે. તેના પર વક્તવ્ય આપ્યું. વક્તવ્ય પછી તરત જ ધોરણ ૧૦ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ નૃત્યો, કવિતાઓ, હાસ્ય નાટક પ્રસ્તુત કર્યા અને શિક્ષકો માટે મજાની અવનવી રમતોનું આયોજન કર્યું હતું. ત્યાર બાદ સ્કૂલના આચાર્ય દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું અને તમામ શિક્ષકોને તેમની મહેનત અને સમર્પણ અને શાળાને નવી ઊંચાઈઓ હાંસલ કરવામાં મદદ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને દરેક શિક્ષકને એક સુંદર ભેટ આપી હતી. આચાર્યના વક્તવ્યના અંતે ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓએ હાસ્ય-નાટક રજુ કર્યું હતું. જેને સૌએ માણ્યું હતું. હેડ બોય અને હેડ ગર્લ દ્વારા વિદ્યાર્થીઓના જીવનને ઘડવામાં અને તેમને પ્રેરણા આપવાના પ્રયાસો બદલ શિક્ષકોનો આભાર માનીને કાર્યક્રમ સમાપ્ત કર્યો હતો.

## દમણમાં હિન્દી પખવાડિયા નિમિત્તે ડ્રાફ્ટ લેખન સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **દમણ, તા.૦૬ :** દમણમાં દર વર્ષે હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિભાગ દ્વારા ૦૨/૦૯/૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ દરમિયાન હિન્દી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે અને આ દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષકો, સરકારી કર્મચારીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ શ્રેણીમાં આજે સરકારી કર્મચારીઓ માટે હિન્દી નોટિંગ અને ડ્રાફ્ટ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં દમણ જિલ્લાની વહીવટી કચેરીઓના કર્મચારીઓએ ભાગ લીધો હતો. ૧:૩૦ કલાકની આ સ્પર્ધામાં કર્મચારીઓએ હિન્દી શબ્દસમૂહોને અંગ્રેજીમાં અને અંગ્રેજી શબ્દસમૂહોનું હિન્દીમાં અનુવાદ કરવાનું હતું. આ સાથે તેણે ટિપ્પણી અને ઓર્ડરનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો હતો. આ પ્રસંગે સ્પર્ધામાં ભાગ લેનાર સરકારી કર્મચારીઓએ જણાવ્યું હતું કે હિન્દી નોટિંગ અને ડ્રાફ્ટિંગ સ્પર્ધા સરકારી કર્મચારીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. આમાં ભાગ લેવાથી, વ્યક્તિને ઓફિસમાં વપરાતા શબ્દોથી પરિચિત થવાની તક મળે છે અને હિન્દીમાં નોંધો અને અન્ય પત્રવ્યવહાર કેવી રીતે તૈયાર કરવામાં આવે છે. તે અંગેની મહત્વપૂર્ણ માહિતી પણ મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ સરકારી કર્મચારીઓ માટે હિન્દી શ્રુતલેખન સ્પર્ધા અને હિન્દી ટાઈપિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. નોંધનીય છે કે હિન્દી પખવાડિયા દરમિયાન આયોજિત સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ સમારોહના અવસરે પુરસ્કૃત કરવામાં આવશે.

## દમણમાં બાબા રામદેવ પીરની જન્મજયંતિ નિમિત્તે પદયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **દમણ, તા.૬ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં બાબા રામદેવ પીરની ભાદવીબીજના પવિત્ર પર્વ નિમિત્તે દમણથી વાપીના નમદા ખાતે રામદેવ બાબા મંદિર પરિસર સુધી ધ્વજા સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ દરમિયાન ગ્રામજનોએ વિવિધ સ્થળોએ ફુલોની વર્ષા કરી પદયાત્રાનું સ્વાગત કર્યું હતું. આ પદયાત્રા દમણના ભીમપોરથી થઈને સોમનાથ થઈને વાપીના નમદામાં બાબા રામદેવ પીર ખાતે સમાપ્ત થઈ હતી. જેમાં દમણમાં કાયમી રાજસ્થાની સમુદાયના લોકોનો સમાવેશ થતો હતો. નોંધનીય છે કે મંદિરના સાનિધ્યમાં ગત રાત્રે કલાકારો દ્વારા ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આજે મહા આરતી બાદ તમામ ભક્તોને ગુરુની પ્રસાદી આપવામાં આવી હતી.

## બીલીમોરા શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય કોલેજમાં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **બીલીમોરા, તા.૬ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીએડ કૉલેજમાં ગુરુવારે શિક્ષક દિવસ સાદગીપૂર્ણ કરાઈ હતી. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશ ટંડેલ એ શિક્ષક દિવસ સંદર્ભે જણાવ્યું કે શિક્ષકોએ વિવિધ ગુણ પૈકી સત્ય, કલ્યાણકારી અને સૌંદર્યદ્રષ્ટિ વિકસાવવાની આવશ્યકતા છે. ત્યારબાદ માહેમનોને કોલેજનું વાર્ષિક મુખપત્ર 'શ્રીરંગમ' સ્મૃતિભેટ તરીકે અર્પણ કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય, સમૂહગીત, કાવ્યપઠન, કવીઝ અને નાટક રજુ કરાયા હતા. કોલેજના પ્રા. ડૉ. કિરીટ ચૌહાણે શિક્ષણની ગઈકાલ, આજ અને આવતીકાલ અંગે રસપ્રદ માહિતી પ્રદાન કરી હતી. મુખ્ય મહેમાન ડૉ. દિલિપભાઈ પટેલે શિક્ષકનું મહત્ત્વ અને ગુણો તેમજ સંસ્કૃતિ અને રાષ્ટ્ર ઘડતર માં યોગદાન ઉપર પ્રકાશ પાડ્યો હતો. તાલીમાર્થીઓએ આજના દિવસે સંકલ્પ લેવો જોઈએ કે શિક્ષણના શીખેલા પાઠો મારા વ્યવસાયમાં ચરિતાર્થ કરીશ. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડૉ. દિલીપભાઈ પટેલ, પુર્વ આચાર્ય, એનએચ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આણંદ અને અધ્યક્ષપદે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી હૃદયનાથ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આભારવિધિ તાલીમાર્થી એષા પટેલ એ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ પૂજા પાંચાલ અને રિયા લાડે કર્યુ હતું. સમગ્ર આયોજન કોલેજના પ્રા. ડૉ. અરુણાબેન કસવાલાએ કર્યું હતું.

## આંબાતલાટ ગામે ૧૨૦થી વધુ ગણેશજીની મૂર્તિનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ધરમપુર, તા.૦૬ :** ધરમપુર પંથકમાં ગણેશોત્સવ નિમિત્તે આજુબાજુના ગામોનાં લોકો ને આબાતલાટ ગામનાં નવ યુવાન સામાજિક કાર્યકર્તા રાહુલ પટેલ દ્વારા આસુરા આબાતલાટ નાની વહીયાળ કરંજવેરી સહિત ગામોમાં ૧૨૦ જેટલી ગણેશજીની



મૂર્તિનું વિતરણ કરાતા ગણેશ મંડળોમાં આનંદની લાગણી ફરી વળી હતી.

## વાપી નગર પંચાયત હાઈસ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૦૬ :** વાપી નગર પંચાયત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હાઈસ્કૂલમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસની શિક્ષક દિન તરીકે ખુબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. એક દિવસ માટે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આચાર્ય, શિક્ષક, કારકુન, સેવક તરીકેનો કાર્યભાર સંભાળી ઉત્તમ કામગીરી કરી હતી. શાળાના શિક્ષકમિત્રોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષકને શોભે એવા પોશાકમાં સજ્જ થઈ એક દિવસ માટે શૈક્ષણિક કાર્ય કર્યું હતું. આ તબક્કે પ્રમુખ ગ્રુપ ઓફ વાપી દ્વારા શાળાના તમામ શિક્ષકોને સર્ટિફિકેટ, ભેટ અને પુષ્પ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પણ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ તેમના વર્ગખંડના અનુભવો વ્યક્ત કર્યા હતા અને જણાવ્યું કે શિક્ષક બનવું એ એક જવાબદારીનું અને કપરું કામ છે. ત્યારબાદ શાળાના આચાર્ય સુમીતરાજ રોહિત એ તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને આશિર્વચનો પાઠવ્યા હતા અને શિક્ષક દિન નિમિત્તે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી હતી. આ દિવસે શ્રેષ્ઠ શિક્ષકની કામગીરી માટે માધ્યમિક વિભાગમાં નૈસર્ગી ખેંગાર અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કિંજલ પટેલ ને પસંદ કરી એમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## લાયન્સ ક્લબ ઓફ વલસાડ ડાયમંડ દ્વારા ટીચર્સ ડેની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા.૬ :** લાયન્સ ક્લબ ઓફ વલસાડ ડાયમંડ દ્વારા ટીચર્સ ડે નિમિતે વલસાડની કુમાર શાળા અને કન્યાશાળાના શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તબક્કે લાયન્સ ક્લબ ઓફ વલસાડ ડાયમંડના પ્રમુખ લા. ડો. જાનકી ત્રિવેદી અને અન્ય લાયન્સ સભ્યો હાજર રહ્યા. કુમારશાળામાં મુખ્ય શિક્ષિકા તરીકે મીનળદેવી પટેલને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. કન્યાશાળામાં મુખ્ય શિક્ષિકા તરીકે જ્યોતિકાબેનને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા. આ સિવાય કુમાર શાળા અને કન્યાશાળાના ૧૪ ઉપશિક્ષકોને સન્માનિત કરાયા હતા.

### <u>શિક્ષક દિન નિમિત્તે</u>

## મોટી ઢોલડુંગરીના વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ધરમપુર, તા.૬ :** દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને સર્વ શિક્ષકો માટે આદર્શ એવા ભારત રત્ન ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતિની યાદમાં આજરોજ ૫મી સપ્ટેમ્બરના દિને પ્રા.શાળા મોટી ઢોલડુંગરીમાં શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ધોરણ ૮ ના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.જેમાં વિદ્યાર્થીઓ માંથી બનેલ શિક્ષક દ્વારા પ્રાર્થના સભામાં કાર્યક્ર્મ અનુરૂપ ઉદબોધન રજૂ કરવામાં આવ્યું હતું અને બાલવાટિકા થી લઈ ધોરણ ૭ સુધીના વિદ્યાર્થીઓને તાસ મુજબ શિક્ષણકાર્ય કરાવવામાં આવ્યું હતું.

સમગ્ર દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવતા કરવામાં આવેલ શિક્ષણ કાર્યને બિરદાવી શાળાના આચાર્ય શિક્ષકો તેમજ તાલુકા પંચાયતના સભ્ય કલ્પેશ પટેલે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપીની આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૦૬ :** આર. કે.દેસાઈ ગ્રુપ ઑફ કોલેજીસ વાપીમાં તારીખ ૦૫/૦૯/૨૦૨૪ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જન્મદિવસ નિમિત્તે સાંસ્કૃતિક કમિટીના નેજા હેઠળ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક એ વ્યક્તિ છે. જે એક બગીચાને જુદા જુદ રંગરૂપના ફૂલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનુ કારણ સમજાવે છે. ચાણક્ય એ પણ કહ્યું છે ને 'શિક્ષક કભી સાધરણ નહી હોતા, પ્રલય ઔર નિર્માળ ઉસકે ગોદમે પલતે હૈ,' આ શબ્દો જ શિક્ષકની અસાધારણ વિશેષતાઓને પ્રતિબિંબિત કરે છે. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ કોલેજના આચાર્યઓએ શિક્ષક દિવસ નિમિત્તે વક્તવ્ય આપી કોલેજના સમગ્ર વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવ્યા હતા. ત્યારબાદ શિક્ષકનું મહત્વ દર્શાવતું સુંદર નાટક, ગુરુનું મહાત્મ્ય દર્શાવતું સ્વાગત ગીત, ગેમ, સંગીત ખુરશી, ગીત, ભજન વગેરે વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જે સૌ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક નિહાળ્યું હતું. અધ્યાપકો માટે પણ વિદ્યાર્થીઓએ સુંદર ગેમનું આયોજન કરવા આવ્યું હતું જેમાં વિદ્યાર્થી અવસ્થામાં રહેલી સુસુપ્ત શક્તિનો વિકાસ કઈ રીતે થાય તે અંગે ગેમ રાખવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ દરેક અધ્યાપકોને ફૂલ નહિ તો ફુલની પાંખડી અર્પણ કરી સમ્માન કર્યા હતા. અને ડૉ.સર્વપલ્લી રાધકૃષ્ણન્ નાં જન્મ દિન નિમિતે કેક કાપી સર્વ વિદ્યાર્થીઓને ગુરુનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે બધા જ પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ પોતાના આશીર્વચનો તથા અનુભવ રજૂ કર્યા અને આ રીતે કાર્યક્રમનું સુંદર અને જ્ઞાન સભર અંત થયો. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા ઈન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને કોલેજના સર્વ આચાર્યએ તેમજ અધ્યાપકોએ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## વાપીની સારસ્વત સ્કૂલમાં શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૦૬ :** વાપીની સુપ્રસિદ્ધ ખંડુભાઈ હરિભાઈ દેસાઈ પુરુષ અધ્યાપન મંદિરમાં સારસ્વત શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. તેમાં વાંકલ ગામના વતની અને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ધરમપુરની નવીનગરી પ્રાથમિક શાળા માલનપાડાના શિક્ષક મહેન્દ્રસિંહ નાથુસિંહ પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું.



આચાર્ય ડૉ. કિરણભાઈ પટેલ દ્વારા મહેન્દ્રસિંહ ને શાલ ઓઢાડી પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પોતાની લાગણી વ્યક્ત કરતા મહેન્દ્રસિંહ એ જણાવ્યું કેં મારી તીર્થ રૂપ માતૃ સંસ્થામાં શિક્ષક દિન નિમિત્તે સન્માન થતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાના આચાર્ય, સ્ટાફ મિત્રો, તાલીમાર્થી ભાઈઓનો અંતઃકરણથી આભાર માનું છું. ૪૨ વર્ષે માતૃ સંસ્થામાં જવાથી જુના દિવસો યાદ કર્યા. મારા ગુરૂ સ્વ. મહાદેવભાઈ દેસાઈ જેણે મારી કારકિર્દી ઘડી શિક્ષકત્વની કેળવણી આપી એમને નમન. આ દિને જ્યાં શિક્ષકની તાલીમ લીધી ત્યાં જ મારૂ સન્માન થતાં હૃદયમાં અનેરો ભાવ પ્રગટે છે. તાલીમાર્થી મિત્રોને યાદ કરુ છુ. પ્રાથમિક શિક્ષણ, કેળવણી અને સાંસ્કૃતિક કાર્ય ક્ષેત્રે અનોખી કેડી કંડારનારા મહેન્દ્રસિંહનું સન્માન થતા સમગ્ર શિક્ષક આલમ અને રાજપૂત સમાજમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

## તા.૨૬ સપ્ટેમ્બરે નવસારી જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ) **નવસારી,તા.૦૬:** નવસારી જિલ્લાકક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ ઓગષ્ટ-૨૦૨૪ ના રોજ જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, કોન્ફરન્સ હોલ, પહેલો માળ, કાલિયાવાડી, નવસારી ખાતે સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે.

સપ્ટેમ્બર -૨૦૨૪ ના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મહેસૂલી તંત્ર, પોલીસ વિભાગ, ગુજરાત વિદ્યુત બોર્ડ, એસ.ટી., પાણી પુરવઠા બોર્ડ, એસ.ટી., પાણી પુરવઠા બોર્ડને લગતા પ્રશ્નો સબંધિત ખાતાના અધિકારી અને કલેકટર સાંભળશે. એક કરતાં વધુ શાખામાં પ્રશ્નો હોય તેવી, સુવાચ્ય ન હોય તેવી, નામ-સરનામા વગરની કે વ્યકિતગત, આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે, પ્રથમ વખતની અરજી અને આ કાર્યક્રમમાં રીપીટનાં પ્રશ્નો પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહિ.

જિલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા કોઈપણ અરજદારે ગ્રામકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતને, તાલુકાકક્ષાનો હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખિતમાં અરજી કરેલી હોવી જોઈએ અને તેનુ નિરાકરણ થયેલું નહિ હોઇ. અગાઉના સબંધિત ખાતામાં કરેલ રજૂઆતનો આધાર તેમજ આપવામાં આવેલ જવાબ/ત્યુત્તરની ઝેરોક્ષ નકલ સાથે રાખવી. અરજદારે પ્રશ્નો અંગેની લેખિત અને ટાઈપ કરેલ અરજી (સંબંધિત વિભાગને કરેલી અરજીની નકલ સાથે) કલેકટર કચેરી, નવસારી ખાતે રજૂ કરવાની રહેશે. અરજી પર ' જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ' એ મુજબ દર્શાવવાનું રહેશે. અરજદારે અલગ-અલગ વિષય દર્શાવતો પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. અરજદારે અરજી તા.૧૦/૦૯/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે. સરકારી કર્મચારીઓના નોકરીને લગતા પ્રશ્નો રજૂ કરી શકાશે નહિ. તેમ નિવાસી અધિક કલેકટર, નવસારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## બીલીમોરા પાલિકા વિસ્તારમાં ગણેશ વિસર્જન માટે જાહેરનામામાં સુધારો

**નવસારી, તા.૦૬ :** ચીફ ઓફિસર, બીલીમોરા નગરપાલિકાની દરખાસ્ત અન્વયે બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં અંબિકા નદીના કિનારે ગુજરાત મેરીટાઈમ બોર્ડ ગાંધીનગર હસ્તકનું બંદરનો જેટીનો ઉપયોગ બંધ કરવા અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી નવસારી(માર્ગ અને મકાન) વિભાગ નવસારીના વિગતે મેટેટસ્ટ એન્જીનિયરીંગ સર્વિસ ઉધનાના NDT Test Report મુજબ હયાત સ્ટ્રકચર પર ગણેશ વિસર્જનનું આયોજન કરવા વાંધા સરખુ જણાતું નથી તેમ જણાવેલ છે.

જે અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કેતન પી. જોષીએ એક જાહેરનામા દ્વારા સદર જેટીના જર્જરીત જગ્યા પૂરતું બેરીકેટીંગ ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ નવસારીના સુપરવિઝન કરવા તથા પોલીસ વિભાગ દ્વારા સદર જેટીના બેરીકેટીંગ ધરાવતા વિસ્તારમાં વિસર્જન માટે નિયત કરેલ કાર્યવાહી સુનિશ્ચિત કરવા જાહેરનામામાં સુધારો કરવામાં આવે છે. જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે. આ હુકમનો અનાદર કે ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## નવસારીમાં ૧૪મી સપ્ટેમ્બરે લોક અદાલતનું આયોજન

(દમણગંગા ટાઈમ્સ) **નવસારી,તા.૦૬:** ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગની સૂચનાનુસાર તા.૧૪/૦૯/૨૦૨૪ના રોજ રાજય કમિશન અને જિલ્લા કમિશનો ખાતે લોક અદાલતનું આયોજન કરવાનું જણાવ્યું છે. જે અન્વયે રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદ તથા તમામ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ખાતે તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે પક્ષકારો રાજય કમિશન તથા જિલ્લા કમિશનો ખાતેના પોતાના પડતર કેસોનો પરસ્પર સમાધાન દ્વારા લોક અદાલત માધ્યમથી ઝડપી નિકાલ કરાવવા ઈચ્છુક હોય તેવા પક્ષકારોને આ લોક અદાલતનો લાભ લેવા જણાવવામાં આવે છે. આ અંગે જરૂરી માહિતી/માર્ગદર્શન રાજય કમિશન/સંબંધિત જિલ્લા કમિશનોના નોટીસ બોર્ડ પરથી મેળવી શકાશે. તેમ પ્રમુખ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન નવસારીની અખબારી યાદીમાં જણાવાયું છે.




# અમરનાથ યાત્રા



## ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

એ સત્ય છે કે અમરનાથ બાબા ની શિવયાત્રા શ્રદ્ધા વિશ્વાસ અને નિષ્ઠાપૂર્વક કરવાથી ધર્મ અર્થ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. કશ્મીર પ્રદેશમાં થતી અમરનાથ યાત્રા મૂળ કાશ્મીરી પંડિતોના સહારે થતી આ ધાર્મિક યાત્રા છે.આ આદિ શંકરની યાત્રા ખૂબ ધાર્મિક છે . સિકંદર બૂતશિકન થી ઔરંગઝેબના મુઘલકાળના સમય સુધી સાતેક વખત કાશ્મીરી પંડિતોએ પલાયન થવું પડ્યું હતું. જેથી ૨૦૦ થી ૨૫૦ વર્ષ સુધી લોકો અમરનાથની યાત્રા કરી નહોતા શક્યા. પરંતુ, શિવ કૃપાથી અને કાશ્મીરી પંડિતોના ભગીરથ પ્રયત્નો થકી લાંબા સમયકાળ પછી ફરીથી આ યાત્રા શરૂ કરવાનું શ્રેય બુટા મલિક ને ફાળે જાય છે. અમરનાથની પવિત્ર ગુ ફાના વિષય ની માહિતી બુટા મલિકે પડોશના ગામ ગણેશપુરાના એક કાશ્મીરી પંડિતને આપી. જે પહેલગામની નજીક ગણેશ બલ નામના સ્થળે રહેતા હતા. બુટા મલિક વ્યવસાય બકરવાલ હોવાથી ઘાસના મેદાનોમાં પોતાના બકરા ને ઘેંટા ચરાવવા અંતરિયાળ ઘાસના મેદાનોમાં જતા હતા, ત્યાં તેમને અમરનાથ બાબાની ગુફા અને ધૂણી લગાવેલા સાધુ જોવા મળ્યા. અહીં બુટા મલિકને ચમત્કારિક અનુભૂતિ પણ થઈ, જેથી તેમણે આ દેવી ચમત્કારોની વાત કાશ્મીરી પંડિતોને કાને નાખી. પંડિતો તો મૂળ કાશ્મીરની ભૂમિના અને ભારે શિવ ભક્ત. કવિ કલહણનું રાજતરંગિણી, ઋગ્વેદ અને અન્ય ધાર્મિક ગ્રંથોમાં શિવજીના અમરનાથ સ્વરૂપ સ્વયંભૂ જ્યોર્તિલિંગનું વર્ણન થયેલું છે. કાશ્મીરી પંડિતોનું ઝુંડ ,સાધુઓ અને બકરવાલ સમુદાય સૌ સાથે અમરનાથની યાત્રાએ નીકળી પડ્યા. આ પણ એક શિવનો સંકેત હશે ને !!!!

અમરનાથ યાત્રાનો પથ ખાસ્સો દુર્ગમ છે અને રસ્તામાં કોઈ વૃક્ષો ઝાડી, ઝાંખરા નજરે નહીં આવ્યા પણ તેમને ભૂત, પિશાચ અને ગણોની ભયાનક અવાજોથી તેઓ સહુ ભયભીત થઈ ગયા અને ફરી પાછા નિજ પંથે પાછા વળવા લાગ્યા ત્યારે અચાનક એમને એક સાધુનો ભેટ થયો. આ સાધુએ તેમને એક છડી આપી અને સાથે સાથે ચાલવાનું કહ્યું, જેવી છડી કાશ્મીરી પંડિતોના હાથમાં આવી એટલે તરત જ ભયાનક અવાજ આવતો હતો તે બંધ થઈ ગયો અને પછી તરત જ સાધુ પણ અદ્રશ્ય થઈ ગયા. ચારો તરફ દૂર દૂર સુધી ફક્ત બરફ જ બરફ અને બરફની વચ્ચે ગુફા અને કબૂતર ની જોડીના દર્શન કરીને કાશ્મીરી પંડિત સમુદાય ફરી પોતાના પરત થઈ ગયા અને પછી અમરનાથ ની યાત્રા શરૂ થઈ ગઈ. આ પવિત્ર છડી શ્રીનગરના દશનામી અખાડાના શિવ મંદિરમાં રાખવામાં આવે છે. દર વર્ષે યાત્રાની આગળ આગળ મહંતજી આ પવિત્ર. છડી હાથમાં લઈને યાત્રાની આગેવાની કરે છે. યાત્રાનો આરંભ થાય એટલે આ પવિત્ર છડી દરેક તીર્થસ્થાનો પર યાત્રાના દર્શન માટે મૂકવામાં આવે છે. દક્ષિણ કાશ્મીરના અતિ પવિત્ર માર્તંડ તીર્થ પર બે દિવસ માટે આ છડીને મૂકવામાં આવે છે. એવું જાણવા મળે છે કે, માર્તંડના પંડિત જ શ્રી અમરનાથના પુજારી છે. પ્રાચીન સમયે યાત્રીઓના નિવાસ અને આહાર ની વ્યવસ્થા માર્તંડ તીર્થના પુજારી જ કરતા હતા જેથી તેમને પુરોહિતની પદવી પણ અપાય હતી. શ્રી અમરનાથની યાત્રામાં જે ભાગ અર્પણ થતો હતો, તેનો ત્રીજો ભાગ માર્તંડ તીર્થનો અને અન્ય બે ભાગો સાધુઓ બકરવાલો અને ગણેશ બલના કાશ્મીરી પંડિતોને વહેંચવામાં આવતો હતો, પરંતુ થોડા સમય પહેલા જ સરકારના હસ્તક્ષેપ થી હવે બધું જ અર્પિત દાન શ્રી અમરનાથ ટ્રસ્ટને ફાળે જાય છે. શરૂઆતમાં બકરવાલ લોકો રસ્તાની દેખરેખ કરીને મરામત કરીને યાત્રીઓની યાત્રા વધુ સુલભ કરાવવા ખૂબ સહાય કરતા હતા અને ગણેશ બલના કશ્મીરી પંડિતો યાત્રા સામગ્રીની ખૂબ જ સુંદર સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થા કરતા હતા અને માર્તંડના કશ્મીરી પંડિત પથ દર્શક બનીને યાત્રિકોની સુવિધા અવશ્યકતાઓનું પૂરતું ધ્યાન આપીને આખી યાત્રામાં સાથે સાથે પ્રવાસ પણ કરતા હતા અને માર્ગદર્શન પણ આપતા હતા અને શિવની અખંડ સ્તુતિ પણ કરતા હતા. જેમાં ફક્ત ભક્તિભાવ અને શિવની આસ્થા જ હતી. મહારાજા પ્રતાપસિંહના શાસનકાળમાં પહેલગામ થી ગુફા સુધી નવો માર્ગ બનાવવામાં આવ્યો હતો. મહારાજાએ ગણેશ મનના પંડિતોને એક નજીકના સ્થળે વરસાવીને રાખ્યા. જેથી અમરનાથ બાબાની યાત્રા સારી રીતે થઈ શકે અને રાહીને, લોકોને માર્ગદર્શન મળી શકે. આ સ્થળનું નામ ગણેશપુરા રાખવામાં આવ્યું.

અમરનાથ યાત્રા ઘણી કઠિન છે. આ કઠિનાઇ લીધે કમજોર વ્યક્તિઓ અને બાળકોએ યાત્રા કરવી ઉચિત નથી. અમરનાથ યાત્રાના મુખ્ય બે માર્ગો છે. એક પહેલગામ થી તો બીજો બાલતલથી. અનંતનાગ અને મટ્ટન થઈને પહેલગામ જઈ શકાય છે. એના માટે શ્રીનગર સુધી જવાની આવશ્યકતા રહેતી નથી. પહેલગામ થી ગુફા ૪૮ કિલોમીટર દૂર છે ભલે એ લાંબો માર્ગ છે પણ વધુ સુવિધાજનક છે, જેથી મહત્તમ યાત્રીઓ પહેલગામના રસ્તેથી જ યાત્રા કરવો પસંદ કરે છે.

બીજો માર્ગ શ્રીનગર થી સોનમર્ગ થઈને બાલતલ પહોંચવું પડે છે. ત્યાંથી તો અમરનાથની ગુફા માત્ર 12 km જ દૂર છે .એમાં સમય ઘણો ઓછો લાગે છે ,પરંતુ ઘણી કષ્ટદાયક યાત્રા છે. બા લ તલથી યાત્રા એક જ દિવસમાં પૂર્ણ પણ થઈ જાય છે. અહીં ૬ કિલોમીટર સુધી યાત્રા કર્યા પછી બરડીમર્ગમાં તંબુમાં યાત્રીઓએ રોકાવું પડે છે. અમરનાથની યાત્રાના પડાવમાં પ્રથમ રોકાણ પહેલગામ આવે છે જે ૭૨૦૦ ફીટની ઊંચાઈ ઉપર લંબોદરી નદી ઉપર છે. વનોથી ઘેરાયેલું આ સ્થળ સંસારના સુંદરતમ સ્થળોમાં એક સ્થળ ગણાય છે. જે શ્રીનગરથી આશરે ૯૬ કિલોમીટર દૂર જેટલું છે.

ચંદનવાડી પહેલગામ થી ૧૬ કિલોમીટર દૂર કે જે અમરનાથ યાત્રાનો દ્વિતીય પડાવ છે. પ્રકૃતિની સુંદરતા બળીઓ આ પ્રદેશ છે. ચંદનવાડી તો સમુદ્રની સપાટી થી ૮૫૦૦ ફૂટની ઊંચાઈ ઉપર છે. અહીં ભોજન મળે છે. ચંદનવાડી પછીની યાત્રા ભારે દુષ્કર છે. જે લંબોદરી નદીના કિનારે કિનારે થતી રહે છે. અહીં બરફનો પુલ હોય છે અને બરફના પુલની નીચે લંબોદરી નદી વહેતી હોય છે. એનાથી આગળ અતિ ઉંચાઈ ઉપર એક ઘાટી આવે છે. પીસ્સુ ઘાટી સાથે એક દંત કથા જોડાયેલ છે .એવું પુરાણોમાં લખાયું છે કે, એકવાર ભોલેનાથના દર્શન માટે દેવો અને રાક્ષસો બંને સાથે સાથે પિસ્સુ ઘાટી ઉપર ચઢાણ કરી રહ્યા હતા ત્યારે બંનેનેમાંથી સૌ-થમ પહેલા પહોંચી જવું હતું અને માર્ગ ઘણો સાંકડો હતો. બંને વચ્ચે યુદ્ધ થયું. દેવતાઓએ ભોલે શંકરને યાદ કર્યા અને શિવની કૃપાથી દેવોએ રાક્ષસોને મારીને એમનું ચૂર્ણ બનાવીને ઘાટીમાં જ વિખેરી દીધેલ. અહીં અસ્થિઓનો રાફડો જામી ગયેલ. આ ઘાટી ઉપર યાત્રીઓ જ્યારે પ્રવાસ કરે છે ત્યારે સંસારનો તાપ, પાપ અને શોક દૂર થઈ જાય છે.

શેષનાગ ચંદનવાડીથી ૧૩ કિલોમીટર દૂર આ શેષનાગ અમરનાથ યાત્રાનો ત્રીજો પડાવ ગણાય છે. આ સ્થાનને વાવજન પણ કહેવાય છે. અહીં ખૂબ ઠંડી હવા વહે છે. અહીં સાત શિખરોની પર્વતમાળા છે અને 4.5 km નીચે તો શેષનાગનું સરોવર છે. જે બિલકુલ સ્વચ્છ અને પારદર્શક છે. જે યાત્રીઓને પ્રફુલિત કરી દે છે. અહીં યાત્રીઓ સ્નાન કરે છે. શેષનાગનું જળ મા ગંગા સમાન પવિત્ર મનાય છે. જેથી શેષનાગમાં થતા સ્નાન થકી મનુષ્યને પુણ્ય પ્રાપ્ત થાય છે. શેષનાગ ખાસ્સી નીચી ઊંચાઈએ સ્થિત છે. જેથી મહત્તમ યાત્રીઓ પર્વત ઉપરથી જ પવિત્ર શેષનાગ સરોવરને ભાવપૂર્વક વંદન કરી લે છે. શેષનાગનું સ્થાન સમુદ્ર તલની સપાટીએથી ૧૧૭૩૦ ફૂટની ઊંચાઈ ઉપર છે. અહીં શેષનાગમાં એક ડાક બંગલો પણ છે. અમરનાથ બાબાની યાતત્રામાં લાખો યાત્રિકો જોડાતા હોવાથી તંબુમાં રોકાવાની વ્યવસ્થા થાય છે. શેષનાગથી આગળ મહાગુણસ પર્વતની અતિ કઠિન યાત્રા શરૂ થાય છે. આ પર્વત ૧૪૮૦૦ ફૂટની ઊંચાઈ ઉપર છે. તેની આજુબાજુ બરફ જ જોવા મળે છે. અહીં કોઈ વૃક્ષ કે તૃણ જોવા મળતા નથી. અહીં બરફની નદી અને બરફના ઝરણા જોવા મળે છે. મહાગુણશ શિખર પર પહોંચ્યા પછી અલગ જ આનંદની પ્રાપ્તિ થાય છે ,પછી ધીમે ધીમે ઢાળ શરૂ થાય છે અને મેદાન આવે છે. જેનું નામ પોશપથરી છે. અહીં કુણું કુણું ઘાસ અને ઝીણા ઝીણા સફેદ ફૂલોથી લદાયેલ મેદાન છે. આ ફૂલોની માદક સુગંધથી યાત્રીઓને સુખદ નિંદ્રા પ્રાપ્ત થાય છે. જેથી યાત્રીઓ આરામ કરીને યાત્રાનો થાક ઉતારે છે.

### પંચતરણી

શેષનાગથી ૧૩ કિલોમીટર આગળ ભૈરવ પર્વતના પાલવમાં ખૂબ જ સુંદર સ્થળ આવે છે. જેનું નામ પંચતરણી જે સમુદ્ર તલથી ૧૨૦૦૦ જેટલું ઊંચું છે. આ આખું સ્થાન અતિશય બરફથી ઢંકાયેલું છે. અહીં તો થીજેલા બરફની હવા પણ ખૂબ જ તેજ ગતિમાં વહે છે. અહીં ઓક્સિજનની સખત અછત પણ અનુભવાય છે. યાત્રિકોને થોડીક શારીરિક તકલીફ પણ થાય છે. ચોકલેટ, લીંબુ, કપૂરની ગોળી




અહીં મદદમાં લઈ શકાય છે. ભૈરવ પર્વતથી દૂર પર્વતોનું શિખર દેખાય છે, પરંતુ જેવા નજીક ભૈરવ પર્વતની નજીક જઈએ ત્યારે એ શિખર ત્રિશૂળમાં પરિવર્તિત થાય છે. પ્રાચીન સમયે શ્રી અમરનાથજીના દર્શન કર્યા પછી ભાવિક યાત્રિકો ભૈરવના દર્શને અવશ્ય જતા , પરંતુ ઘણા ભોળા શ્રદ્ધા સભર શિવભક્તો શિવનું સ્વયંભૂ જ્યોર્તિલિંગ જોતા જ મોક્ષ પ્રાપ્ત કરવા માટે ભૈરવ પર્વત પરથી જ કૂદકો લગાવીને શિવના પ્રાં ગણમાં જ દેહ ત્યાગ કરી લેતા. જેથી સરકારે ભૈરવ પર્વતનો માર્ગ જ બંધ કરી દીધો છે.

પંચતરણીથી છ કિલોમીટર દૂર અમરનાથની ગુફા છે, ત્યાં યાત્રીઓ માટે રોકાવાની કોઈ વ્યવસ્થા કે જગ્યા નથી. જેથી યાત્રીઓએ પંચતરણીમાં જ રાત્રિ વિશ્રામ કરવો પડે છે. વહેલી સવારે યાત્રીઓ પોતાના સામાન સાથે અમરનાથની પવિત્ર ગુફાના દર્શને રવાના થાય છે અને ફક્ત ત્રણ જ કિલોમીટરના ચઢાણ પછી તરત જ રસ્તા પરથી જ પવિત્ર ગુફાના દર્શન શરૂ થઈ જાય છે અને હર હર ભોલેનાથ શિવ ઘોષ શરૂ થઈ જાય છે .અહીં વાતાવરણ ખૂબ ભક્તિપૂર્વક થઈ જાય છે. શિવની સ્તુતિ અને શિવ ના ભજનો ગવાતા રહે છે. અહીં અમરાવતી નદીમાં પહેલા અવશ્ય સ્નાન યાત્રિકો કરે છે અને પછી જ યાત્રીઓ શિવલિંગના દર્શને જાય છે. શિવના દર્શન ખૂબ જ શીઘ્રતાથી કરવા પડે છે. કારણ કે યાત્રીઓનો ઘસારો અમરનાથની યાત્રામાં ખૂબ જ પુષ્કળ માત્રામાં રહે છે. યાત્રા પૂરી કર્યા પછી ભક્તો પંચતરણી જાય છે અને પછી ફક્ત બે જ દિવસમાં યાત્રીઓ અમરનાથ યાત્રાના પહેલા પડાવ પહેલગામ પહોંચી જાય છે. કેમ કે પછી તો ઉતરવાની જ યાત્રા હોય છે. અમરનાથ યાત્રામાં હિન્દુ મુસ્લિમની કોમી એકતા જોવા મળે છે. કારણ કે અહીં ઉપયોગમાં લેવાતા ઘોડા અને મદદ કરનારના સ્થાનિક માણસો મુખ્યત્વે મુસ્લિમ જ હોય છે. ખૂબ જ મદદગાર સ્થાનિક લોકોના સહયોગથી અમરનાથ યાત્રા કઠિન હોવા છતાં પણ સરળ બને છે. અહીં અમરનાથ યાત્રા જ્યોર્તિલિંગનું વધવું, ઘટવું એ ભોલેનાથ ની કૃપા, ક્રોધ અને શાંત સ્વભાવ દર્શાવે છે. આ પ્રાકૃતિક બરફનું શિવલિંગ મહાદેવનું રુદ્ર અને આશુતોષ સ્વરૂપ છે. શિવની કૃપા વિના અમરનાથ યાત્રા શરૂ થતી નથી અને કોઈને એનો લાભ પણ મળતો નથી.

# ગુજરાતના સૌથી મોટા ‘તરણેતરના મેળા’નો પ્રારંભ

**તરણેતરના મેળામાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ ઓલિમ્પિક અને પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન**

**ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરે છે તરણેતરનો મેળો, શ્રેષ્ઠ ઓલાદના પશુઓનો મેળો અહીં આકર્ષણનું કેન્દ્ર છે**



મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે આપણી પરંપરાઓ, ખાણીપીણી, રહેણીકરણી અને વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં યોજાતો તરણેતરનો મેળો ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને પરંપરાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**જાણો તરણેતરના મેળાનો ઈતિહાસ**

લોકવાયકા મુજબ, દ્રૌપદી સ્વયંવર સમયે તરણેતર સ્થિત ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં અર્જુને જલકુંડમાં માત્ર માછલીનું પ્રતિબિંબ જોઈને મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદી સાથે વિવાહ કર્યા હતા. તેથી આ ભૂમિને પાંચાળ ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. આ જલકુંડમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્વ પણ છે. એક માન્યતા અનુસાર, ભાદ્રપદ શુક્લ પક્ષની પંચમીએ અહીં ગંગા મૈયાનું અવતરણ થાય છે. પૌરાણિક કથા અનુસાર અહીં પ્રાચીનકાળથી તરણેતર મેળાનું આયોજન કરવામાં આવે છે.

**રંગબેરંગી, ભાતીગળ સંસ્કૃતિનો અદ્ભુત નજારો**

સૌરાષ્ટ્રની વિવિધ જ્ઞાતિઓ જેમ કે, ભરવાડ, આહિર, રબારી અને કાઠી ઉપરાંત સ્થાનિક લોકો તેમના પરંપરાગત પોશાકમાં તરણેતરના મેળામાં ભાગ લે છે. રંગબેરંગી ભરત ભરેલા ભાતીગળ પોશાક પહેરેલા યુવાનો ભાતભાતની ભરત ભરેલી છત્રીઓ લઈને મેળામાં ફરતા જોવા મળે છે. તો છોકરીઓ રંગબેરંગી ઘેરવાળી ચણિયાચોળીમાં જોવા મળે છે. ગરબા અને દાંડિયા રમતી યુવતીઓને જોઈને લોકો મંત્રમુગ્ધ થઈ જાય છે. આ મેળામાં યુવકોને આકર્ષક છત્રી નૃત્ય કરતા જોવા એ પણ અનેરો લ્હાવો છે.

**શ્રેષ્ઠ ઓલાદોના પશુઓનો મેળો પણ આકર્ષણનું કેન્દ્ર**

ગુજરાત સરકારના પશુપાલન વિભાગના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત દ્વારા તરણેતરમાં પશુ પ્રદર્શન અને હરીફાઈનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગીર અને કાંકરેજ વર્ગની ગાય, જાફરાબાદી અને બન્ની જાતિની ભેંસ વગેરેનું પ્રદર્શન કરવામાં આવે છે અને સારી ઓલાદના પશુ માટે સ્પર્ધા યોજવામાં આવે છે. વિજેતા પશુને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પશુમેળાના આયોજનનો ઉદ્દેશ સારી ઓલાદના પશુઓના પાલનને પ્રોત્સાહન આપવાનો છે.

**ગ્રામીણ ઓલિમ્પિક્સ અને પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ખેલ પ્રતિભાઓને ઓળખીને તેને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ કાર્યરત છે અને આ માટે વિવિધ કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે. આમાં તરણેતરના મેળામાં યોજાતા ગ્રામીણ ઓલિમ્પિકનું પણ મહત્વ છે. તેના અંતર્ગત મેળામાં વિવિધ વયજૂથના શાળાના બાળકો માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૮૦૦ મીટર દોડ, લાંબી કૂદ, દોરડા કૂદ અને લંગડી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. દોડ ઉપરાંત, યુવાનો માટે ગોળા ફેંક, લાંબી કૂદ, 4x100 મીટર રિલે દોડ, નાળિયેર ફેંક, કુસ્તી, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ, સ્ટ્રોંગેસ્ટ મૅન, સાતોડી (નારગોલ) અને ખાંડના લાડવા ખાવાની હરીફાઈનું આયોજન કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

તરણેતરના મેળામાં પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, લોક કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા માટે ૨૪ વિવિધ પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. જેમાં વેશભૂષા, છત્રીની સજાવટ, પરંપરાગત ભરતકામ, લોકગીત, લોકવાર્તા, ભજન, દુહા-છંદ, ડાક-ડમરુ ગાયન, વાંસળી, ભવાઈ, શહેરી અને ગ્રામીણ રાસ, હુડો રાસ, લોકનૃત્ય, શહેનાઈ અને સોલો ડાન્સ જેવી શ્રેણીઓનો સમાવેશ થાય છે.

# જગતમાં સૌથી વધુ રેકોર્ડેડ આર્ટીસ્ટ આશા ભોસલે



## સપ્ટેમ્બરના સિતારા

- નરેશ કાપડીઆ

સૌથી વધુ અને વૈવિધ્યપૂર્ણ ગાનારા ગાયિકા આશા ભોંસલેનો જન્મ૮ સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ થયો હતો.૧૯૪૩થી છ દાયકાઓ સુધી કમાલની ગાયકી માણનારાઆશાજીએ એક હજારથી વધુ ફિલ્મોમાં ગાયું છે, તે ઉપરાંત અનેક પ્રાઈવેટ આલ્બમ્સ, દેશ-વિદેશમાં સોલો કોન્સર્ટમાં ગાયું છે. આશાજીએ ફિલ્મી ગીતો ઉપરાંત પોપ, ગઝલ, ભજન, લોકગીતો, શાસ્ત્રીય ગાયન, કવ્વાલી કે રવીન્દ્ર સંગીત પણ ગાયું છે. હિન્દી ઉપરાંત વીસેક ભાષાઓમાં પણ ગાયું છે. ૨૦૦૬માં આશાજીએ કહ્યું હતું કે તેમણે ૧૨ હજારથી વધુ ગીતો ગાયા છે. ત્યારબાદ અનેક સાધનો દ્વારા આ માહિતીને પુષ્ટિ મળી હતી.૨૦૧૧માં સંગીત જગતના ઈતિહાસમાં સૌથી વધુ રેકોર્ડેડ આર્ટીસ્ટ રૂપે તેમનું નામ ગુનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ચમકે છે. ભારત સરકારે તેમને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી ૨૦૦૦ ના વર્ષમાં નવાજ્યા હતાં, તો ૨૦૦૮માં તેમને પદ્મવિભૂષણ એનાયત થયું હતું. ૨૦૧૩માં આશાજીએ‘માઈ’ ફિલ્મમાં અભિનય કર્યો હતો અને તેમના અભિનયની સરાહના પણ જ કરાઈ હતી.

મહારાષ્ટ્રના ત્યારના રજવાડા સાંગલીમાં રંગભૂમિના અભિનેતા અને શાસ્ત્રીય ગાયક દીનાનાથ મંગેશકરના સંગીતમય ગોમાંતક મરાઠા પરિવારમાં જન્મેલા આશાજી સ્વરકિન્નરી લતા મંગેશકરના નાના બેન છે. પરિવાર માટે લતા-આશાએ ફિલ્મોમાં ગાઈને અભિનય કરવો પડ્યો હતો. દસ વર્ષની વયે મરાઠી ફિલ્મ ‘માન્ઝે બાળ’ માં ‘ચલા ચલા નવ બાલા’ ગીત આશાજીએ ૧૯૪૩માં ગાયું હતું. હિન્દી ફિલ્મ ‘ચુનરિયા’માં પહેલીવાર ‘સાવન આયા’ ગીતમાં ૧૯૪૮માં કંઠ આપ્યો હતો. તેમનું પહેલું સોલો ફિલ્મી ગીત ‘રાત કી રાની’ ૧૯૪૯માં આવ્યું હતું. પરિવારની ઈચ્છા વિરુદ્ધ ૧૬ વર્ષની વયે ૩૧ વર્ષના ગણપતરાવ ભોસલે સાથે તેઓ પરણ્યા હતાં.

પચાસના દાયકામાં જ આશા અન્ય ગાયિકાઓ કરતાં વધુ ગીતો ગાતાં થઈ ગયાં હતાં. જોકે એમાંના ઘણાં ગીતો ઓછા બજેટવાળી ફિલ્મોના રહેતાં. એ.આર. કુરેશી, સજ્જાદ હુસૈન કે ગુલામ મોહમ્મદ જેવા સંગીતકારો તેમની પાસે ગીતો ગવડાવતાં, જે મોટે ભાગે નિષ્ફળ રહેતાં. સજ્જાદ હુસૈનની‘સંગદિલ’ (૧૯૫૨)માં આશાને થોડી ઓળખ મળી હતી. નિર્દેશક બિમલ રોયે આશા પાસે‘પરિણીતા’ (૧૯૫૩)માં ગવડાવ્યું હતું. રાજ કપૂરે ‘બૂટ પોલીશ’માં મોહમ્મદ રફી સાથે આશાને ‘નન્હે મુંને બચ્ચે’ ગવડાવ્યું અને તેમને સફળતા મળી.સાંઠના દાયકાના આરંભમાં ટોચની ગાયિકાઓ રૂપે ગીતા દત્ત, શમશાદ બેગમ અને લતા મંગેશકર મોટી ફિલ્મોમાં ગાયિકા રૂપે રાજ કરતાં હતાં. તેઓ જે ગીતો ગાવાની ના પાડતાં તે આશાજીને ફાળે આવતાં. ખરાબ સ્ત્રીઓ અને મહિલા ખલનાયિકા પરના ગીતો તેમને મળતા અથવા તેમણે બીજા દરજ્જાની ફિલ્મોમાં ગાવું પડતું.

જોકે,સંગીતકાર ઓ.પી.નૈયરે આશાજીના કંઠનો અદભુત ઉપયોગ કર્યો. નૈયરે લતાજી પાસે ન ગવડાવતા આશાજી પાસે ખુબ ગવડાવ્યું હતું. નૈય્યરે આશાજીને‘સી.આઈ.ડી.’ (૧૯૫૬)માં પહેલો બ્રેક આપ્યો હતો. બી. આર. ચોપ્રાની‘નયા દૌર’ (૧૯૫૭)માં આશાજીને પહેલી સફળતા મળી હતી. સાહિર લુધિયાનવીએ લખેલાં મોહમ્મદ રફી સાથે આશા ભોસલેએ ગાયેલાં ‘માંગ કે સાથ તુમ્હારા’, ‘સાથી હાથ બઢાના’ અને‘ઉડે જબ જબ જુલ્ફે તેરી’ને જબ્બર સફળતા મળી હતી. પહેલી જ વાર એવું બનતું હતું કે આશા ફિલ્મની નાયિકા માટે તમામ ગીતો ગાતાં હતાં. બી. આર. ચોપ્રાએ તેમની પાસે ત્યાર બાદની ફિલ્મો ‘ગુમરાહ’, ‘વક્ત’, ‘હમરાઝ’, ‘આદમી ઔર ઈન્સાન’ કે‘ધુંદ’ (૧૯૭૩) સુધી ગવડાવ્યું. સંગીતકારનૈય્યર તો પછીની ફિલ્મોમાં આશાજીનેજ લેતાં રહ્યાં. ધીમે ધીમે આશાનું સ્ટેટસ બન્યું અને સચિનદેવ બર્મન તથા રવિ જેવા સંગીતકારો આશાજી પાસે ગવડાવતાં થયાં. આશા ભોસલે અને નૈય્યર વચ્ચે વ્યવસાયિક અને વ્યક્તિગત સંબધો પણ સિત્તેરના દાયકામાં વિકસ્યાં હતાં.તેમના ‘સીઆઈડી’, ‘નયા દૌર’, ‘મેરે સનમ’, ‘કિસ્મત’, ‘તુમસા નહીં દેખા’, કે‘કાશ્મીર કી કલી’ના ગીતો યાદગાર છે. નૈય્યર સાહેબે આશાજીને પોતાના જીવનની સૌથી મહત્વની વ્યક્તિ રૂપે વર્ણવ્યા હતાં. ખૈયામ સાહેબના સંગીતમાં ‘ફિર સુબહા હોગી’ કે ‘ઉમરાવજાન’ યાદગાર છે, તો જયદેવના સંગીતમાં ‘હમ દોનો’ કે ‘મુઝે જીને દો’ કે રવિના સંગીતમાં ‘ઘરાના’, ‘ગૃહસ્થી’, ‘કાજલ’ કે ‘ફૂલ ઔર પથ્થર’ના ભજનો બહુ સુંદર છે. તે ઉપરાંત ‘વક્ત’, ‘ચૌદહવી કા ચાંદ’, ‘ગુમરાહ’, ‘બહુ બેટી’, ‘ચાઈના ટાઉન’ કે ‘હમરાઝ’ના ગીતો પણ યાદગાર હતાં. સચિનદેવ બર્મને તેમના પ્રિય ગાયિકા લતાજી સાથેની ૧૯૫૭-૬૨ની અનબન દરમિયાન ‘કાલા પાની’, ‘કાલા બઝાર’, ‘લાજવંતી’, ‘સુજાતા’ કે ‘તીન દેવિયાં’માં આશાજીના કંઠનો કમાલનો ઉપયોગ કર્યો હતો. તે ઉપરાંત ‘બંદિની’ કે ‘જ્વેલ થીફ’ પણ ન ભૂલી શકાય. તે જ રીતે લતાની સાથેની અનબન દરમિયાન શંકર જયકિશન સાથે પણ આશાજીએ કમાલ કરી હતી.

આશાજી જયારે બે બાળકોના માતા હતાં ત્યારે દસમાં ધોરણથી ભણવાનું છોડીને સંગીત ક્ષેત્રે આગળ વધવા માંગતા રાહુલદેવ બર્મન (પંચમ) તેમને મળ્યાં હતા. પંચમના સંગીતમાં પહેલી વાર આશાજીએ ‘તીસરી મંઝીલ’માં ગાયું હતું. કહે છે કે ‘તીસરીમંઝીલ’ના ‘આજા આજા મૈ હું પ્યાર તેરા’ ગીત ગાવાની આશાજીએ પહેલાં તો એટલા માટે ના પાડી હતી કે આવું પા?ત્ય ગીત તેઓ ગાઈ ન શકે. રાહુલદેવે તેની ધૂન બદલવાની તૈયારી બતાવી હતી પણ આશાજીએતે ન સ્વીકારતાં પડકાર ઝીલવાનું પસંદ કર્યું હતું. દસ દિવસના રીયાઝ બાદ ‘આજા આજા’ રેકોર્ડ થયું હતું. રફી સાહેબ સાથેના આ તેમજ‘ઓ હસીના જુલ્ફોવાલી’ અને‘ઓ મેરે સોના રે’ ત્રણે યુગલ ગીતો આજે પણ ગવાય છે. એકવાર શમ્મી કપૂરે તો ત્યાં સુધી કહ્યું હતું કે ‘જો મને મારા ગીતો ગાવા માટે મોહમ્મદ રફી ન મળ્યા હોત તો મેં તે કામ આશા ભોસલે પાસે કરાવ્યું હોત.’ ત્યાર બાદ રાહુલદેવ બર્મન અને આશા ભોસલેની આ જોડીએ અસંખ્ય કેબ્રે, રોક, ડિસ્કો, ગઝલ અને શાસ્ત્રીય રચનાઓ આપી. અભિનેત્રી-નર્તકી હેલેન પર ‘ઓ હસીના જુલ્ફોવાલી’ ચિત્રિત થયું હતું. કહે છે કે હેલેન તેમના આશાજીએ ગાયેલાં ગીતોના રેકોર્ડીંગમાં પણ હાજર રહેતાં, જેથીતેઓ ગીતને વધુ સારી રીતે સમજી શકે અને પોતાના નર્તનમાં જાન રેડી શકે. રાહુલદેવ-આશા-હેલેનનીટોળકીએ ત્યાર બાદ ‘કારવા’નો વિખ્યાત કેબ્રે ‘પિયા તું અબ તો આજા’ અને‘ડોન’ની‘યે મેરા દિલ’ જેવી ભભકતી રચનાઓ આપીને યાદગાર સંગીત રચ્યું છે. તેજ રીતે રાહુલદેવ અને આશાજીના‘દમ મારો દમ’, ‘ચુરા લિયા હૈ તુમને’,‘દુનિયા મેં’, ‘જાને જાં’, ‘ભલી ભલી સી એક સૂરત’ કદી ન ભૂલી શકાય. આશા-કિશોરના પંચમ સર્જિત યુગલ ગીતોનો ભવ્ય ભૂતકાળ છે. પંચમના ‘ઈજાઝત’ના ‘મેરા કુછ સામાન’ને ગાવા બદલ આશાજીને નેશનલ એવોર્ડ મળ્યો હતો. ૧૯૮૦માં તેઓ પરણ્યા અને એ સંબંધ પંચમદાના જીવનના અંત સુધી રહ્યો.

એક સમયે ‘કેબ્રે ગાયિકા’ અને‘પોપ કૃનર’ તરીકે ઓળખાયેલાં આશા ભોસલેએ ૧૯૮૧માં રેખાના અભિનયવાળી‘ઉમરાવ જાન’માં ગઝલો ગાઈ. ખૈયામના સંગીતમાં આશા ભોંસલેએ ગયેલી મહાન રચનાઓ ‘દિલ ચીઝ ક્યા હૈ’, ‘ઈન આંખો કી મસ્તી કે’, ‘યે ક્યા જગહ હૈ દોસ્તો’ કે‘જુસ્તજુ જિસકી થી’ ભારતીય સિને સંગીતનો વારસો બની રહી છે.ખૈયામે આ ગીતો માટે આશાની ગાયકીની પીચ અડધો સુર નીચી કરી હતી અને ખુદ આશાજીને અલગ રીતે ગાવાનો એહસાસ થતાં તેમણે આ?ર્ય વ્યક્ત કર્યું હતું. ‘ઉમરાવ જાન’ની રચનાઓ ગાવા માટે આશાજીને નેશનલ એવોર્ડ મળ્યો હતો. તેના થોડા વર્ષો બાદ રાહુલદેવના સંગીતમાં ‘ઈજાજત’ (૧૯૮૭)ના ‘મેરા કુછ સામાન’ માટે આશાજીને બીજો નેશનલ એવોર્ડ મળ્યો હતો.

આશાજીએ ત્યાર બાદની પેઢીના ઈલિયા રાજા કે એ.આર. રેહમાન સાથે પણ ગઝબનું ગાયું છે. ૨૦૧૨માં આશાજી ટીવી પરના રીયાલીટી શો‘સુર ક્ષેત્ર’ના નીર્ણાયિકારૂપે દેખાતાં હતાં.

**આશા ભોસલેના યાદગાર ગીતો :** નઝર લાગી રાજા (કાલા પાની), જાઈયે આપ કહાં જાયેંગે (મેરે સનમ), ઉડે જબ જબ જુલ્ફે તેરી (નયા દૌર), ઓ હસીના જુલ્ફોવાલી (તીસરી મંઝીલ), પાન ખાયે સૈયા હમાર (તીસરી કસમ), પિયા તું અબ તો આજા (કારવાં), પરદે મેં રહને દો (શિકાર), પિયા બાવરી (ખુબસુરત), ઈન આંખો કી મસ્તી કે (ઉમરાવજાન), ચુરા લિયા હૈ તુમને જો દિલ કો (યાદોં કી બારાત), રાત બાકી (નમક હલાલ), યે મેરા દિલ પ્યાર કા દીવાના (ડોન), મેરા કુછ સામાન (ઈજાઝત).

નરેશકાપડીઆના‘સપ્ટેમ્બરનાસિતારા’ પુસ્તકમાંથી

# રિધ્ધિ સિધ્ધિના સ્વામી ગણપતિ ગજાનન



ગણપતિ ગજાનંદ વિઘ્નહર્તા શ્રી ગણેશ જેનું આગમન ખૂબ ઉર્જાભેર થઈ રહ્યું છે. અને તેની પૂજા અર્ચના ખૂબ જ શ્રદ્ધા વિશ્વાસ અને પ્રેમપૂર્વક ભારતના લોકો કરી રહ્યા છે. ગણપતિનું આગમન એની પૂજા દરેક વ્યક્તિ એવી રીતે કરે છે કે દસ દિવસ સુધી તેઓ તેની ભક્તિ અને ભજન કીર્તનમાં લીન હોય છે. અને આનંદ ઉલ્લાસ, ઢોલ નગારા સાથે એનું આગમન કરવામાં આવે છે. પોતાના ઘરમાં ભાદરવા સુદ ચોથના દીવસે ગણેશજીની પધરામણી કરવામાં આવે છે. પ્રભુનુ સ્થાન એટલું સુંદર રીતે શુશોભિત કરીને મંત્રોચ્ચારથી તેમની સ્થાપના થાય છે. દસ દિવસ સુધી લોકો તેની સવાર સાંજ આરતી, પૂજા, નીત નવા નવા મિષ્ઠનોથી ભોગ લગાડી, ભક્તિમાં લીન થઈ તેની આરાધના કરતા હોય છે. આજે ભારતમા ગણેશ ઉત્સવ ઘર ઘર શ્રધ્ધા અને ભક્તિથી પારંપરિક રીતે થાય છે. અનંતચૌદસના દિવસે જ્યારે ગણપતિ વિસર્જન કરવામાં આવે છે ત્યારે એક ભાવ એ આત્માને સંતોષ અને આંખોમાં આંસુ પણ હોય છે. કે દસ દિવસ સુધી ભાવભર્યું જેમનું આગમન જેમની ભક્તિમાં ડૂબી પ્રભુમય સતસંગ રહીયો. એમનું વિસર્જન કરવામાં એક વિદાય નુ દુઃખ હોય છે.પણ આવતા વર્ષે ફરી પાછા દાદા આવશે તેનો વિશ્વાસ રાખી વિસર્જન કરવામાં આવે છે. આવતા વરષે પાછી એમની પધરામણી થાય. ભક્તિ અર્ચના થાય. આને પણ એક ધાર્મિક કાર્ય પૂરતુ ન સમજવુ. તેની પાછળ પણ ખૂબ જ મોટુ મહત્વનું કારણ છે. જેને સમજવાની ખૂબ જ જરૂર છે ગણપતિ ગજાનન,શું સમજો છો તમે? શિવ પાર્વતીના પુત્ર, કાર્તિકેના ભાઈ. રિદ્ધિ સિદ્ધિના સ્વામી.જે કાર્ય કોઈના થી શક્ય નથી તે ગણેશ દુંદાળા વિઘ્નહર્તા પલભરમાં કરી શકે છે. મહર્ષિ વેદ વ્યાસજીએ ગણપતિને મહાભારત લખવાની -ાર્થના કરી.ગણેશજી એ એમને કલમ અટકવી ન જોઈએ અને અટકે તો લખાણ અટકાવી દેવામાં આવશે એવી શર્ત મૂકી , વેદવ્યાસજીએ એમને કહિયું કે તમે ખૂબ વિદ્યાવાન છો જો સ્લોકમાં ભૂલ આવે તો તમારે સુધારી લેવી.

**પ્રાસંગિક**

ત્યારે ગણેશજી દરેક સ્લોક સમજીને ભાદરવા સુદ ચોથના દીવસે થી લખવાની શરુઆત કરે છે.અને અનંત ચતુર્દશીને દિવસે લખાણ પૂરું થાય છે. દસ દિવસ સુધી એકજ જગ્યાએ બેસી સતત લખવાથી તેમના શરીર પર ધૂળ લાગે છે.અને શરીર સ્થૂળ થઈ જાય છે તેથી સરસ્વતી નદીમાં ડૂબકી લગાવી શરીરને સુધ્ધ કરે છે. આમ તેમના દસ દિવસના પરિશ્રમ અને એમની બુદ્ધિમતા માટે પૃથ્વીલોક માં આ દસ દિવસ તેમની સ્થાપના કરવામાં આવે છે. સાર્વજનિક રીતે ગણેશજીની સ્થાપના થઈ તેનું વિસર્જન ખૂબ વિશાળ રેલીઓ માં ખુબજ ધૂમ ધમથી થાય છે પહેલા પ્લાસ્ટર ઓફ પેરિસના ગણપતિની મૂર્તિઓ બનાવવામાં આવતી હતી જેને લીધે પાણીની અંદર અશુદ્ધિ થવા માંડી હતી. ત્યાર પછી લોકો માટીની મૂર્તિની સ્થાપનાઓ તરફ વળ્યા. હાલતો એવું થઈ ગયું છે કે દરેક બીજા ઘરે ગણપતિની સ્થાપના થાય છે. જે લોકોનો પોતાના ધર્મ અને ઈશ્વરમાં આસ્થાનો ખૂબ મોટો વધારો છે. બાળકોમાં ગણપતિ અને સનાતન ધર્મ ની જાગૃતિ ખુબ જ સારી રીતે વધવા માંડી છે અને એનું બીજું મોટું કારણ એ થવા માંડ્યું છે કે ગણેશ વિસર્જન માટે હવે લોકોમાં ધર્મની સાથે પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી સાથે પોતપોતાના ઘરે એક કૃત્રિમ તળાવ બનાવીને ડોલમાં કે ટબની અંદર જ ગણપતિજીનું વિસર્જન કરવા માંડ્યા છે. અને એટલું જ નહીં વિસર્જન કર્યા પછી જે માટી મળે છે તેમાં પણ છોડવાઓ રોપીને તેનો પણ એક અનેરો લાવો લોકો લેવા માંગ્યા છે. આ એક ખૂબ જ મોટી જાગૃતિ છે કે ધર્મ અને પ્રકૃતિ બંનેની જાળવણી આપણે કરી રહ્યા છે. અને આને લીધે આવનાર પેઢી સરસ રીતે ધર્મ પ્રત્યે જાગ્રત થવા માંડી છે .પોતાના ધર્મને ઓળખવા માંડી છે. અને વિઘ્નહર્તા જેમાં મહત્વના છે.લોકોનો વિશ્વાસ અને શ્રદ્ધા તેમાં જોડાયેલી છે.ગણેશજીનું વિરાટ સ્વરૂપ સમજવા માટે ખૂબ જ એના ઊંડાણમાં ઉતરવું જરૂરી છે. મનુષ્યનું શરીર, હાથીનું માથું અને ઉંદરની સવારી. ગણપતિની સુંઢ જે સીધી નથી અંદર તરફ વળેલી છે, એક જ દાંત છે. એક દાંત તૂટ્યો છે અને હાથમાં પકડ્યો છે. અને આઠ જ વિનાયક છે. તો તે આપણી ચેતનાને સમજવાની એક શિક્ષા આપે છે. આઠ સિદ્ધિઓના દેવતા છે ગણપતિ. અણીમાં, મહિમા, લધિમાં, ગરિમા, આપ્તી, પ્રાકામ્ય, ઈશિત્વ વશિત્વ.આમ આઠ સિદ્ધિઓના દેવતા ગણપતિ છે. તેથી જ અષ્ટવિનાયક છે.

ગણપતિની સુંઢ તેમની નીચેની તરફથી વળેલી છે. એ એમની એ અવસ્થાનું પ્રતીક છે જ્યારે તમે ડાઉનવર્ડથી અપવર્ડની ઉપર તરફ જઈ રહ્યા હોય, એટલે તમે તમારી અંતરિક્ શક્તિઓ સુધી પહોંચવાનો પ્રયત્ન કરો. ઉંદરની સવારી શા માટે? તો ઉંદર જમીનની અંદર નીચે પોતાનું દર બનાવે છે એટલે કે તમારી પોતાની ચેતનાની અંદર જઈને તમારે બેસવું પડશે ત્યારે તમને આ બધી શક્તિઓ ક્રમશઃ પ્રાપ્ત થશે. અને જ્યારે તમે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, અનહદ અને વિશુદ્ધ ચક્ર એટલે કે સાત ચક્રમના ચોથા ચક્ર સુધી પહોંચશો ત્યારે તમારી યાત્રા માટે સંસાર અને ઈશ્વર બંને એક સાથે સંબંધથી નથી ચાલી શકાતા. એક સાથે સંબંધ તમારે તોડી આગળ વધવું પડશે એટલે એક દાંત તૂટેલો છે. તમને બ્રહ્મ સુધી પહોચવાની ચેતના માટે ગજાનનને સમજવા જરૂરી છે. ગણપતિ ગજાનંદનો મહિમા અનેરો છે.

**-જયોતિ ઉત્પલ પંડ્યા, અતુલ**

# નાનિયો આઇસફ્રૂટવાળો

**વીણેલાં ફૂલ**

'ટન.......ટન.....ટન....ટન' નિશાળનો ઘંટ ધણધણ્યો. સાથે નિશાળની ઈમારત પણ, બાળગોપાળો દોડ્યા, કોઇ ડબ્બો બંધ કરતાં, કોઇ ચંપલ પગમાં સેરવતાં, કોઇ દડો ઉછાળતાં, કોઇ લંગડી કરતાં.

કોઇ હીંચકે હીંચકવા માંડયું, કોઇ લસરણીએ લસરવા માંડયું, કોઇએ હુતુતુતુની રમત માંડી. કોઇએ ગિલ્લીદંડા લીધા. કોઇ ક્રિકેટ રમવા માંડયું. કોઇ નાસ્તાનો ડબ્બો ઉઘાડી ખાતું હતું. બપોરની છુટ્ટીબધાં માણી રહ્યા હતાં. આનંખની છોળો ઊડતી હતી.

એ છોળો વચ્ચેય કોરોકટ નાનિયો નિશાળના મેદાનમાં આઇસફ્રૂટ વેચતો બેઠો હતો. ફાટેલી ચડ્ડી અને કાકાના જૂના લબડતા પહેરણમાં એક ફક્કડ લાગતો'તો વધી ગયેલ વાળ આંખો પરથી હઠાવતા બોલતો.....'મીઠું મીંઠું આઇસફ્રુટ..... પાવલીનું આઇસફ્રુટ...... બાબા માટે...... બેબી માટે.....'

નાનિયો હશે દસ-બાર વરસનો. માબાપ વિનાનો. કાકા-કાકીને ત્યાં ઊછરતો. કાકીને બે ટંકના રોટલા સાટે એક સરસ નોકર મળી ગયેલો. ઢોરોને ચરાવતો. ગભાણ સાફ કરતો, છાણાં થાપતો. બારના સુમારે કારખાનેથી આઇસફ્રૂટ લઇ બે વાગ્યાની છુટ્ટી સુધીમાં સયાજી વિદ્યાલય પહોંચી જતો. કાકી ધમકાવતા કહેતા : જોજે, ચાર વાગે આવી જજે ! નહીં ચામડાં ઊતરડી નાખીશ. અને પૈસામાં કાંઇ ગરબડ કરી તો હાથે ડામ જ દઇશ........

સાંજે મીઠાં-મરચાંની ચટણી સાથે રોટલો મળતો. દિવસભરની હડિયાપાટુ બાદ એય ભારે મીઠો લાગતો. ત્યાર પછી આંગણાની સફાઇ, પાણી ભરવાનું, ફાનસ સાફ કરવાનાં, વાસણ માંજવાનાં...... પથારીમાં પડતા વેંત આંખ મળી જતી, તે સવારના પહોરમાં કાકીની હાંકથી ઊઘડતી..... 'એય ગધેડા !......ઊઠે છે કે સાંબેલું લઉં ?'

નાનિયાને થતું, નિશાળમાં આ બપોરની છૂટી લાંબી લાંબી હોત, તો કેવું સારું ! નાનિયો શરીરથી નહીં તો મનથી એ છુટ્ટી ભરપેટ માણતો. એનું બાળપણ બાળગોપાળો સાથે રમવા દોડી જતું, પેલી લસરણી પર લસરી પડવાની કેવી મજા પડતી હશે ! પવન સાથે હીંચોળા હીંચકા ખાવાની તો કેવી લહેર ! જો, જો, પેલા બેટવાળાએ કેવો ફટકો માર્યો ! હુ પણ દોડી જઇને લગાવું કે તેનાથીંયે ઊંચો ! અને આ હુતુતુતુવાળા તંગડી પકડવાને બદલે હાથ શું કામ પકડતા હશે. ? હું હોઉં તો ઘડીકમાં ચીત કરી દઉં..........

નાનિયાની મનોસૃષ્ટિમાં ભંગ પડ્યો..... 'એય આઇસફ્રૂટવાળા ! પાવલી-પાવલીની બે આપ......'

છેલ્લી પાંચ-સાત કાંડી વેચી ભારે પગલે એ ઘેર ગયો. પણ આજે એનું મન કામમાં લાગતું નહોતું. આ બધાંય છોકરાં રમે છે, તે એકાદ દિવસ હુંય રમું તો ? એક દિવસ હુંય મજા માણું, મનોમન નિશ્ચય થતો ગયો કે કાલે છુટ્ટીમાં હુંય રમવાનો. બીજે દિવસ સવારે ઊઠ્યો ત્યારથી એનું મન ઠેરડા મારતુ હતું.... કયારે સયાજી વિદ્યાલય પહોંચું, અને કયારે ત્યાં બપોરની છુટ્ટીનો ઘંટ પડે !.........

ટન........ટન.......ટન.....ટન......

ડબ્બો ખૂણામાં મૂકી એ દોડ્યો. લસરણી ઉપર આઠ દસ વાર લસરી લીધું, પેટ ભરીને હીંચકા ખાઇ લીધા. હુતુતુતુની ટોળીમાં ભળી એકનો પગ પકડી ભોંય ભેળો કર્યો. છોકરાઓએ તાળી પાડી. ગિલ્લી-દંડામાં ગિલ્લી એટલી બધી દૂર ગઇ કે છોકરાએ 'નાનિયા આઇસફ્રૂટવાળાની જય.......' બોલાવી દીધી ! પૂરા પાંચસો દંડા ગણી લો !'

ટન.....ટન.....ટન....છુટ્ટી પૂરી થઇ. બધાં છોકરા દોડ્યાં વર્ગ ભણી.

નાનિયો ભાનમાં આવ્યો....એણે ડબ્બો ખોલ્યો. પણ આ શું ? ડબ્બો ખાલી... છોકરાંવ ઝાપટી ગયેલાં. નાનિયાએ ખિસ્સામાં હાથ નાખ્યોં. એય ખાલી. થોડા ઘણા પૈસા આવેલા તેય પડી ગયા હતા. નાનિયો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

ઘરે કારીના હાથનો મેથીપાક મળ્યો. ભૂખ્યા રહેવાની સજા થઇ. હાથે ડામ દેવાયા. ગાળોનો વરસાદ વરસ્યો.

એક દિવસમાં નાનિયો મોટો થઇ ગયો ! ઘણો બધો મોટો ! ઘણો બધો શાણો ! એને સમજાઇ ગયું કે આ રમવા-કરવાનું આપણે નહીં. પાંખ હોવા છતાં ઊડવાનું નહીં. કંઠ હોવા છતાં ગાવાનું નહીં. આપણે તો આઇસફ્રૂટ વેચવાનાં.....આપણે તો....

બીજે દિવસ ભારે પગલે એ નિશાળે પહોંચ્યો. રોજ મીઠો લાગતો છુટ્ટીનો ઘંટ આજે તેને ભારે કર્કસ લાગ્યો. છોકરાઓ દોડતા આવ્યા. મેદાનમાં ધમાચકડી મચી ગઇ. 'એય, મને બે કાંડી આપ !......મને કેસરી !.......મને પીળી !.....મને લાલ !.......

નાનિયો રોજની જેમ આજેય આઇસફ્રૂટ વેચી રહ્યો હતો. પણ આજે તે મેદાન ભણી મોં રાખવાને બદલે મેદાન ભણી પીઠ કરીને બેઠો હતો. કેવળ મેદાન ભણી જ નહીં. ઊછળતા-કૂદતા બાળપણ ભણી પણ.

## મેળા પહેલા પદયાત્રિકોની સુરક્ષાને લઈને સવાલ ઉઠ્યા

# શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ

### ત્રિશુળિયા ઘાટ પરની ભેખડો ધસી પડવાને કારણે ખતરો

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે લાખો પદયાત્રીઓની સુરક્ષા સામે સવાલ ઊભો થયો છે. અંબાજી પહોંચતા પદયાત્રીઓ માટે દાતા-અંબાજી માર્ગ પર ભેખડ ધસી પડવાનું જોખમ છે. ત્રિશૂળિયા ઘાટ પરની ભેખડોના કારણે પદયાત્રીઓ પર જોખમની ભીતિ છે.

ત્રિશુળિયા ઘાટ પર અગાઉ અકસ્માતો થતા હતા એટલે ત્રિશૂળિયા ઘાટ પર રહેલા પર્વતોને કાપી અને માર્ગને પહોળો કરવામાં આવ્યો હતો. હવે ચોમાસાની ઋતુમાં ભેખડ અને પથ્થરો ધસી પડવાની ઘટના બને છે. ત્યારે પદયાત્રીઓની સલામતી માટે યાત્રાળુઓના માર્ગ પર પ્રોટેક્શન જાળી લગાવવાની માંગણી ઉઠી રહી છે.

ભલા રાજપૂત નામના પદયાત્રિ જણાવે છે કે ભાદરવી પૂનમના મેળાને પગલે યાત્રિકોનો ધસારો વધુ રહે છે. હાલ વરસાદી સિઝન પણ ચાલી રહી છે, ત્યારે ચાલતા આવતા પદયાત્રિકોના માથે ભેખડો ધસી પડવાની અને જાનહાનિ થવાની ભીતિ રહેલી છે. આથી સમગ્ર ત્રિશુળિયા ઘાટ પર જાળી લગાવવી અત્યંત જરૂરી છે આથી સરકારે તેના માટે વિચારવુ જોઈએ અને સત્વરે જાળી લગાવવાની કામગીરી શરૂ કરવી જોઈએ.

સાત દિવસ બાદ ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ રહ્યો છે અને દાંતા અંબાજી માર્ગ પરથી લાખો પદયાત્રિકો આ મેળામાં આવનાર છે ત્યારે જોખમી બનેલા ત્રિશુળિયા ઘાટને જાળી લગાવવી અત્યંત જરૂરી છે.

# મિત્રતાની કલા

**મિત્રતા એ કલા છે, જેમ લગ્ન એ કલા છે. લગ્ન એ કાંઈ કુદરતે નિર્મેલી વસ્તુ નથી, માણસની સરજત છે**





**વાંચન-આયમન**

**- શીતલ ઉપાધ્યાય**

કેટલાક માણસો એવા નથી હોતા, જેમની સંગતમાં કોઈ અપાર્થિવ સંગીતનો અનુભવ થાય છે ? ઘડી અધઘડી એમની પાસે બેસીને ઊઠીએ છીએ ત્યારે જાણે કોઈ સંગીતના ઉત્સવમાંથી બહાર આવવા હોઈએ એવું, કોઈ સ્વચ્છ પાણીના ધરામાંથી બહાર નીકળતા હોઈએ એવું જાણે આપણા મનને લાગે છે.

આવા માણસો પાસે આપણે જઈએ છીએ ત્યારે એ બોલ્યાં જ કરે એવું નથી, ઘણી વાર તો આપણને આખો વખત બોલવા દે છે. તેમ એ સૂની આંખે આપણા શબ્દો પર ઉપલક ધ્યાન આપતા રહી, મોંએ મૌનનો તોબરો ચઢાવી પોતાના વિચારોના ચણા જ ચાવ્યાં કરતા હોય છે એમ પણ નહિ. કેટલીક વાર એમની વાગ્ધારા સ્ખિલિત આપણા હૃદયપટ ઉપર ધસમસતી વહી રહે છે અને વિસ્મયવિસ્ફારિત નયને આપણે જ મૌન રહી એમની સામે તાકી રહીએ છીએ. 'તમને જ કહું છું એમ દરેકને કહેતી સસ્તી આત્મીયતા એ દાખવતા નથી, તેમ નથી એ આપણને એમની ને આપણી વચ્ચે વાર્તાલાપની વાડ રચી લઈ દૂર ને દૂર રાખતા. એમની વિદાય લઈએ છીએ ત્યારે આપણે પૂરો ખ્યાલ પણ આવે છે કે ધરાનાં પાણી કેવાં ચોમેરથી આપણને વીંટળાઈ વળ્યાં હતાં અને આપણા આંતર-દેહનું એકેએક છિદ્ર કેવી નિર્મળતા અનુભવી રહ્યું છે. શબ્દસુરાવટ દ્વારા વહી રહેલા એમના હૃદયસંગીતના ઉત્સવમાંથી નીકળીએ છીએ ત્યારે જ, આપણી શી વલે થઈ છે તેનો આપણને કાંઈક ખ્યાલ આવે છે : આપણું પોતાનું હૃદય ગાઈ રહ્યું હોય છે. પેલા માણસે જાણ શબ્દની અંગુલિ વડે આપણા હૃદયના તારે તારને ઝણઝણાવ્યા ન હોય ! આપણું હૃદય પણ ગાઈ શકે છે. એ ચમત્કાર અનુભવી આપણે એમની વિદાય લઈએ છીએ.

એ તાજગી, એ ગુંજન, આપણે એમની પાસેથી ચાલ્યા જઈએ તે પછી પણ ઠીકઠીક સમય સુધી આપણા અંતરને વળગી રહે છે. અને દિવસો પછી-વરસો પછી પણ એનું સ્મરણ અંતરને ભરી દે છે.

આવા માણસ માટે આપણને થાય કે મિત્રતાની કલા એને સિધ્ધ છે.


હા, મિત્રતા એ કલા છે, જેમ લગ્ન એ કલા છે. લગ્ન એ કાંઈ કુદરતે નિર્મેલી વસ્તુ નથી, માણસની સરજત છે. કુદરતને તો માનવજાતિનો તંતુ ચાલ્યાં કરે, તૂટ નહિ, એટલો જ સ્ત્રીપુરુષમાં રસ છે; પણ માણસે પોતાની તરફથી લગ્નસંસ્થાનું નિર્માણ કર્યું. એ જ રીતે, કુદરતે તો એટલું જ જોઈએ છે કે માણસ ટોળામાં રહે અને ટકી રહે; અંદરઅંદર સક્ષમ સંબંધોનું જાળ રચે, મિત્રતા વિકસાવે, એ એને માટે અનિવાર્ય જરૂરિયાત નથી. માણસની ટોળાવૃત્તિ હરીફ ટોળા સાથે યુદ્ધે ચઢવામાં પણ પરિણમી છે, તેમ છતાં સાથેસાથે પોતાના ટોળામાં જેમની સાથે પોતે ચાલે છે તેમનામાંથી કેટલાક જોડે એ અસાધારણ સુકુમારતાથી વર્તતાં પણ શીખ્યો છે. એક બાજુ એની યુયુત્સા-યુદ્ધખોરી વધી છે, તો બીજી બાજુ એનો મૈત્રીભાવ પણ ખૂબ ખીલ્યો છે. આ મૈત્રીભાવ તે જીવનસંગ્રામમાં ટકી રહેવા માટેની લાભદાયી ગોઠવણ, હિતોપદેશરૂપે નિરૂપેલો 'મિત્રલાભ' જ નહિ, પણ એક માણસ હૃદયનું અકારણે અને અનાયાસે બીજા માનવહૃદય પ્રત્યેનું અભિસરણ. આવો મૈત્રીભાવ એ માણસે કેળવેલી એક અનોખી કલા છે.

મિત્રતાની કલાની એક મુખ્ય ચાવી સામાની શરતે પ્રેમ કરવાની તૈયારીમાં રહેલી છે. જો સ્પૃહા ન હોય તો એવું થઈ શકે છે. મિત્રતાનાં પક્ષપાતી હૃદયો શ્રદ્ધા ઉપર ઝૂઝતાં હોય છે. સામા માણસ પર અવિશ્વાસ મૂકી મૈત્રીને આંચ આવે એવું કરતા કરતાં ગમે તેવું જોખમ પણ એ વહોરી બેસે છે. શેલી પોતે જેની સાથે દૂર ભાગી ગયો હતો અને પરણ્યો હતો તે પ્રિયતમાને મિત્ર હોગ સાથે મૂકીને પાછો ઘેર જતાં ખંચકાતો નથી. આપણા બાળાશંકરે પણ, જરીક જુદી રીતે, મણિલાલ ન. દ્વિવેદી પર આ જાતનો પૂરો વિશ્વાસ મૂક્યો હતો. જે સાચવવા પડે એ સંબંધ જ નથી. આવા પ્રસંગો સંબંધોના સાચાપણાની કસોટીરૂપ હોય છે. હોગના દિલમાં ચોર વસ્યો હોય તો તે પ્રસંગે પ્રગટ થઈ જાય છે, અને પ્રિયતમાં પણ જો હોગમાં લપટાય તો એ પોતાની નથી, હોગને માટે નિર્માઈ છે, એ પણ શેલીને સ્પષ્ટ થાય છે. કોઈને થશે કે માનવસ્વભાવ ઉપર આટલો બધો બોજો મૂકવો એ ઠીક છે ? પણ સામો પ્રશ્ન એ છે કે આટલો બધો બોજો ઉઠાવી શકે એવી શ્રદ્ધા એ જ તો મિત્રતાનો કાચો રંગ હોય ને ઊખડી જાય એનો રંજ પણ રાખવાનો ન હોય. કેટલીક વાર તો મિત્રના ખોળામાં માથું મૂકીને સૂતેલા માણસને પણ મિત્રને જો જરીક ઝોકું આવે તો એનું ગળું દબાવી દેવાની લાલચ દબાવવાની મુશ્કેલી થઈ પડે છે. મિત્રતા વસ્તુ જ એવી છે કે એમાં વૈમનસ્ય પણ ભર્યું પડ્યું હોય છે. એ વૈમનસ્યના પટ ઉપર મિત્રતાની ભાત ઉપસાવવી એસ્તો કીમિયો છે. એ કીમિયો કરવા જતાં ઉપરનાં જેવાં જોખમો પણ ખેડવાં રહે.

કેટલાક મિત્રો મિત્રતાને આઘાત પહોંચાડીને નહિ પણ અપાર પ્રેમ દર્શાવીને પોતાની અંદરના વૈમનસ્યને વ્યક્ત કરી રહ્યા હોય છે. પહેલાં તો એકેએકે કરીને તમારા સૌ મિત્રોનો પગ કાઢે અને એ સૌ વીફરે ત્યારે એ પોતે અનેકગણા મમત્વથી તમારી પડખે રહે. આમ કરવામાં એમને એ સંતોષ હોય છે કે પોતે એકલા જ કેવા તમારી પડખે ઊભા રહ્યા છે. પછી ધીરે ધીરે તમારા નિંદ્ય સ્વરૂપને પ્રસિદ્ધિ આપવી શરૂ કરે-એમાં પણ એમને ઊંડે ઊંડે સંતોષ એ હોય છે કે આવા માણસની પડખે તો પોતે જ ઊભા રહી શકે. આવું બધું ગણતરીથી થતું નથી હોતું, સ્વભાવવશાત્ થાય છે. પણ આવા દાખલામાં 'પ્રભુ, મને મારા મિત્રોથી બચાવ !' એ પ્રાર્થનાનો કાંઈક મર્મ સમજવા મળે છે.

**ઉમાશંકર જોષીના 'ગોષ્ઠિ'માંથી...**

# જીવતરના જાણ ભેદુની મિરાત ગઝલકાર રાજેશવ્યાસ મીસ્કિનની ગઝલ માણીએ



**સંવેદન**

**- બાબુ ચૌધરી, નાનાપોંઢા**

જીવતરના સોપાનોને સ્વસ્થતાથી વટાવતો કોઈ જુદો પડતો ભક્ત એક સાથે બે જીવન જીવતો હોય છે. બહારના પરદેશમાં તેના માટે છે અનેક પ્રકારની ભૂમિકાઓ વ્યવહારની, સમાજની, સંબંધોની. આ ભૂમિકાઓ પાછી ભારે દોહ્યલી. તો બીજી બાજુ વળી તેનો ભીતર પ્રદેશ તેને અંદર ડોકિયું કરવા સતત નિમંત્રે છે. વળી બહારનું જગત તેના માટે કૃષ્ણે કથેલો સ્વધર્મ બનીને તેને પડકાર પણ ફેંકતું રહે છે. આ પ્રકારની વિરલ ને વિષમ કસોટીને આવો જુદો પડતો જણ રમતાં-રમતાં પાર કરે છે. કયા જાદુથી એવા પ્રશ્નનો સવાલ જ ઊભો થતો નથી. કેમ કે આ જણ નોખી માટીનો બનેલો છે. એટલે આ બંને પ્રદેશનું સંતુલન સાધતાં તેને આવડે છે. એનો કીમિયો તે જાણે છે. એ કીમિવો છે ભીતરી પ્રદેશના નીરવ નાદ પ્રત્યેનું તીવ્ર અનુસંધાનને એ અનુસંધાનમાંથી સાંપડેલા બળના આધારે બહારી પ્રદેશ પ્રત્યે જાગતી પૂરી નિસબત, જે નિસબત તેને આસ્તિક ઠેરવે છે. સંત જ્ઞાનદેવ આ બંને પ્રદેશનાં સંતુલનનો કીમિયો વ્યક્ત કરતાં કહે છે, બહાર અખંડ પ્રવૃત્તિ, અંદર અખંડ નિવૃત્તિ. આ છે જ્ઞાનદેવને લાધેલું રહસ્ય. ચીનના મહાન સંત લાઓત્સે આ જ વાતને એમની શૈલીમાં વ્યક્ત કરતાં કહે છે. સંતો અભિનય કરે છે પણ એ અભિનવ ઘણો ગંભીર હોય છે. આ કવિનેય કોઈ પૂરવનાં પુણ્યને બળે કોઈ એક ક્ષણે આ દર્શન, આ કીમિયો અચાનક હાથવગો થઈ ગયો છે ને તેમનાથી તેમને લાધેલું રહસ્ય અનાયાસ છતું થઈ ગયું છે.

**'રાતદિવસ કૈં લાગે હરપળ એ પણ સાચું. આ પણ સાચું,**
**અંધારે આ કેવી ઝળહળ?એ પણ સાચું, આ પણ સાચું.'**

અંદરના ને બહારના જગતનો ભેદ ટળી ગયો જ્યારે આ કીમિયો હાથવગો થયો, દૃષ્ટિ સાફ થઈ ગઈ ને વરતાવું કે રાતેય સાચી ને દિવસેય સાચો. અંધારે આ કેવી ઝળહળ ? એ પણ સાચું, આ પણ સાચું. અંધારુંય સાચું ને એમાંથી જ પ્રગટતું અજવાળું પણ એટલું જ સાચું.

આવું વિરલ, ભાગ્યે જ જડે, સાંપડે એવું દર્શન કવિને સાંપડયું ક્યાંથી ? બહારની અખંડ પ્રવૃત્તિ અખંડ નિવૃત્તિ ભણી તેમને કેવી રીતે દોરી ગઈ ? આ રહ્યો એનો ઉત્તર

**'ભીતર શુંય ગયું દેખાઈ? ભણતર સઘળું ગયું ભૂલાઈ**
**કહેતો ફરું છું સૌનીઆગળ, એ પણ સાચું આ પણસાચું.'**

બાહ્ય જગતના ભેદભરમની વચ્ચોવચ બેઠા છતાંય, જીવતરના આસપાસનાં, જીવતરે સોંપેલી ભૂમિકાનાં વમળોની વચાળે જુદા પડતા દરેક જણ અહીંના હોવા છતાં અહીંના ન રહ્યા. ને તેથી જ જીવનના અગ્રાહ્ય, ઝીલી ન શકાય તેવા વિષમ રૂપનેય તેઓ વરદાનરૂપે સ્વીકારી શક્યા ને આ સઘળું એટલું ચૂપચાપ ઘટ્યું કે જાણે કળીનું ફૂલમાં રૂપાંતરણ, સૂર્યનું ઊગવું, ચંદ્રનું આથમવું. આ પણ એવી જ એક વિરલ પ્રાકૃતિક ઘટના, કહો કે પ્રકૃતિના મૂક આશીર્વાદ.

આવા ભીતરી સૂર્યોદયના અજવાળાનું. અરુણોદયના આગમનનું પ્રમાણ શું ? આ જણને લાધ્યું શું ? તેને લાધ્યો અભેદ, અદ્વૈત

**'અપમાનિત કે સમ્માનીત હો બેઉ ખેલ છે બન્ને ખોટા,**
**કા તો સ્વીકારી લે હરપળ એ પણ સાચું, આ પણ સાચું'**

બેઉ ખેલ છે બંને ખોટાં, રાત ને દિવસ. માન ને અપમાન. સ્ત્રી ને પુરુષ, નાનું ને મોટું એવા જાતભાતના દ્વંદ્વો ઓગળી ગયા. સઘળું કાંઈ એકાકાર થયું. આ જણ અખંડ લહરીને પ્રાપ્ત થવો. અત્યાર સુધી દ્વંદ્વના કળણમાં ફસાયેલા આ જણને પ્રાણીમાત્રમાં અખંડત્વ પ્રાપ્ત થયું. તેનેય ભીતરી પ્રકાશે અખંડ ચૂડો પહેરાવ્યો ને સઘળાં દ્વંદો સ્વપ્નવત, મિથ્યા ભાસ્યાં. અંદર-બહારનું, આગળપાછળનું બંને જગતનો એક સાથે તેણે સ્વીકાર કર્યો તેની પસંદગીઓ સમાપ્ત થઈ. કૃષ્ણમૂર્તિ જેને ચોઈસલેસનેસ કહે છે તેવા પસંદગી વિનાના પ્રદેશમાં તેણે પગ મૂક્યો.

**'સપનામાંથી જાગ્યો જ્યારે એ પળમાં મુંઝાયો ભારે,**
**અંદર-બહાર,આગળ-પાછળ,એ પણ સાચું, આ પણ સાચું'**

ભીતરી પ્રદેશના આ યાત્રીનું આરોહણ તો જુઓ. પર્વતનું એક-એક શિખર ચઢતાં ચઢતાં એ અંતિમ શિખરને આરામથી વટાવતો ગયો. બિલકુલ સહજ ઢંગથી પહેલા બંને જગતનું દર્શન, પછી બંને પ્રત્યે સમભાવ, પરિણામે ભીતરી આલોકની ઓળખ, એને પરિણામે નિર્દ્વંદ્વ મનોદશા ને એ મનોદશાનીય પાર અકાલ બનવાની ક્ષમતા. કોઈ પણ મોટા ગણાયેલા જણે કોઈ પણ કાળે જે અંતિમ સત્ય પ્રાપ્ત કર્યું તે કાળજ્ય. વાલ્મીકિએ પોતાના મહાનાયક રામચંદ્ર અકાલ પુરુષ તરીકે ઓળખાવ્યા. શીખ ધર્મનો મંત્ર પણ કહ્યો સતુ શ્રી અકાલ સમયની પાર જવાની કલા. આવતીકાલ ને ગઈકાલની વચ્ચેના વર્તમાનને માત્ર સાક્ષીભાવે પસાર કરવાની કલા આ સૌએ જાતમહેનતથી, અભ્યાસથી સાધ્ય કરી આ કવિનેય ક્યાંક આવું કશુંક સાંપડયું.

**'કોઈ કાલમાં શું બધાંવું?કેવળ ખળખળ વહેતા જાવું**
**મિસ્કિન આનું નામ છે અંજળ... એ પણ સાચું આ પણ સાચું.'**

કોઈ કાલમાં શું બંધાવું ? કેવળ ખળખળ વહેતા જાવું. આપણા મહાકાવ્યના મહાનાયકો રામે, યુધિષ્ઠિર, કૃષ્ણે, ભીષ્મે જીવતરને ક્ષણનો ઉત્સવ જાણીને જીવી જાણ્યું ચૌદ વર્ષના વનવાસકાળને રામે પછીના ઉત્તરકાળમાં કદી ન સંભાર્યો. પોતાની ભીષણ પ્રતિજ્ઞાને એ જ ક્ષણે ભીષ્મે વિસારે પાડી જીવતરની ઘોર કસોટીઓને યુધિષ્ઠિરે એ જ ક્ષણે વિખેરી નાખી, ગોકુળના પૂર્વાશ્રમને કૃષ્ણે કદી હોઠ પર આવવા ન દીધો. આ સૌ લોકો જીવનના પ્રવાહમાં વહેતા રહ્યા. કોઈ જ પ્રતિકાર વિના, વિભિન્ન ભૂમિકાઓને પસાર કરતાં-કરતાં કવિના સદ્ભાગ્યે તેમનેય આ સંપત્તિનો એક અંશ લાધી ગયો ને જ્યાં સુધી જેનું અંજળ હોય તેને પસાર કરવા તેમણેય વહેવું પસંદ કર્યું.

**'કોણ અહીં કોનું છે ક્યાં લગ?સઘળું નિશ્ચિત છતાંય લગભગ**
**મીસ્કિન એનું નામ છે અંજળ... એ પણ સાચું આ પણ સાચું'**

નીવડેલા પૂર્વસૂરિઓએ મેળવેલી અંતિમ ફલશ્રુતિ અહીં સાવ સરળ શબ્દોમાં મૂકતા કવિ ખસકતાં ખસકતાં કહેતા ગયા. કોણ અહીં કોનું છે કયાં લગી ? સઘળું નિશ્ચિત છતાંય લગભગ.બધું જ સ્થિર લાગે ને છતાંય એના લગભગ કહેવાય તેવા પાયામાં પડી છે અસ્થિરતા.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 07, September 2024

# કટ્ટરપંથીઓના સકંજામાં બાંગ્લાદેશ

બાંગ્લાદેશમાં અનામત વિરોધી આંદોલનને લઈને શરૂઆતમાં લાગતું હતું કે છાત્રો દ્વારા વાજબી માંગના હકમાં શરૂ કરવામાં આવેલ આ એક અભિયાન છે. તેથી ઘણા પ્રબુદ્ધોએ પણ તેનું સમર્થન કર્યું. જોકે એ છાત્રોએ કોઈને એ કળાવા ન દીધું કે આ આંદોલનનો નક્શો ઈસ્લામી કટ્ટરપંથીઓ અને અલગતાવાદીઓએ તૈયાર કર્યો છે. હવે આ છાત્રોએ આખા દેશમાં આતંકનો માહોલ બનાવી દીધો છે. છેલ્લા કેટલાક દિવસમાં આ કથિત છાત્રોએ લગભગ ૧૧૬૯ શિક્ષકોને અપમાનિત કરીને તેમને નોકરી છોડવા મજબૂર કરી દીધા. તેમાંથી મોટાભાગના અધ્યાપક હિંદુ છે. ઉચ્ચ અને પ્રતિષ્ઠિત પદો પર નિયુક્ત રહેલા હિંદુઓ સહિત સમગ્ર અલ્પસંખ્યક સમુદાયને સતત નિશાનો બનાવાઈ રહ્યો છે. જેહાદી લડવૈયા અને સજાપ્રાપ્ત અપરાધીઓને જેલોમાંથી છોડી મૂકવામાં આવે છે. જમાત-એ-ઈસ્લામી અને જેહાદી સમૂહ હિજબુત તહરીરથી પ્રતિબંધ હટી ગયો છે. આઈએસનો ઝંડો લઈને હિજબુત તહરીરના પ્યાદાંઓએ ઢાકામાં રેલી કાઢી. અલકાયદાના દિશાનિર્દેશો પર રચાયેલ અહસનુલ્લા બાંગ્લા ટીમના જેહાદી નેતા મોહંમદ જશીમુદ્દીન રહમાનીને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યો છે. આ સમયે બાંગ્લાદેશની સડકો પર રાજકીય પક્ષો કરતાં વધુ જેહાદી ઈસ્લામિક સમૂહ છે. આ લોકો ખિલાફતની સ્થાપના કરવા માગતા હતા. તેના પહેલાં કે બાંગ્લાદેશ સંપૂર્ણ રીતે જેહાદીઓની ચુંગાલમાં ફસાઈ જાય, કંઈક ઉપાય કરવા પડશે. તેમાં સૌથી પહેલાં તો વહેલી તકે નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણી કરાવવી જોઈએ. ચૂંટણીમાં અવામી લીગ સહિત તમામ રાજકીય પક્ષોની ભાગીદારી હોવી જોઈએ. ચૂંટાયેલી સરકાર મજહબના આધાર પર કરાતી રાજનીતિ ખતમ કરે. આ પ્રક્રિયામાં જમાત-એ-ઈસ્લામીને રાજકીય પક્ષ રૂપે માન્યતા ન આપવામાં આવે, કારણ કે તે મૂળ રૂપે મજહબી સંગઠન છે. આ રીતે હિજબુત તહરીર, આઈએસ અને બીજા આતંકી સમૂહો પર પ્રતિબંધ લાગવો જોઈએ. હિંસક ભીડ દ્વારા કરાઈ રહેલ કથિત ન્યાયના સિલસિલા પર વિરામ લાગે. પ્રેસની સ્વતંત્રતા અને અભિવ્યક્તિની આઝાદી યથાવત રાખવી પડશે. બંધારણના મજહબી આધારને હટાવીને પંથનિરપેક્ષતાને લાગુ કરવી પડશે. શિક્ષકો અને છાત્રોને વર્ગોમાં તથા સૈનિકોએ બેરેકોમાં પાછા ફરવું પડશે. મજહબી આધાર પર બનેલ નાગરિક કાયદા ખતમ કરવા પડશે અને સમાનતાની બુનિયાદવાળા દીવાની કાયદા લાગુ કરવા પડશે. આઝાદીના મ્યૂઝિયમ, રાષ્ટ્રપતિના મ્યૂઝિયમ તથા મુક્તિયોદ્ધાઓના જે મ્યૂઝિયમો તોડી નંખાયા, તેનું પુનર્નિર્માણ કરવું પડશે. મદરેસાઓને સ્કૂલમાં તબદીલ કરવા પડશે. અભ્યાસક્રમમાં પંથનિરપેક્ષ મૂલ્ય અને આધુનિક શિક્ષણ અપનાવવાં પડશે. સરકારે પોતાના ખર્ચ જાહેર કરવા પડશે. માહિતીનો અધિકાર કાયદો પસાર કરી પારદર્શિતા વધારવી પડશે. શેખ હસીના સરકારના લોકતાંત્રિક સ્વરૂપને લઈને ગમે તેટલા સવાલ ઉઠાવી શકાય, પરંતુ હાલમાં જે થઈ રહ્યું છે, તે તો સહેજ પણ યોગ્ય નથી. શેખ હસીના પાસેથી સત્તા છીનવનારા લોકોનો પણ લોકતંત્રમાં કોઈ ભરોસો નથી. ચારેબાજુ બર્બરતાનો નગ્નનાચ ચાલી રહ્યો છે. મુહંમદ યુનૂસ કે બીજા જવાબદાર લોકો પણ સાર્થક હસ્તક્ષેપ કરતા નથી દેખાતા. ઉલટાનું ઉગ્ર યુવાઓના વિધ્વંસાત્મક અને અમાનવીય ક્રિયાકલાપોને વિભિન્ન રીતે આશ્રય અપાઈ રહ્યો છે. ચૂંટણીને લઈને પણ કોઈ અણસારો જણાતો નથી. પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર અને બીએનપી નેતા તારિક ઝિયાને બાંગ્લાદેશ પાછા ફરવાની અનુમતિ નથી અપાઈ રહી. સત્તા પર નિયંત્રણ હાલમાં જમાત-એ-ઈસ્લામી પાસે છે અને તે નથી ઈચ્છતી કે બીએનપીના નેતા દેશમાં પાછા ફરે. તારિક ઝિયાના બાંગ્લાદેશ પાછા આવવાથી જમાતનું મહત્ત્વ ઘટી જશે. તેથી જમાત ઈચ્છે છે કે ચૂંટણી વગર ઈસ્લામી કટ્ટરપંથીઓ સાથે દેશની સત્તા જેટલા સમય સુધી તેની પાસે રહે છે, તેટલું સારું. એ જ રીતે એ લોકો બાંગ્લાદેશમાં સંપૂર્ણ રીતે ઈસ્લામી શાસન લાગુ કરી શકશે. બીજી તરફ,શાસનની કમાન સંભાળી રહેલા મુહંમદ યુનૂસ રહસ્યમય વ્યક્તિ છે. યુનૂસ મૂળ રૂપે એનજીઓના માણસ છે. સવાલ એ ઊઠે છે કે શું આવા વ્યક્તિથી સત્તા સંભાળી શકાશે? એ તો સમય જ બતાવશે કે તેઓ કઠપૂતળી છે કે નિર્ણય લેવા માટે પૂર્ણપણે આઝાદ? તેમનું વલણ તો અત્યાર સુધી સારા સંકેત નથી જ આપતું. તેમણે ૧૯૭૧ના મુક્તિયુદ્ધને નકારીને ૨૦૨૪ના છાત્ર આંદોલનને મુક્તિયુદ્ધ નામ આપી દીધું! મુક્તિયુદ્ધનાં સ્મૃતિચિહ્નોને ધ્વસ્ત કરી દેવા પર સરકાર તરફથી વિરોધનો અવાજ સુદ્ધાં ન નીકળ્યો.

# ગુજરાત સહિત ૧૫ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ઃ ગુજરાત સહિત દેશભરના ઘણાં રાજ્યોમાં વરસાદની સ્થિતિ યથાવત્ છે અને આજે પણ અનેક સ્થળોએ સામાન્યથી અતિભારે વરસાદ પડ્યો છે, ત્યારે હવામાન વિભાગે (IMD) ૧૫ રાજ્યોમાં આવતીકાલથી સતત ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે.

આઈએમડીએ રાજસ્થાન અને ઉત્તરાખંડમાં આવતીકાલે ૭ સપ્ટેમ્બરે ભારે વરસાદની ચેતવણી આપી ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગુજરાત, છત્તીસગઢ, ઓડિશા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગોવા, તેલંગાણા, આંધ્રપ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા માટે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દિલ્હીના પ્રાદેશિક હવામાન કેન્દ્રએ સામાન્ય વરસાદથી લઈને ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. આજે રાષ્ટ્રીય રાજધાનીમાં યલો ઍલર્ટ જાહેર કરાયું છે. રાજધાનીમાં નવમી સપ્ટેમ્બર સુધી વરસાદની સ્થિતિ રહેવાની શક્યતા છે.

ઉત્તરાખંડમાં ૭ સપ્ટેમ્બરે અને રાજસ્થાનના જુદાં જુદાં વિસ્તારોમાં સાત સપ્ટેમ્બર સુધી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં છ સપ્ટેમ્બરે, ઉત્તરાખંડમાં સાતમી સપ્ટેમ્બર સુધી અને રાજસ્થાનમાં નવમી સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૧૧ સપ્ટેમ્બરે, આસામ, મેઘાલય, ઓડિશામાં સાતમી સપ્ટેમ્બરે અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતની વાત કરીએ તો સાતમી અને આઠમી સપ્ટેમ્બરે રાજ્યના અનેક જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ, જ્યારે નવમી સપ્ટેમ્બરે ગાજવીજ સાથે મધ્યમ વરસાદ થઈ શકે છે.

## સુપ્રીમ કોર્ટની સહારા ગ્રૂપને કડક સૂચના,

# ૧૫ દિવસમાં એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ઃ સુપ્રીમ કોર્ટે સહારા ગ્રૂપ પર કડક વલણ દાખવ્યું છે અને તેને ૧૫ દિવસમાં અલગ એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો સંયુક્ત સાહસ/વિકાસ કરાર ૧૫ દિવસની અંદર કોર્ટમાં દાખલ કરવામાં નહીં આવે, તો તે વર્સોવામાં ૧૨.૧૫ મિલિયન ચોરસ ફૂટ જમીન 'જેમ છે ત્યાં છે'ના ધોરણે હરાજી કરશે. સુપ્રીમ કોર્ટે સહારા ગ્રૂપને ૧૫ દિવસમાં અલગ એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સહારા જૂથને વર્સોવા, મુંબઈમાં તેની જમીનના વિકાસ માટે સંયુક્ત સાહસ રચીને રૂ. ૧૦,૦૦૦ કરોડ એકત્ર કરવાની મંજૂરી આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો સંયુક્ત સાહસ/વિકાસ કરાર ૧૫ દિવસની અંદર કોર્ટમાં દાખલ કરવામાં નહીં આવે, તો તે વર્સોવામાં ૧૨.૧૫ મિલિયન ચોરસ ફૂટ જમીન 'જેમ છે ત્યાં છે'ના ધોરણે હરાજી કરશે.

## યુક્રેન યુદ્ધ વચ્ચે શાંતિ મંત્રણાને લઈને પુતિનની મોટી જાહેરાત

# 'ભારત, ચીન અને બ્રાઝિલ મધ્યસ્થી બની શકે છે...'

**ચીન, ભારત અને બ્રાઝિલ યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

રશિયા, તા.૬ઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ચીન, ભારત અને બ્રાઝિલ યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં ચીન, ભારત અને બ્રાઝિલ મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે.પુતિને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં કહ્યું કે, જો કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના ડોનબાસ વિસ્તારને કબજે કરવાનો છે. રશિયન સૈન્ય ધીમે ધીમે કુર્સ્કથી યુક્રેનિયન સૈન્યને પાછું ખેંચી રહ્યું છે.તમને જણાવી દઈએ કે પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં જ યુદ્ધગ્રસ્ત યુક્રેન અને તે પહેલા રશિયાની મુલાકાત લીધી હતી. પીએમ મોદીની આ બંને મુલાકાતો ખૂબ મહત્વની હતી અને વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની હતી. પીએમ મોદી જુલાઈ મહિનામાં રશિયાના પ્રવાસે ગયા હતા. તેમની આ મુલાકાત નાટો સમિટ વચ્ચે થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીના રાષ્ટ્રપતિ પુતિનને ગળે લગાવતી તસવીરોની ખૂબ ચર્ચા થઈ હતી. આ દરમિયાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યાદ અપાવ્યું હતું કે શાંતિનો માર્ગ યુદ્ધના મેદાનથી નથી આવતો. આ દરમિયાન પુતિને પીએમ મોદીને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્ર્યુ ધ એપોસ્ટલથી પણ સન્માનિત કર્યા હતા. પરંતુ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી તેમની મુલાકાતથી નારાજ હતા અને જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.



# ભારતે હંમેશા શાંતિની હિમાયત કરી છે : રક્ષામંત્રી

**મેં સેના કમાન્ડરોને કહ્યું કે ભારત અને વિશ્વમાં શાંતિ જાળવી રાખવા આપણે હંમેશા યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૬ઃ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે શુક્રવારે એક મોટું નિવેદન આપ્યું છે. જેમાં રાજનાથ સિંહે કહ્યું છે કે, "ભારતે હંમેશા શાંતિની હિમાયત કરી છે ભારત હંમેશાથી શાંતિનો ઉપાસક રહ્યો છે, હતો અને રહેશે.વિશ્વમાં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે 'વસુધૈવ કુટુંબકમ'નો સંદેશ આપ્યો છે. વર્તમાન વૈશ્વિક ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને જોતા મેં સેના કમાન્ડરોને કહ્યું કે ભારત અને વિશ્વમાં શાંતિ જાળવી રાખવા માટે આપણે હંમેશા યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ, જેથી કરીને કોઈ પણ સંજોગોમાં આપણી શાંતિને ખલેલ પહોંચાડવામાં ન આવે."

આ પહેલા ગુરુવારે લખનઉમાં આર્મી કમાન્ડર્સની કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે રાજનાથ સિંહે રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અને બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કમાન્ડરોને આ ઘટનાઓનું વિશ્લેષણ કરવા, ભવિષ્યમાં દેશને જે સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે તેનું અનુમાન લગાવવા અને "અનપેક્ષિત" સાથે પગલાં લેવા માટે તૈયાર રહેવાનું આહ્વાન કર્યું હતું. રક્ષા મંત્રીએ ઉત્તરીય સરહદ પરની સ્થિતિ અને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે પડકાર ઊભો કરી રહેલા પાડોશી દેશોમાં વિકાસને ધ્યાનમાં રાખીને ટોચના સૈન્ય નેતૃત્વ દ્વારા વ્યાપક અને ઊંડાણપૂર્વક વિશ્લેષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

રાજનાથ સિંહે કહ્યું કે, "વૈશ્વિક અસ્થિરતા હોવા છતાં, ભારત પ્રમાણમાં શાંતિના વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે વિકાસ કરી રહ્યું છે. જો કે, પડકારોની વધતી સંખ્યાને કારણે, આપણે સતર્ક રહેવાની જરૂર છે. તે મહત્ત્વનું છે કે આપણે અમૃતકાળ દરમિયાન આપણી શાંતિ જાળવી રાખીએ. આપણે આપણા વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, વર્તમાનમાં આપણી આસપાસ શું થઈ રહ્યું છે તેના પર નજર રાખવાની અને ભવિષ્યલક્ષી બનવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આ માટે આપણી પાસે એક મજબૂત અને સુદઢ રાષ્ટ્રીય સુરક્ષા ઘટક હોવું જોઈએ. આપણી પાસે અચૂક પ્રતિરોધક ક્ષમતા હોવી જોઈએ."

રક્ષામંત્રી રાજનાથ સિંહે અવકાશ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધના ક્ષેત્રમાં ક્ષમતાઓના વિકાસ પર ભાર મૂક્યો અને આધુનિક સમયના પડકારોને પહોંચી વળવા માટેનું અભિન્ન અંગ ગણાવ્યું. તેમણે સૈન્ય નેતૃત્વને ડેટા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં નવીનતમ તકનીકી પ્રગતિના ઉપયોગને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા પણ વિનંતી કરી હતી.

તેમણે કહ્યું હતું કે, "આ ઘટકો કોઈ પણ સંઘર્ષ અથવા યુદ્ધમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેતા નથી. તેમની આડકતરી ભાગીદારી મોટા પ્રમાણમાં યુદ્ધનો માર્ગ નક્કી કરે છે."

## સેના અને પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું

# મણિપુરમાં શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મણિપુર, તા.૬ઃ** ભારતીય સેના અને મણિપુર પોલીસે ગુરુવારે એક સંયુક્ત ઓપરેશનમાં કાંગપોકપી અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં હથિયારો અને દારૂગોળોનો વિશાળ જથ્થો જપ્ત કર્યો છે. ભારતીય સેનાએ એક હેવી કેલિબર લોન્ચર, એક ૧૨-બોર ડબલ બેરલ રાઈફલ, એક .૧૭૭ રાઈફલ+મેગેઝિન, બે પિસ્તોલ, એક પોમ્પી ગન, પાંચ ગ્રેનેડ, દારૂગોળો અને અન્ય હથિયારો જપ્ત કર્યા છે.સંરક્ષણ પીઆરઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'મણિપુરમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના મહત્વપૂર્ણ પ્રયાસમાં, ભારતીય સેનાએ હિંસક ગતિવિધિઓ અને બદમાશોનો સામનો કરવા માટે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશનને વધુ તીવ્ર બનાવ્યું છે. મણિપુર પોલીસ સાથે હાથ ધરવામાં આવેલા સમાન સંયુક્ત ઓપરેશનમાં, સેનાએ મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં સફળતા મેળવી છે.ભારતીય સેના અને મણિપુર પોલીસ દ્વારા સચોટ ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેના પરિણામે કાંગપોકપી અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં હથિયારોનો વિશાળ જથ્થો મળી આવ્યો હતો, જેનાથી રાજ્યમાં શાંતિને જોખમમાં મૂકતા બદમાશોને બેઅસર કરવામાં આવ્યા હતા. તત્વોને મોટો ફટકો પડ્યો છે. શસ્ત્રોની આ જંગી પુનઃપ્રાપ્તિ કૌત્રુકમાં નિઃશસ્ત્ર ગ્રામીણો પરના તાજેતરના હુમલા પછી આવે છે, જ્યાં કુકી આતંકવાદીઓએ કથિત રીતે ડ્રોનમાંથી બોમ્બ ફેંક્યા હતા અને અત્યાધુનિક શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો.હુમલા બાદ ભાજપના રાજ્યસભાના સાંસદ લૈશેમ્બા સનજૌબાએ ઘટનાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી અને તેના સભ્યો સાથે બેઠકો કરી. મણિપુર પોલીસે પણ કોટ્રુકમાં થયેલા હુમલામાં ડ્રોનનો ઉપયોગ કરવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. તેણે એક નિવેદનમાં કહ્યું હતું કે, 'કુકી આતંકવાદીઓએ પશ્ચિમ ઈમ્ફાલના કોટ્રુકમાં હાઈ-ટેક ડ્રોનનો ઉપયોગ કરીને ઘણા રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ તૈનાત કર્યા છે. તેમજ સુરક્ષા દળો અને નાગરિકોને નિશાન બનાવતા ડ્રોનથી બોમ્બ છોડવામાં આવ્યા છે. આવા હુમલા કોઈ મોટા ષડયંત્રનો સંકેત આપે છે.

## પાકિસ્તાને ઝેર ઓક્યું, કાશ્મીર સાથે કરી સરખામણી

# જૂનાગઢ પાકિસ્તાનનો ભાગ, ભારતે ગેરકાયદેસર કબજો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૬ઃપાકિસ્તાને કાશ્મીર પછી હવે જૂનાગઢને લઈને ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. પાકિસ્તાની વિદેશ કાર્યાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલૂચે ગુરુવારે જૂનાગઢ મુદ્દાને ફરી ઉઠાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે ભારતે જૂનાગઢ પર ગેરકાયદેસર કબજો કર્યો છે. પોતાની સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન બોલતા મુમતાઝે કહ્યું કે જૂનાગઢ વિશે પાકિસ્તાનનું નીતિગત નિવેદન હંમેશા સ્પષ્ટ રહ્યું છે કે ભારતના ગુજરાતનું એક શહેર જેને ૧૯૪૮માં મેળવી લેવામાં આવ્યું હતું. તેમણે દાવો કર્યો, "જૂનાગઢને પાકિસ્તાનમાં મેળવી લેવામાં આવ્યું હતું. પાકિસ્તાન આ મામલાને ઐતિહાસિક અને કાનૂની પરિપ્રેક્ષ્યમાં જુએ છે. જૂનાગઢ પાકિસ્તાનનો ભાગ હતો અને ભારતનો તેના પર ગેરકાયદેસર કબજો સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય માપદંડોનું ઉલ્લંઘન છે."

જૂનાગઢની કાશ્મીર સાથે સરખામણી કરી મુમતાઝે ભાર મૂકીને કહ્યું કે પાકિસ્તાન "હંમેશા રાજકીય અને કૂટનીતિક મંચો પર જૂનાગઢ મુદ્દાને ઉઠાવતું રહ્યું છે અને તેનું શાંતિપૂર્ણ સમાધાન ઈચ્છે છે." તેમણે કહ્યું, "પાકિસ્તાન પણ જૂનાગઢ મુદ્દાને જમ્મુ અને કાશ્મીરની જેમ અધૂરો એજન્ડા માને છે." પાકિસ્તાન દુનિયાના દરેક મંચ પર કાશ્મીર મુદ્દાને ઉઠાવતું રહ્યું છે, પરંતુ તેને દરેક જગ્યાએથી જાકારો મળ્યો છે. પાકિસ્તાન કાશ્મીરને આતંકવાદના માધ્યમથી મેળવવાનું સપનું જુએ છે. આ કારણે ભારત સાથે પાકિસ્તાનના સંબંધો નીચલા સ્તરે છે. આ ઉપરાંત, પ્રેસ બ્રીફિંગ દરમિયાન, મુમતાઝે બાંગ્લાદેશ સાથે "સકારાત્મક અને મજબૂત સંબંધો" વિકસાવવાની પાકિસ્તાનની ઈચ્છા વ્યક્ત કરી. તેમના અનુસાર, "બંને દેશોની સરકારોના સહયોગથી સંબંધો વધુ સારા થશે."

## ગૃહિણીઓને થશે મોટો ફાયદો

# કેન્દ્ર સરકારનો નવો પ્લાન, ૫૦% સસ્તી આપશે ડુંગળી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ઃ ડુંગળીના વધતા ભાવોને અંકુશમાં લેવા હવે સરકાર મેદાનમાં ઉતરી છે. છેલ્લા એક વર્ષમાં ડુંગળીના ભાવો ૫૦થી ૬૦ ટકા વધ્યા છે. આ ભાવો પર નિયંત્રણ લાદતાં તેમજ ગૃહિણીઓને આર્થિક ટેકો કરતાં કેન્દ્ર સરકારે સસ્તા દરે ડુંગળી વેચવાનું શરૂ કર્યું છે.

નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન અને નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેડશન (નાફેડ) દ્વારા દેશના જુદા-જુદા સ્થળોએ સ્પેશિયલ વાન મારફત ૩૫ રૂપિયે કિલોના ભાવે ડુંગળી વેચવામાં આવી રહી છે. હાલ દિલ્હી અને મુંબઈમાં ડુંગળીના વેચાણ શરૂ કરશે. નાફેડ અને એનસીસીએફ સરકારનો ૪.૭ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક મેનેજ કરી રહી છે. જે તેના સ્ટોર અને મોબાઈલ વાન મારફત દિલ્હી-એનસીઆરના ૩૮ રિટેલ સ્થળો, મુંબઈમાં પરેલ અને મલાડ ખાતે વેચાણ કરશે.

નાફેડ અને એનસીસીએફની મોબાઈલ વાન ઉપરાંત કેન્દ્રિય ભંડાર અને મધર ડેરીના સફલ આઉટલેટ્સ પરથી રાહત દરે ડુંગળી મળશે. આ પહેલના બીજા તબક્કામાં આગામી સપ્તાહે કોલકાતા, ગુવાહાટી, હૈદરાબાદ, ચેન્નઈ, બેંગ્લુરૂ, અમદાવાદ અને રાયપુર શહેરોને આવરી લેવામાં આવશે. દેશભરમાં સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહથી આ ડુંગળીના વેચાણ શરૂ થશે.

ચાલુ કેલેન્ડર વર્ષની શરૂઆતમાં કિલોદીઠ રૂ. ૨૦ના દરે વેચાતી ડુંગળીનો ભાવ આજે રૂ. ૬૦થી ૬૫ થયો છે. સ્થળો અને ગુણવત્તાના આધારે ડુંગળીના ભાવ જુદા-જુદા છે. જેથી ડુંગળીના ભાવમાં રાહત આપતાં કેન્દ્ર સરકારે આ પહેલ શરૂ કરી છે. ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ જાહેરાત કરી હતી કે, સરકાર કિંમતના વલણના આધારે ડુંગળીના વિત્તરણ માટે જથ્થો વધારશે. હાલ સરકાર પાસે ૪.૭ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક છે. ૪ સપ્ટેમ્બરે ડુંગળીની સરેરાશ કિંમત રૂ. ૪૯.૨૧ પ્રતિ કિગ્રા છે, જે વર્ષ પહેલાં રૂ. ૩૩.૪૧ પ્રતિ કિગ્રા સામે ૪૭.૩૯ ટકા વધી છે.

## રાહત અને બચાવ કાર્યમાં ઝડપ આવશે

# આંધ્રપ્રદેશ: પૂરગ્રસ્ત વિસ્તારોમાં સેનાના એન્જિનિયરો તૈનાત

**આંધ્રપ્રદેશના NTR અને કૃષ્ણા જિલ્લામાં ભારે વરસાદને કારણે બુડમેરુ નહેરમાં પાણીનું સ્તર વધી ગયું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

આંધ્રપ્રદેશ, તા.૬ઃઆંધ્રપ્રદેશના દ્બઈ અને કૃષ્ણા જિલ્લામાં ભારે વરસાદને કારણે બુડમેરુ નહેરમાં પાણીનું સ્તર વધી ગયું છે અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારતીય સેનાએ આ વિસ્તારમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડવા માટે એન્જિનિયર ટાસ્ક ફોર્સ તૈનાત કરી છે.આંધ્ર પ્રદેશ સરકારે પરિસ્થિતિનું સંચાલન કરવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (દ્બઢસ્છ) સાથે ભારતીય સેનાની નિષ્ણાત ટીમને બોલાવી છે.સિકંદરાબાદ સ્થિત ઈન્ફન્ટ્રી ડિવિઝન હેઠળની એન્જિનિયર રેજિમેન્ટના વિશેષ એન્જિનિયરોની પ્રારંભિક જાસૂસી ટીમને ભારતીય વાયુસેના (છહ્લ) એરક્રાફ્ટ દ્વારા બેગમપેટથી પ્રભાવિત વિસ્તારમાં પહેલેથી જ મોકલવામાં આવી છે. આ ટીમ હાલમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે અને વિસ્તારમાં પૂરને રોકવા માટે તાત્કાલિક નિવારક પગલાંનું આયોજન કરી રહી છે.આ પછી, જરૂરી સાધનોથી સજ્જ ૩૦ સૈનિકોની બીજી ટીમ હકીમપેટ એરબેઝથી તૈનાત માટે તૈયાર કરવામાં આવી રહી છે. તેમને એરફોર્સના છદ્ભ-૩૨ એરક્રાફ્ટ દ્વારા એરલિફ્ટ કરવામાં આવશે. વધુમાં, એક રાહત સ્તંભ સ્ટેન્ડબાય પર છે અને ચાલુ પ્રયત્નોને ટેકો આપવા માટે માર્ગ દ્વારા જવા માટે તૈયાર છે.તે જ સમયે, જો જરૂરી હોય તો, ભારતીય સેના તાત્કાલિક અને અસરકારક માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (ૐછઢ્ઢઇ) પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આ કટોકટી માટે સંકલિત અને અસરકારક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે આ કામગીરીને દ્બઢસ્છ અને જીઢસ્છ બંને સાથે કાળજીપૂર્વક સંકલન કરવામાં આવી રહ્યું છે. જો કે, અત્યારે પરિસ્થિતિ યોગ્ય નથી અને ભારતીય સેના જાન-માલ બચાવવા માટે જરૂરી પગલાં લેવા તૈયાર છે.તે જ સમયે, આંધ્રના સીએમ ચંદ્રબાબુ નાયડુએ પૂર પ્રભાવિત વિસ્તારોમાં બોટ ચલાવતા લોકોને કડક ચેતવણી આપી છે અને તેમને બચાવ સેવાઓ માટે પૂર પીડિતો પાસેથી પૈસા ન લેવાની અપીલ કરી છે.વિજયવાડા નજીકના પૂર પ્રભાવિત વિસ્તારોના તેમના પ્રવાસ દરમિયાન, નાયડુએ જાહેરાત કરી હતી કે ખાનગી બોટના સંચાલનને લગતા તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે અને ચેતવણી આપી હતી કે કોઈ પણ ઓપરેટર પીડિતો પાસેથી પૈસા વસૂલતો જોવા મળશે તો તેને જેલની સજા કરવામાં આવશે.

## પોલીસે મદરેસાના ત્રણ બેંક ખાતા સીઝ કર્યા

# પ્રયાગરાજમાં નકલી ચલણી નોટો છાપતી મદરેસા પર ચાલશે બુલડોઝર

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રયાગરાજ,તા.૬ઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચલણી નોટો છાપતી મદરેસા પર હવે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મામલામાં બુલડોઝર કાર્યવાહીની તૈયારી કરવામાં આવી રહી છે. PDAએ મદરેસાની બહાર નોટિસ ચોંટાડીને મદરેસાના બાંધકામ સાથે જોડાયેલી માહિતી માંગી છે. સંતોષકારક જવાબ નહીં મળે તો બુલડોઝરની કાર્યવાહી પણ થઈ શકે છે. મદરેસાને સીલ કર્યા બાદ મદરેસામાં કરવામાં આવતા ફંડની તપાસ પણ શરૂ કરવામાં આવી છે. પોલીસે મદરેસાના ત્રણ બેંક ખાતા સીઝ કર્યા છે. પોલીસે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા અને ઈન્ડિયન બેંકમાં મદરેસાના ખાતાને સંપૂર્ણપણે સીઝ કરી દેવામાં આવ્યા છે. હવે મદરેસા મેનેજમેન્ટ આ ખાતાઓમાં જમા થયેલા પૈસાનો ઉપયોગ કરી શકશે નહીં. પોલીસે બેંક પાસેથી બેંક એકાઉન્ટ ખોલાવ્યા ત્યારથી અત્યાર સુધીમાં કેટલી રકમ અને ક્યાંથી મોકલી છે તેની વિગતો પણ માંગી છે. પ્રારંભિક તપાસમાં જ બહાર આવ્યું છે કે, વિદેશથી બેંકમાં ઘણા પૈસા મોકલવામાં આવી રહ્યા છે અને હાલમાં મદરેસાના બેંક ખાતામાં ૪૦ લાખ રૂપિયા પણ જમા છે.

આ સાથે જ પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટીએ પણ મદરેસા પર સકંજો કસ્યો છે અને પહેલા તેને ગેરકાયદે બાંધકામ માટે સીલ કરી દીધી, ત્યારબાદ આજે શુક્રવારે મદરેસાના ગેટ પર ઓથોરિટી દ્વારા નોટિસ પણ ચોંટાડવામાં આવી. આ નોટિસમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, મદરેસામાં જે પણ બાંધકામ થયું છે તેનો નકશો અને તેના વિશે વિગતવાર જવાબ ૧૮મી સુધીમાં આપવાનો રહેશે. જો PDAને મદરેસાના ગેરકાયદે બાંધકામ અંગે સંતોષકારક જવાબ નહીં મળે તો PDA બુલડોઝર વડે મદરેસાના તમામ બાંધકામોને તોડી પાડશે. જો કે, મદરેસા પર બુલડોઝર કાર્યવાહીની વધુ આશા છે, કારણ કે મદરેસાના બાંધકામ માટે કોઈ નકશો ઉપલબ્ધ નથી. મદરેસા ચલાવતી સોસાયટી દ્વારા PDAમાંથી લે-આઉટ પાસ કરાવ્યા વિના તમામ નવા અને જૂના બાંધકામો કરવામાં આવ્યા હતા.

દમણગંગા ટાઇમ્સ

NEWS CORPORATE NEWS

# સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સે બ્રેઈલમાં ભારતની પ્રથમ ઈન્સ્યોરન્સ પોલિસી લોન્ચ કરી

**સુરત,તા.૦૬:** ભારતની અગ્રણી રિટેલ હેલ્થ ઈન્સ્યોરર સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કો. લિ. (સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ)એ આજે બ્રેઈલમાં ઈન્ડસ્ટ્રીની પ્રથમ ઈન્સ્યોરન્સ પોલિસી રજૂ કરવાની જાહેરાત કરી છે. જે સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સની સુલભતા અને સમાવેશકતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ દ્રષ્ટિહિન અને ઓછું દેખતાં લોકોને તેમના આરોગ્ય અને નાણાકીય બાબતોમાં સ્વતંત્ર નિર્ણય લેવાની શક્તિ પ્રદાન કરે છે. સ્ટાર હેલ્થે ભારતમાં ૩૪ લાખ દ્રષ્ટિહિન લોકો માટે આવકની તકોમાં વધારો કરવાની સાથે આર્થિક રીતે સશક્ત બનાવવા વૈવિધ્યસભર અને નાણાકીય સમાવેશકતા સમર્થિત પહેલ પણ શરૂ કરી છે. તે સમાજના આ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને તાલીમ આપી કુશળતામાં વધારો કરવા પ્રતિબદ્ધ છે, જેથી તેના સમર્થનથી તેઓ કંપનીના હેલ્થ ઈન્સ્યોરન્સ એજન્ટ તરીકે કામ કરવા સક્ષમ બનશે. આ પહેલની ખાસિયત એ છે કે, તેઓ આસપાસ પારિવારિક માહોલમાં પોતાની ક્ષમતાના આધારે કામ કરી શકશે અને તેમના જીવનની સંભાળ સ્વંય પોતે રાખી શકશે.

બોલ્લાંટ ઈન્ડસ્ટ્રીના સીઈઓ શ્રી શ્રીકાંત બોલ્લાએ જણાવ્યું હતું કે, "દિવ્યાંગો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનો અનુભવ કરનાર વ્યક્તિ તરીકે, હું આ ઈન્ડસ્ટ્રીની સૌ-થમસમાવેશી પહેલ બદલ સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સને બિરદાવું છું. સ્પેશિયલ કેર ગોલ્ડ એ માત્ર બ્રેઈલમાં ઈન્સ્યોરન્સ પોલિસી નથી; તે સશક્તિકરણ અને સમાન તકનો સંદેશ છે.

અન્ય સમાચારો
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# નવસારી જિલ્લાના બે શિક્ષકોને મુખ્યમંત્રીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિકથી સન્માનિત કરાયા





**નવસારી, તા.૦૫ :** એક શિક્ષક સમર્પણભાવથી, પ્રામાણિકતા પૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરે, તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે. શિક્ષકની શક્તિ અપરંપાર છે. શિક્ષણથી મોટું પવિત્ર કર્મ બીજું કોઈ નથી. આ સૃષ્ટિમાં શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક રાષ્ટ્ર નિર્માતા, સમાજ નિર્માતા અને પરિવાર નિર્માતા છે. સુખ અને શાંતિનો આધાર શિક્ષક છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ટાગોર હૉલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ભવ્ય સમારોહમાં રાજ્યના ૨૮ શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કર્યું હતું. નવસારી જિલ્લા માટે ગર્વની બાબત છે કે નવસારી જિલ્લાના બે શિક્ષકોની પસંદગી 'શ્રેષ્ઠ રાજ્ય શિક્ષક' તરીકે થઇ હતી.

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ખુ.વ.સા.હાઈસ્કુલ દયાળનગર અને મ..ની.ના.ઉ.મા શાળા મણિનગર ગણદેવાના આચાર્ય ડો.વિરલકુમાર અમૃતલાલ દેસાઇ તથા નવસારી તાલુકાના બીઆરસી રિસોર્સ સેન્ટર, ઈટાળવાના બી.આર.સી કોર્ડીનેટર શશિકાન્ત જેરામભાઈ ટંડેલને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ગાંધીનગર ખાતે 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેના માટે સમગ્ર નવસારી જિલ્લા તંત્ર દ્વારા બન્ને શિક્ષક મિત્રોને નવસારી જિલ્લાનું ગૌરવ વધારવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

(પાના નં.૧નું ચાલુ...)

**વલસાડમાં રીક્ષા............**

બનાવવાનું કામ કરી રહી હોય તે રોડની બાજુમાંથી ગટર લાઈન પસાર થાય છે. ભવિષ્યમાં રસ્તો પહોળો થાય તો આ દિવાલ બનવાથી ટ્રાફીકની ખૂબ મોટી ગંભીર સમસ્યા ઉભી થાય એમ છે. એક માસ પહેલા જગ્યા ઉપર જથી ૫ લારીવાળા ઈંડા, ભજીયા, ચાની લારી મુકતા હતાં. એનાથી વિવાદ ઉભો થયો હતો. હાલે જે જગ્યાએ દિવાલ બનાવવામાં આવી રહી છે. આ જગ્યા ઉપર ધરમપુર તથા અન્ય ગામોના આદિવાસી લોકો મજુરી કરવા આવે છે. એમની ઉપર કોઈ બસવાળો કે ફોર વ્હીલવાળો ટકકર મારીને જતો રહે અને એમા કોઈનો હાથ-પગ તૂટી જાય અને મોટી જાનહાનિ થાય તો જાનથી હાથ ધોવા પડે એમ છે. આથી રિક્ષા ચાલકોએ દિવાલની બાજુમાં જાહેર રોડ ઉપર રિક્ષા ઉભી રાખીને રોજીરોટી ચલાવવા મજબુર બન્યા છે. આ દિવાલ ન બનાવીને રિક્ષા ચાલકો અને આમ જનતાને ટ્રાફિક અડચણ ન થાય અને કોઈ જાનહાનિ ન થાય તેવા શુભ આશયથી આ દિવાલ ન બનાવાઈ જે માટે રિક્ષા ચાલકોએ માંગણી સાથે વલસાડ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# બુલેટ ટ્રેન બ્રીજના કામને લઈ સેલવાસ નરોલી રોડ પાંચ દિવસ બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૬:** દાનહના નરોલીમાંથી બુલેટ ટ્રેન પસાર થઈ રહેલી છે. નરોલી ખાતે એચપી પેટ્રોલ પંપ (હવેલી પેટ્રોલિયમ) નજીક બુલેટ ટ્રેનના બ્રીજનું કામ શરૂ થવાનું હોવાથી તમામ પ્રકારની વાહનોની અવરજવર માટે આ રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. આ રસ્તો ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી તથા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ભીલાડ તરફ જતા અથવા ભીલાડથી આવતા તમામ મોટરસાયકલો અને હળવા મોટર વાહનોને હોટેલ પુષ્પક - નવા ફળિયા - નરોલી ચાર રસ્તા પાસેના રસ્તાથી અને તેનાથી વિપરીત માર્ગેથી વાળવામાં આવશે. ભીલાડ તરફ જતા અથવા ભીલાડથી આવતા તમામ પેસેન્જર, ભારે અને કોમર્શિયલ વાહનોને ભીલાડ થઈ ઝરોલી થઈને ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

# ધરમપુરમાં રવિવારે હૃદયરોગી બાળકો માટે મફત સર્વ નિદાન યજ્ઞ થશે

**ધરમપુર, તા.૦૬ :** ૧૮ વર્ષથી નીચેના તમામ બાળકોમાં હૃદયરોગના લક્ષણો જેવા કે છાતીમાં દુઃખાવો, ચામડી, નખ, હોઠ વગેરે નીલા થઈ જવા, હૃદયના અનિયમિત ધબકારા, દુધ પીતા પીતા માથે પરસેવો આવવો, વજન ન વધવું, જલ્દીથી અને વારંવાર થાકી જવું વિગેરે તકલીફ થતી હોય તો વલસાડ જિલ્લાની સુ-સિદ્ધ ધરમપુર- બિલપુડી ખાતેની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં રવિવારે -૮/૯ એ નિદાન યજ્ઞનું આયોજન વિના મૂલ્યે થયું છે.

બાળ દર્દીઓના હૃદયની સોનોગ્રાફી (૨ઝ ચ્હૂત્ર), કાર્ડિયોગ્રામ (ECG), ઓક્સીજનનું માપ (SpO2) દ્વારા તપાસ કરવામાં આવશે. તજજ્ઞ તબીબની સલાહ અને તપાસ, અન્ય જરૂરી તપાસ અને દવા જરૂર પડીએ શસ્ત્રક્રિયા સર્જરી પણ મફતમાં થશે. તા. ૦૮-૦૯-૨૦૨૪, રવિવારે સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ ક. સુધી. માં ઈચ્છુકોએ ભાગ લેવા માટે ૦૨૬૩૩ ૩૫૨ ૦૧૦ થી નામ નોધાવવું પ્રસંપર્ક કરવો સાથે આવો ત્યારે આધાર કાર્ડ લાવવો ફરજિયાત છે.

# વઘઈ સાપુતારા માર્ગ ઉપર વધુ બે અકસ્માત

**સાપુતારા, તા.૦૬:** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં દેવીપાડા ગામની સીમમાં કાર ચાલકે પોતાના કબજાની કાર પરથી કાબૂ ગુમાવતા ટ્રકને ટક્કર મારી દીધી હતો. ત્યારે અકસ્માત સર્જાતા ટ્રકને તથા કારને નુકશાન થયુ હતુ. જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના દેવીપાડા ગામની સીમમાં વઘઈથી સાપુતારા રોડ ઉપર હનુમાન મંદિર પાસે એક ટેરાનો એક્સયુ ડી.સી. ટી. કાર રજી. નં.જીજે-૦૫-જેકે-૫૬૪૦ ના ચાલકે પોતાના કબજાની કાર પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. અને ફકીરમામદ સુલેમાન હોથીની ટ્રક નં.જીજે-૧૨-એડબલ્યુ- ૯૨૨૦ના આગળના ભાગે કાર ભટકાવી દેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારના આગળના બોનેટ ના ભાગે નુકસાન થયુ હતુ. તથા ટ્રક આગળના ભાગે આવેલ હેડ લાઈટ તથા બમ્પરને નુકશાન પહોંચ્યુ હતુ. તેમજ કારમાં બેસેલ વ્યક્તિઓને પણ શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી.જયારે બીજા બનાવમાં ચીખલદા નજીક દૂધનો જથ્થો ભરેલ પિકઅપ ટેમ્પો પુલની સંરક્ષણ દીવાલ પર ચડી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આજરોજ મળસ્કે મહારાષ્ટ્રનાં નાસિક તરફથી દૂધનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ પિકઅપ ટેમ્પો. ન.એમ.એચ.૧૭.સી.વી.૨૬૨૯ જે સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં ચીખલદા-દાબદર ફાટકની વચ્ચે આવેલ પુલની પાકી બનાવેલ સંરક્ષણ વોલ પર ચડી જતા ઘટના સ્થળે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં પિકઅપ ટેમ્પો સંરક્ષણ વોલ પર અટકી જતા મોટી દુર્ઘટના ટળી હતી. આ અકસ્માતનાં બનાવમાં પિકઅપ ટેમ્પોને જંગી નુકશાન થયુ હતુ. હાલમાં આ બન્ને બનાવ સંદર્ભે પોલીસની ટીમે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજથી ૧૧ દિવસ સુધી ભાવિક ભક્તો ગણપતિ બાપાની સ્થાપના કરી પૂજા અર્ચના કરશે



**ચીખલીનો પત્ર**
જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી

આજથી ગણેશ ભક્તો દ્વારા ૧૧ દિવસ માટે ગણપતિ બાપાની સ્થાપના કરી પૂજા અર્ચના કરવામાં આવશે જેવી ભક્તોની શક્તિ તે પ્રમાણે ગણેશ સ્થાપનાઓમાં ખર્ચાઓ કરવામાં આવતા હોય છે પહેલા ગામમાં એક જ ગણપતિની સ્થાપના કરવામાં આવતી હતી પરંતુ આજે શહેરી વિસ્તારને બાદ કરતા ગામની ગલી ગલીએ ગણપતિ બાપાની સ્થાપના કરેલ જોવા મળતી હોય છે કેટલાક ભક્તો મન્નતના ગણપતિની સ્થાપના કરતા હોય જેને દોઢ દિવસ કે ત્રણ દિવસ પૂજા અર્ચના કરી વિસર્જન કરી દેવામાં આવતા હોય છે ત્યારે કેટલાક ભાવિક ભક્તો ૧૧ દિવસ સુધી બાપાના ભજન કીર્તન કરી ગુણ ગાન ગાશે.

હિન્દુ ધર્મમાં શુભ પ્રસંગોમાં ગણપતિ બાપાની સૌપ્રથમ પૂજા કરી કોઈપણ શુભ કાર્યની શરૂઆત કરવામાં આવતી હોય છે ત્યારે આજથી ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવશે અને ભાવિક ભક્તો દ્વારા પાંચ, સાત અને ૧૧ દિવસ સુધી ગણપતિ બાપા ની પૂજા અર્ચના કરવામાં આવશે ગણપતિ ઉત્સવ સૌપ્રથમ મુંબઈ વિસ્તારમાં ધામધૂમથી ઉજવવામાં આવતો હતો પરંતુ હવે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં મોટા કદની મૂર્તિઓ જે લાખો રૂપિયાની હોય જેની ખરીદી કરી મંડપમાં સ્થાપના કરવામાં આવતી હોય છે ગામડાની ગલીઓમાં રહેતા ભાવિક ભક્તોને ગણેશ ઉત્સવનું ઘેલું લાગ્યું છે ઘર દીઠ ફાળો ઉઘરાવી તેમજ નવ યુવાનો ભેગા મળી સુંદર રીતે ડેકોરેશન કરી ગણપતિની મહારાજ પાસે પૂજા કરી ગણપતિનું સ્થાપન કરવામાં આવતું હોય છે અને જેટલા દિવસ ગણપતિની સ્થાપના હોય એટલા દિવસ ગામમાં જમણ વારો પણ કરવામાં આવતો હોય છે ગણપતિનું આગમન પણ ઢોલ નગારા અને ડીજેના તાલે નાચ ગાન સાથે કરવામાં આવી રહ્યું છે ગણપતિની મૂર્તિ બનાવતા કલાકારો પણ ગણપતિ તહેવાર દરમિયાન લાખો રૂપિયાની મૂર્તિનું વેચાણ કરી લેતા હોય છે અને આખા વર્ષનો ધંધો એક બે મહિનામાં જ કરી લઈ બેસી જતા હોય છે જયારે ડેકોરેશન સંચાલકો તેમજ મંડપ માલિકો પણ સારો એવો ધંધો કરી લેતા હોય છે જ્યારે ઢોલ નગારા અને ડીજે સંચાલકો પણ કોઈ કસર છોડતા નથી એટલું જ નહીં પરંતુ ગણપતિ વિસર્જન સમયે મંડળના ભાવિક ભક્તો એકસરખા ડ્રેસ કોડ અને લાખો રૂપિયાના ઓરકેસ્ટ્રા તથા બેન્ડ પાર્ટી બોલાવી નાચ ગાન સાથે અબીલ ગુલાલની છોળો ઉડાડી વિસર્જન યાત્રા કાઢવામાં આવતી હોય છે શહેરી વિસ્તારોમાં વિસર્જન સમયે કેટલાક જાહેર માર્ગોને એક માર્ગીય જાહેર કરી દેવામાં દેવાતા હોય છે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાતી વિસર્જન યાત્રા ચોઘડિયા પૂર્ણ થઈ ગયા બાદ બીજા દિવસે ગણપતિનું વિસર્જન થતું હોય છે લાખો રૂપિયાનું ખર્ચા ગણપતિ સ્થાપનામાં દરેક મંડળો કરી નાખતા હોય છે. ત્યારે આજે એકબીજા મંડળો વચ્ચે પણ હરીફાઈ થતી જોવા મળી મળતી હોય છે અને ગણપતિ બાપા ના ૧૧ દિવસ પૂજા અર્ચના કરવાના બદલે દેખાદેખી કરતા વધુ જોવા મળતા હોય છે. જેના કારણે ગણપતિ બાપાની સ્થાપનાનો ભાવ ભુલાતો જઈ રહ્યો છે.

# ખૂંધ પોકડા ગામે જુગાર રમતા ચાર ઝડપાયા: બે ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૬:** ચીખલી તાલુકાના ખૂંધ પોકડા ગામે ચીખલી પોલીસે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા ચાર જુગારીને ઝડપી પાડી રોકડા રૂપિયા ૩૨.૭૯૦, પાંચ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૮.૦૦૦ બે મોટરસાયકલ કિંમત રૂપિયા ૪૫.૦૦૦ મળી કુલ રૂ. ૯૫.૭૯૦ નો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે પોલીસની રેડ જોઈને બે જુગારી નાસી છૂટ્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નજીકના ખૂંધ પોંકડા નિશાળ ફળીયા ખાતે રહેતા સંજય ગાંડાભાઈ કોળી પટેલ ના ઘરની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં મોટા પાયે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ચીખલી પોલીસ મથકના પીઆઈ એનએમ આહીરને મળતા પોસઈ સમીર કડીવાલા અને ડી સ્ટાફના માણસો સાથે સાંજના સમયે ઘટના સ્થળે જઈ રેડ પાડતા તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા ચાર જુગારીયા ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા પોલીસે રોકડા રૂપિયા ૩૨. ૭૯૦ પાંચ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૮.૦૦૦ બે મોટરસાયકલ કિંમત રૂપિયા ૪૫.૦૦૦ મળી કુલ રૂ. ૯૫.૭૯૦ નો મુદ્દા માલ જપ્ત કર્યો છે પકડાયેલ જુગારીયાઓમાં સંજય ગાંડાભાઈ પટેલ રહે ખુંધ, હિરલ ત્રિકમ પટેલ રહે. બામણવેલ, સુરેશ ગોપાલ હળપતિ રહે ખૂંધ, નરેશ કાંતુ નાયકા પટેલ રહે આલીપોર પોલીસની રેડ જોઈને નાસી છૂટેલ વિજય પ્રભાકર ઝામઘાડે રહે. બામણવેલ, ઉત્તમ રાયસીંગ પટેલ રહે.માણેકપોર જેની સામે કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ વધુ ચીખલી પોલીસ કરી રહી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME JIGNABEN THAKARSHIBHAI BUHA AND I WILL BE KNOWN AS NEW NAME JIGNASHABEN JAYESHBHAIKUMAR BORAD WHICH PLEASE NOTE SD- JIGNASHABEN JAYESHBHAIKUMAR BORAD

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME NIKHAT UZMA GAWANDI AND I WILL BE KNOWN AS NEW NAME SYEDA NIKHAT UZMA SHAHIDALI WHICH PLEASE NOTE SD- SYEDA NIKHAT UZMA SHAHIDALI

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME JAYESH BORAD AND I WILL BE KNOWN AS NEW NAME JAYESHKUMAR BABUBHAI BORAD WHICH PLEASE NOTE SD-JAYESHKUMAR BABUBHAI BORAD

**GUJARAT COTEX LIMITED**
Where Information, Innovation and Technology are the Key words
Regd.Office: Shop No. 4, 1st Floor, Shanti Complex, Opp. Patel Petrol Pump, Amli, Silvassa 396230, Contact No. +91 93279 77729 Email : jayprabha@hotmail.com, Website : www.gujcotex.co Corporate Identity Number : L46411DN1996PLC000116

**NOTICE OF ANNUAL GENERAL MEETING, BOOK CLOSURE, RECORD DATE AND EVOTING**

NOTICE IS HEREBY GIVEN that the Annual General Meeting of **GUJARAT COTEX LIMITED** will be held on Saturday, 28th September, 2024, at the Hotel Soubhagya Inn, Plot No. 116/3/1, Silvassa – Vapi Main Road, Amli, Silvassa 396230 at 09:30 a.m.

Notice of the Meeting has been emailed to members whose email address is available and has been sent to others by prescribed mode. The notice along with annual report has also been placed on website of the company.

Notice is further given that:

1. The business proposed in the notice of AGM may be transacted through voting by electronic means.
2. The e-voting shall commence on 25/09/2024at 09.00 a.m.
3. The e-voting shall end on 27/09/2024 at 05.00 p.m.
4. The cut-off date for entitlement of e-voting shall be 21/09/2024.
5. The persons who have acquired shares after dispatched of notice may obtain the login ID and password by sending a request at jayprabha@hotmail.com.
6. Remote e-voting shall not be allowed beyond end of e-voting period.
   The Company is providing electronic voting facility from a place other than venue of AGM ("remote e-voting") provided by Central Depository Services (India) Limited (CDSL) to its members in respect of the business to be transacted at the ensuing AGM.
   A member may participate in Annual General Meeting even after exercising his right to vote through remote e-voting but shall not be allowed to vote again in the meeting.
   A person whose name is recorded in the register of members or in register of beneficial owners maintained by the depositories as on cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting in general meeting.
7. The website address of the company is www.gujcotex.co and that of CDSL is www.evotingindia.com.
8. The grievances connected with facility for e-voting by electronic means may be refer to Mr. Utpal Shah, Regional Officer, Ahmedabad, CDSL, 203/204, Abhishree Avenue, 2nd floor, Near Nehru Nagar Circle, S. M. Road, Ambavadi, Ahmedabad - 380 015 at email: utpals@cdslindia.com, Tel.: 079-32936232

NOTICE IS ALSO HEREBY GIVEN pursuant to Section 91 of the Companies Act, 2013 that the Register of Members and the Share Transfer Books of the Company will remain closed from 22/09/2024 to 28/09/2024(both days inclusive).

For Gujarat Cotex Limited
Shaileshkumar Jayantkumar Parekh (Managing Director) (DIN: 01246270)
Place: Surat
Date: 03/09/2024

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

અરજદારશ્રી : ખાલપીબેન મનીષભાઈ નાયકા — જ.મ.પ.અ.નં.૨/૨૦૨૪
રહે. વેરી ફળિયા, હરિયા, પો.અતુલ, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પારડી પારનેરા,
તા.જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાલપીબેન મનીષભાઈ નાયકા, રહે. વેરી ફળીયા, હરિયા, પો. અતુલ, તા.જી.વલસાડનાએ તેમના પિતા ભાણાભાઈ મગનભાઈ નાયકાનું મરણ તા.૧૯-૦૯-૨૦૦૩ ના રોજ મોજે.પારડી પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ(ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એડીએમ/મરણ/રજી નં.૧/૨૦૨૪
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ,
તા.જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિં/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી.૭૮-૨૦૨૪

અરજદાર : બચુભાઈ હીરાભાઈ પટેલ
રહે. સોનવાડા પટેલ ફળિયા તા.પારડી
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી સોનવાડા
તા.પારડી જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી બચુભાઈ હીરાભાઈ પટેલ, રહે. સોનવાડા પટેલ ફળિયા તા.પારડી જી.વલસાડનાઓએ તેઓના પુત્રી મીનાબેન બચુભાઈ પટેલનું જન્મ તા.૧૧-૦૫-૧૯૭૮ના રોજ મોજે. સોનવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.૭૮-૨૦૨૪/૨૦૨૪
કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી, તા.પારડી જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિં/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી

**ગુજરાત રાજ્ય**
**નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૧૧ સને ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યના મા. રાજ્યપાલ શ્રી વતી થી કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા નહેર વિશાખા વિભાગ નં.૩ બલિઠા (વાપી) ફોન નં. ૦૨૬૦-૨૪૩૨૨૦૪ તરફથી કન્સ્ટ્રકશન ઓફ પાર્કિંગ શેડ એન્ડ ટેરેસ શેડ એટ ક્વોલેટી કન્ટ્રોલ સબ ડીવીઝન એટ ધરમપુર (દસેરાપાટી) તા. ધરમપુર જી.વલસાડનું કામ જેની અંદાજીત કિંમત રૂા. ૪.૧૪ લાખ છે. આ કામો માટે ગુજરાત સરકારમાં માન્ય ઈજારદાર તરીકે નોંધાયેલ ઈ-૨ વર્ગ અને તેની ઉપરના ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જરૂરી લગતા દસ્તાવેજો તથા નિયત ટેન્ડર ફી રજુ કર્યેથી આ કામોના કોરા ટેન્ડર આપવામાં આવશે જેની છેલ્લી તા.૨૦/૦૯/૨૦૨૪નાં રોજ ૧૬.૦૦ કલાક સુધી તથા ભરેલ ભાવપત્રકો રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ ૧૬.૦૦ કલાક સુધી છે. શક્ય હશે તો આ ટેન્ડર તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ ૧૬.૩૦ કલાકે ખોલવામાં આવશે.

નોંધ :- ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો હક્ક કાર્યપાલક ઈજનેરશ્રીની હસ્તક અબાધિત રહેશે. જેના માટે કોઈ કારણ આપવામાં આવશે નહી.

નં.માહિતી/વલસાડ/૨૮૧/૨૦૨૪

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

અરજદારશ્રી : ખાલપીબેન મનીષભાઈ નાયકા — જ.મ.પ.અ.નં.૧/૨૦૨૪
રહે. વેરી ફળિયા, હરિયા, પો.અતુલ, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પારડી પારનેરા,
તા.જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાલપીબેન મનીષભાઈ નાયકા, રહે. વેરી ફળીયા, હરિયા, પો. અતુલ, તા.જી.વલસાડનાએ તેમના માતા પાર્વતીબેન ભાણાભાઈ નાયકાનું મરણ તા.૨૦-૦૭-૧૯૮૭ ના રોજ મોજે.પારડી પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ(ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એડીએમ/મરણ/રજી નં.૧/૨૦૨૪
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ,
તા.જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિં/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ

**torrent POWER DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૯:૩૦ થી સાંજના ૦૬:૩૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૧/૦૯/૨૦૨૪ બુધવાર | આમલી | ૧૧ કેવી આમલી-૨ | બી.એમ. રાજ ઈન્ડ., જય પાન ઈન્ડ., સહજ એન્ટરપ્રાઈઝ, વેલપેટ ટેકોપેક, આશિર્વાદ બિઝનેસ, એગ્રી કોર્પોરેશન, હર્ષ પોલી પ્રોડક્ટ, શ્રી સાંઈ બાબા લોજીસ્ટીક |
| | વાઘધરા | ૧૧ કેવી વાઘધરા-૩ | મુચ્યુઅલ ઈન્ડ., પ્રેમકો ઈન્ડ., અર્જુન આઈ.ઈ., ચેકપોસ્ટ વિસ્તાર અને ગૌતમ ગેસ વિસ્તાર |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond · dinesh · Siyarams · DONEAR · DIGJAM · NIRVAN · ICON · Kripton
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૧૭૬

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
MAYUR FOOTWEAR
ADDA · VKC pride · sparx · RELAXO · Paragon · Bata · Lakhani · campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Saturday 07, September 2024

# દમણગંગા ટાઇમ્સ









## ક્ષમા: મુક્તિનો દિવ્ય દરવાજો

માનવને આજ સુધી તેના આંતરશત્રુઓએ પીવડાવેલાં રાગદ્વેષનાં વિષનું વમન કરાવીને ક્ષમાના અમૃતજળનું આચમન કરાવવાનો શુભ અવસર એટલે સંવત્સરી* પશ્ચાત્તાપની પાવન અશ્રુધારા દ્વારા પાંપણના પડળને પખાળવાનું પુનિત પર્વ એટલે જ સંવત્સરી. પર્યુષણના સુરમ્ય સરોવરમાં આઠમા દિવસે ખીલે છે કરુણાનું કમળ. જેની પાંખડી પર લખી છે 'વંદિતુ સૂત્ર'ની ગાથા.

''ખામેમી સવ્વે જીવા, સવ્વે જીવા ખમન્તુ મે । મિત્તિ મે સવ્વ ભૂષણુ, વેરં મજં ન કેણઇ ।।''

હે જગતના સર્વ જીવો, હું અંતઃકરણથી આપની ક્ષમા માગું છું, આપ સૌ મને ક્ષમા આપશો. સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે મારે મૈત્રી છે. કોઈ પ્રત્યે મને દ્વેષ નથી.

સમગ્ર માનવજાત પાસે ક્ષમા 'મૈત્રી' કરુણા અને અભયનો આવો બીજો દસ્તાવેજ નથી. કાયામાંથી અને કાળજામાંથી કટુતા.. ક્રૂરતા.. અને કડવાશ કાઢી નાખવાનો કીમિયો એટલે જ 'મિચ્છામિ દુક્કડમ્' આકાશમાંથી અવિરત અને અનરાધાર વરસતી જલધારા જેને ધોઈ ન શકે... સતત ઊછળતા સાગરનાં જલતરંગો જેને ધોઈ ન શકે.. ગંગાની પાવનધારા પણ જેને ધોઈ ન શકે તે પાપપૂંજને પશ્ચાત્તાપના બે અશ્રુબિંદુ સહજ ધોઈ શકે. આવું શુદ્ધ હૃદયનું આંસુ પલટાવી નાખે જીવનનું પાસું.



ભિલાડ નગરે જૈન પર્વ પર્યુષણ મહાપર્વની ઉજવણી સાથે આઠ ઉપવાસ કરતાં તપસ્વીને આજે વાજતે ગાજતે સકલ શ્રી સંઘ દ્વારા પૂ. સાધ્વીજી ગુરુમહારાજ પાસે અઠ્ઠાઈના પચ્ચખાન આપવામાં આવ્યા, આ સુંદર અઠ્ઠાઈની આરાધના ત્રણ નાના બાળકોએ પણ કરતાં સહુંએ એઓની ભુરી ભુરી અનુમોદના સાથે જય જયકાર કરી જૈનંમ જયંતિ શાશનમ સાથે સહું તપસ્વીઓની સુખશાતા પુછી.

### ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર

## ઉમરગામના આરોપી સામે માત્ર નવ દિવસમાં સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ

**પોક્સો કોર્ટ દ્વારા ભોગ બનનારને ૨.૬૨ લાખ રૂપિયા ફરિયાદના સ્ટેજે ૨૫ ટકા વળતર ચુકવવાનો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૬:** દસ દિવસ અગાઉ ઉમરગામ આવેલી એક ચાલીમાં ૩ વર્ષીય બાળકીને બાથરૂમમાં લઈ જઈ બાળકી સાથે અડપલાં કરી દુષ્કર્મ કરવાની ઘટના બાદ જિલ્લા પોલીસને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ની ટીમ દ્વારા આરોપીને મેડિકલ, ટેકનિકલ સહિત તમામ પુરાવાઓ એકત્ર કરી માત્ર નવ દિવસમાં આરોપી વિરોધ સ્પેશિયલ પોક્ષો કોર્ટમાં ૪૭૦ પાનાની ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે આ ઉપરાંત આ કેસ બોક્સ ઓફિસના સ્પેશિયલ કેસ ડીજીપી મુખ્ય સરકારી વકીલ દ્વારા ચલાવવામાં આવશે તેમજ પોક્સો એક્ટ તથા ગુજરાત સરકારની ભોગ બનનારને વળતર આપવાની યોજના હેઠળ ભોગ બનનારના પરિવારને રૂા.૨.૬૨ લાખ રૂપિયા ફરિયાદના ૨૫ ટકા વળતર



ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

દસ દિવસ અગાઉ વલસાડ જિલ્લાના છેવાડે આવેલા ઉમરગામની એક ચાલીમાં રહેતી ત્રણ વર્ષે બાળકીને તેના પિતાના જ મિત્રએ બાથરૂમમાં લઈ જાય અડપલા કરી દુર્ષ્કમ આચરતા ચાલીમાં રહેતી મહિલાએ જોઈ માતાને જાણ કરતા વિસ્તારના રહીશો દોડી ગયા હતા અને જે અંગે વલસાડ જિલ્લા પોલીસવડા ડૉ. કરનરાજ વાઘેલાને જાણ કરતાં તેઓ પોતાની પોલીસ ટીમ સાથે દોડી ગયા હતા અને માત્ર એક જ કલાકમાં આરોપી ઝારખંડ ભાગી જાય તે તેને મહારાષ્ટ્રના પાલઘર રેલવે સ્ટેશન પરથી ટ્રેનમાંથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીને ઉમરગામ મામલતદાર સમક્ષ ઓળખ પરેડ તથા મેડીકલ કરાવી જરૂરી પૂછપરછ અને રિમાન્ડ પુરા થતા આરોપીને ફરીવાર કોર્ટમાં રજૂ કરતા આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. સીટની ટીમે મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીના નિવેદન લેવામાં આવ્યું હતું. વાપી ડીવાયએસપી બી.એન. દવેના નેતૃત્વમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા મેડિકલ ટેકનિકલ ફોરેન્સિક સહિતના તમામ પુરાવાઓ એકત્ર કરી વલસાડ જિલ્લાના ઈતિહાસમાં માત્ર નવ દિવસમાં આરોપી વિરુદ્ધ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ૪૭૦ પાનાની ચાર સીટ રજૂ કરવામાં આવી છે. આ કેસ પોક્સો કેસના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠી મુખ્ય સરકારી વકીલ વલસાડ જિલ્લા દ્વારા ચલાવવામાં આવશે. તેમજ પોક્સો એક્ટ તથા ગુજરાત સરકારની ભોગ બનાને વળતર આપવાની યોજના હેઠળ ભોગ બનનારના પરિવારને ૨,૬૨,૫૦૦ રૂપિયા ફરિયાદના સ્ટેજે ૨૫ ટકા વળતર ચૂકવવાનો વલસાડ જિલ્લાનો ઐતિહાસિક હુકમ પોક્સો કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

## ચણોદ કોલોનીમાં ગણેશ મંડપનું કામ કરી રહેલ યુવાનને કરંટ લાગતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૬:** વાપી જીઆઈડીસીના ચણોદ કોલોની ખાતે આવેલ શ્રીરામ મંદિરની બાજુમાં ગણેશ મંડપમાં વિજ કરંટ લાગતા ૨૪ વર્ષીય કપરાડાના સુનિલ પ્રભુભાઈ ભરકુંડનું મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ વાપી જીઆઈડીસીના ચણોદ કોલોની ખાતે આવેલ શ્રીરામ મંદિરની બાજુમાં ગણેશોત્સવ અંતર્ગત આયોજકો દ્વારા મંડપ બાંધતી વખતે લોખંડની એંગલ ઉપર ચઢી કામ કરી રહેલા સુનિલભાઈ પ્રભુભાઈ ભરકુંડ રહે. કપરાડાનાને વિજ કરંટ લાગતા આશરે ૧૫ થી ૨૦ ફુટ ઉંચાઈ પરથી જમીન પર પડતા તેને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક વાપીની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતાં ત્યાં ફરજ પરના તબીબોઓ મૃત જાહેર કર્યો હતો. જે અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે હાલમાં મૃતદેહનો કબ્જો લઈ પીએમ કરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## અમલસાડ સ્ટેશને ટ્રેનની અડફેટે યુવાનનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા,તા.૬: ગણદેવીના અમલસાડ રેલ્વે સ્ટેશનની દક્ષિણે શુક્રવારે મધ્ય રાતના અપ રેલ્વે લાઈન પર સૌરાષ્ટ્ર ટ્રેનની અડફેટે આવતાં યુવાનનું મોત નિપજ્યું હતું.

અમલસાડ રેલ્વે સ્ટેશનની દક્ષિણે યાર્ડમાં કિ.મી. નં. ૨૨૦/૩૫-૨૯ ની વચ્ચે રેલ્વે લાઈન પર શુક્રવારે મધ્ય રાતના ટ્રેન નં ૧૯૨૧૮ અપ સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનની ટક્કર વાગતાં માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ થતા યુવાનનું મોત નીપજ્યું હતું. મૃત્યુ થનાર યુવાનની ઓળખ થયેલ નથી તેમજ વાલીવારસો મળી આવેલ નથી. મૃતક યુવાન ની ઉ.આ. વ.૨૦ થી ૨૫ વર્ષ, શરીરે પાતળા બાંધાનો, ઊંચાઈ ૫ ફૂટ ૭ ઇંચ,રંગે ઘઉંવર્ણ, શરીરે કાળા સફેદ કલરનું ચોકડી વાળું આખી બાયનું શર્ટ તથા કમરના ભાગે કાળા કલરનું પેન્ટ, સેગાની કંપનીનો મહેંદી કલરનો જાંગીયો અને પગમાં પ્લાસ્ટિકના કાળા તથા સફેદ કલરના ચંપલ પહેરેલા હતા. બીલીમોરા રેલ્વે પોલીસે અ.મોત.નં.૭૫/૨૦૨૪ બી એન એસ એસ કલમ ૧૯૪ મુજબ બનાવ નોધી તપાસ હાથ ધરી છે. મૃતકના વાલી વારસો એ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટનો સંપર્ક કરવા જણાવ્યું છે.


## સેલવાસ શેરમાર્કેટ પ્રકરણમાં વધુ એકની અટકાયત બાદ ચાર દિવસના રિમાન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૬:** શેરબજારમાં રોકાણ કરાવી ઊંચું વળતર આપવાની સ્કીમ આપીને લોકોને કરોડોનો ચૂનો ચોપડનાર મસાટના આકાશ પટેલને પોલીસે ઝડપી પાડ્યો હતો. જે હાલ જેલમાં છે. તેનો સાગરીત કિરણ નામકુડીયાની પોલીસે ધરપકડ કારી હતી અને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

સેલવાસ પોલીસ સ્ટેશનમાં વિનય કિરણભાઈ શાહ રહે. ભસ્તા ફળીયા સેલવાસ દ્વારા નોંધાયેલી એફ.આર.આઈ મુજબ મસાટના રહેવાસી આકાશ પટેલ અને તેના એજેન્ટ કિરણ સુરેશ નામકુડીયા દ્વારા શેરમાર્કેટમાં રોકાણ કરી રોજના ૧ ટકા વળતર આપવાની લાલચ આપીને રોકાણ કરાવ્યું હતું. પરંતુ દર મહીને ફિક્સ પૈસાનું વળતર આપવાનું કહીને પૈસા પરત ન કર્યા હતા. આથી પોતાની સાથે ધોકો થયો હોવાનું જણાતા વિનય શાહે સેલવાસ પોલીસ સ્ટેશનમાં આકાશ અને તેના એજેન્ટ વિરુદ્ધ એફ.આર.આઈ નોંધાવી હતી. આકાશ પટેલ અને કિરણ નામકુડીયા વિરુદ્ધ IPCની સેક્સન ૪૦૬, ૪૨૦ અને ૩૨ કલમો લગાવીને એફ.આઈ.આર નોંધીને આકાશ પટેલની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેનો સાગરીત કિરણ નામકુડીયા ફરાર હતો જેની આજરોજ પોલીસે ધરપકડ કરી હતી. અને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૪ દિવસના રિમાન્ડ આપ્યા હતા.આ કેસમાં વધુ તપાસ કરવામાં આવે તો પૈસા ડબલ કરી આપવા બહાને લોકો પાસે રોકાણ કરાવનાર ઘણા લોકોના નામ ખુલી શકે એમ છે. પોલીસ દ્વારા પૈસાની ઉચાપત કરી જતી આવી સ્કીમ ચલાવનાર ઉપર ચાંપતી નજર રાખવી જરૂરી છે જેથી સામાન્ય લોકો સાથે નાણાંકીય છેતરપીંડી ન થાય. આ કેસમાં આગળની કાર્યવાહી સેલવાસ પોલીસ કરી રહી છે.

## બીલીમોરાના જીનાલાયોમાં પર્યુષણ નિમિત્તે પ્રભુજીને ભવ્ય અંગ રચના કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૬:** જૈન ધર્મમાં પવિત્ર એવા પર્વાધીરજ પર્યુષણ મહાપર્વ હાલ ચાલી રહ્યુ છે. બીલીમોરા ના નવાપુરા તેમજ ગોહરબાગ સ્થિત શ્રી શાંતિનાથ ભગવાન જિનાલય તેમજ શ્રી નેમિનાથ ભગવાન જીનાલાયમાં મૂળનાયક પ્રભુજીને ભવ્ય અંગ રચના કરવામાં આવેલ હતી. જેનો મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાએ દર્શન વંદનનો લાભ લીધો હતો. હાલ પર્યુષણ પર્વ દરમિયાનમાં રોજ ભવ્ય અંગરચના તેમજ સંધ્યા ભક્તિ કરવામાં આવી રહી છે.

## દાનહની દરેક ગ્રા.પં.માં ૯ સપ્ટેમ્બરે રોજગાર દિવસ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૬:** મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી અધિનિયમ (મહાત્મા ગાંધી નરેગા) હેઠળ ૦૯ સપ્ટેમ્બરના દિવસે રોજગાર દિવસની દાદરા અને નગર હવેલીની દરેક ગ્રામ પંચાયતમાં ઉજવણી કરવામાં આવશે અને આજ પ્રમાણે રોજગાર દિવસની ઉજવણી દર મહિનાના બીજા સોમવારે દાદરા અને નગર હવેલીની દરેક ગ્રામ પંચાયત ઉપર રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ રોજગાર દિવસના આયોજનનો મુખ્ય હેતુ ગ્રામિણ વિસ્તારમાં રોજગાર અવસર પુરા પાડવાનો અને ગ્રામિણ વિસ્તારોને લોકોને આત્મનિર્ભર બનવામાં મદદ કરવાનો છે. મહાત્મા ગાંધી નરેગા હેઠળ ગામના લોકો માટે ઉપલબ્ધ વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. તદુપરાંત નવા લાભાર્થીયોની નોંધણી માટેની અરજીયો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જે તે ગ્રામ પંચાયત સભ્યો, કામદારો અને સ્થાનિક નાગરિકોને આમંત્રણ આપવામાં આવે છે.

### એસી ચાલુ કરવા જતાં

## ગુંદલાવ હાઈવે પર કારમાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૬:** વલસાડ નજીકના ગુંદલાવ હાઈવે પર આવેલી ફલાહ હોટલ સામે આજે સવારે એક ઈન્ડિકા કાર નંબર જીજે ૧૫-ડીડી-૨૫૩૦ ના ચાલક રોહિતભાઈ ઓઝા જેવો પોતાના કામ અર્થે ઈન્ડિકા કાર લઈ ધરમપુરથી ગુંદલાવ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમની ઈન્ડિકા કારનો એસી ચાલુ કરવા જતા અચાનક ધુમાડો નીકળવાનું શરૂ થયું હતું. જેને લઈને રોહિત



ભાઈએ તેમની કાર હાઈવેના સર્વિસ રોડ ઉપર ઉભી કરી દીધી હતી. અને કારમાંથી બહાર નીકળી ગયા બાદ કારમાં આગ ફાટી નીકળી અને જોત જોતામાં આખી કાર આગમાં ખાસ થઈ ગઈ હતી. આગ લાગવાની ઘટના અંગે વલસાડ નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમને જાણ થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ આગ ઓલવવા માટે પાણીનો મારો ચાલુ કર્યો હતો. આગનું કારણ શોર્ટ સર્કિટ થવાને લીધે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. કારમાં અન્ય કોઈ સવાર નહીં હોવાથી કાર ચાલક સમયસર ઉતરી જવાને લીધે સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.

## વલસાડ એસટી ડેપો બહાર બસે મહિલાને અડફેટમાં લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૬:** વલસાડ એસટી ડેપો બહાર એક બસ બીજી બસને ટોઈંગ કરી વર્કશોપમાં લઈ જતી વખતે બાઈક ચાલક ટોચન કરેલી બસના પાછળના ભાગે અથડાતા બાઈક પર બેસેલી મહિલા રોડ પર પડતા હતા એસટી બસ નીચે મહિલાનો પગ આવી જતા લોહી લુહાણ થતા આજુબાજુમાં લોકો દોડી ગયા હતા. અકસ્માતની ઘટના બનતા ટ્રાફિકજામ થયો હતો અને અકસ્માત કરનાર બસ ચાલક સામે લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

વલસાડ એસટી બસ ડેપોમાં અવારનવાર અકસ્માતો થતા રહે છે. થોડા મહિના અગાઉએસટી બસ ચાલાકે દંપતિને અડફેટમાં લેતા તેનો જીવ ગુમાવ્યો હતો. વલસાડ એસટી ડેપોના રિવર્સ લઈ રહેલી બસના ટાયરમાં મહિલા આવી જતા મહિલાનું કમ કમાટે ભર્યું મોત નીપજવાની ઘટના બની હતી ત્યારે આજરોજ વલસાડ એસટી ડેપો ની બહાર રીક્ષા સ્ટેન્ડ નજીક એક બંધ પડેલી એસટી બસને અન્ય એક બસ સાથે ટોઈન કરી બસ મેં એસટી વર્કશોપમાં લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન એક બાઈક સવાર મહિલા તેમના ભાઈ સાથે ત્યાંથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન એસટી બસના ડ્રાઈવર એ ટર્ન લેતા પાછળ ટોયિંગ કરેલી બસના આગળના ટાયરમાં બાઈક ચાલક અથડાતા બાઈક પર બેસેલી મહિલા સહિત બાઈક ચાલક પટકાતા પહેલાનો પગ બસતે ટાયરના નીચે આવી જતા પગમાં ગંભીર ઈજા પહોંચી હતી અને મહિલા લોહી લુહાણ થતા રીક્ષા ચાલકો રાહદારીઓ અન્ય લોકો મહિલાની મદદથી દોડી ગયા હતા. અકસ્માતની ઘટના બનતા એસટી ડેપો બહાર ટ્રાફિક જામ થયો હતો. જોકે બસ તહેવારની ભૂલના કારણે અકસ્માત થતાં લોકોમાં ભારે રોજ જોવા મળ્યો હતો. અકસ્માતમાં ઈજા પામેલી મહિલાને નજીકની હોસ્પિટલમાં સારવાર વખતે ખસેડવામાં આવી હતી.

## વાપીમાં ગણેશ ઉત્સવના આગલા દિવસે અનેક પ્રતિમાઓ વાજતે ગાજતે લવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા. ૬:** વાપીમાં આજે ગણેશ ઉત્સવના એક દિવસ પહેલા વિવિધ મંડળો અને ખાનગીમાં પોતાના ઘરે શ્રીજીની સ્થાપના કરતા ગણેશ ભક્તોએ શ્રીજીની પ્રતિમાનું વેચાણ કરનારા કલાકારો પાસેથી શ્રીજીની પ્રતિમાનો વાજતે ગાજતે પોતાના મંડળ અને ઘર સુધી લઈ જવામાં આવ્યા હતા જેને લઈ વાપીના માર્ગો ઉપર ગણેશ ભક્તોના ધાર્મિક સૂત્રોચારને લઈ સમગ્ર વાપી પંથકમાં ધાર્મિક વાતાવરણ સાથે ગણેશ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ વિઘ્નહર્તા તરીકે ઓળખાતા અને જેની સમગ્ર વિશ્વમાં કોઈપણ કાર્યમાં સૌથી પહેલી પૂજા થતી હોય તેવા શ્રીજીનો સ્થાપના દિવસ એટલે કે ગણેશ ચતુર્થીનો તહેવાર આજથી શરૂ થઈ રહ્યો છે ત્યારે વાપી અને તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં રહેતા ગણેશ ભક્તો દ્વારા પોતાના ગણેશજીની પ્રતિમાને વાપી પંથકમાં શ્રીજીની પ્રતિમા બનાવી વેચાણ કરનારા તેમજ વલસાડ પારડી મહારાષ્ટ્રના મુંબઈ તેમજ સુરત જેવા શહેરોથી પોતાને મનગમતા શ્રીજીની પ્રતિમા ખરીદીને સ્થાપના કરવા માટે વાજતે ગાજતે ઢોલનગારા સાથે




તેમજ ફટાકડા ફોડી પોતાના મંડળ સુધી લાવવામાં આવી રહ્યા છે ત્યારે વાપી જીઆઇડીસીના વિલાશ શિંદેએ તેમજ અન્ય શહેરોમાંથી વાપી પંથકમાં આવી શ્રીજીની પ્રતિમા બનાવી વેચાણ કરનારા ૨૮ જેટલા મૂર્તિકારો પાસેથી પ્રતિમાઓ ખરીદીને લઈ જઈ રહ્યા છે ત્યારે વાપીના અનેક નામાંકિત શ્રીજી ભક્તો પણ આજે ગણેશજીની પ્રતિમા પોતાના ત્યાં લઈ જતા જોવા મળ્યા હતા જેમાં વાપી નગરપાલિકાના માજી પ્રમુખ અને સરદાર ભિલાડવાલા બેંકના વાઈસ ચેરમેન પારુલબેન પરેશભાઈ દેસાઈ પરિવાર પણ શ્રીજીની પ્રતિમા દર વર્ષની જેમ આ વર્ષે પોતાના ઘરે લઈ જતા જોવા મળ્યા હતા જોકે શ્રીજીની પ્રતિમા લઈ જતા વાહનો તેમજ ડીજે અને ઢોલ નગારા લઈ વાપીના માર્ગો ઉપર ટ્રાફિક જામની સમસ્યા પણ જોવા મળી હતી.

## વાપીને તાલુકાકક્ષાનું સરકારી પુસ્તકાલય મળશે ?

**હવે જ્યારે મુખ્યમંત્રીએ રાજ્યના ૫૦ તાલુકાઓમાં તાલુકા કક્ષાના સરકારી પુસ્તકલાયો શરૂ કરવાનો જાહેર કર્યું છે ત્યારે પારડીના ધારાસભ્ય અને નાણાં, ઉર્જા તથા પેટ્રોકેમિકલ્સના કેબિનેટ કક્ષાના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વાપી તાલુકાને પણ તાલુકા કક્ષાના સરકારી પુસ્તકાલયની સુવિધા અપાવી શકે**

આપણા વલસાડ જિલ્લામાં વલસાડ અને પારડીમાં એક ખૂબ જ સરસ પ્રવૃત્તિ ચાલે છે અને એનું નામ છે - 'પુસ્તકની પરબ'. આમ જનતામાં વાંચન પ્રત્યે રુચિ કેળવાય અને એમને પુસ્તકો ઉપલબ્ધ થાય એ માટે આ પ્રવૃત્તિ શરૂ કરાયેલી છે અને એને ઠીક ઠીક પ્રતિભાવ પણ મળે છે એટલે એ સમજી શકાશે કે લોકોને વાંચનમાં સાવ રુચિ નથી એવું નથી. પુસ્તકોનું મહત્વ કોઈપણ કાળે અપ્રસ્તુત રહ્યું નથી અને રહેવાનું પણ નથી. એનું સ્વરૂપ ડીજીટલ દુનિયામાં ભલે બદલાય અને જેમણે વાંચવું છે, એવા પુસ્તક પ્રેમીઓ વાંચનપ્રેમીઓ કે જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલય એ એક પરબ સમાન છે. જ્યાં એ પોતાની જ્ઞાનપીપાસા સંતોષી શકે.

આપણે શાળા-કોલેજોમાં તો પુસ્તકાલય જોઈએ છીએ પરંતુ ત્યાં પણ વિદ્યાર્થીઓ ખાસ વાંચતા નથી એવી ફરિયાદ છે. ત્યારે જાહેર ગ્રંથાલયો ની સ્થિતિ શું હોઈ શકે ? એ તો પ્રત્યક્ષ જોઈએ તો સમજાય પરંતુ એનો અર્થ એ નથી થઈ શકતો કે હવે વાંચે છે જ કોણ ? એવો પ્રશ્ન ઉઠાવી સમાજમાં એવી કોઈ સવલત જ ઊભી ન કરવી. આ તો એક પ્રકારની પછાત માનસિકતા છે અને એ ઘણે અંશે સમાજમાં ઘર કરી ગઈ છે. તેથી પુસ્તકાલય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો ઉત્સાહ કોઈ બતાવતું નથી. રાજકારણીઓ હોય, વહીવટી અધિકારીઓ હોય કે પછી સમાજના શ્રેષ્ઠિઓ હોય. એમના માટે પુસ્તકાલય એ હવે નિરર્થક સ્થાન બની ચૂક્યા છે. એને 'જ્ઞાનમંદિર' ભલે કહેવાતા હોય પણ ત્યાં શીશ નમાવવાના સંસ્કાર કેળવાય એવી તકો જ આપણે ઊભી થવા દેતા નથી. પરંતુ જો ક્યાંક પુસ્તકાલય હોય અને એમાં પુસ્તકો હોય તો એ ક્યારેક કોઈકને તો ઉપયોગી થશે જ ને એમ વિધાયક રીતે વિચારી શકતા નથી. ખાસ કરીને બાળકો અને યુવાનો માટે આ દિશામાં આપણે કોઈ વિકલ્પ જ નથી આપ્યો કે નથી આપવા માંગતા અને પછી કહીએ છીએ કે કોઈ વાંચતું નથી પણ કોઈ ક્યાંથી વાંચે અને શું વાંચે?




તાજેતરમાં મૃદુ અને મક્કમ મનાતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના તાબા હેઠળના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હેઠળ જ આવતા ગ્રંથાલય વિભાગને સ્પર્શતી એક આશાનું કિરણ જન્માવે એવી જાહેરાત તાજેતરમાં તા.૬ સપ્ટેમ્બરના ઉજવાતા રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ નિમિત્તે કરી છે. તેમણે ગુજરાતમાં પ્રથમ વાર ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલય અને ૬૪ સરકારી તાલુકા ગ્રંથાલયો શરૂ કરવાનો નિર્ણય લીધો છે હાલમાં ૭ આદિજાતિ જિલ્લાઓમાં ૧૪ તાલુકાઓમાં આવા તાલુકા પુસ્તકાલયની મંજૂરી આપવામાં આવેલી છે. પરંતુ આપણને સ્પર્શતી વાત એ છે કે વલસાડ જિલ્લામાં વલસાડ ખાતે વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી લાયબ્રેરી અને પાઠશાળાની સમૃદ્ધ લાઈબ્રેરીઓ ઉપરાંત જિલ્લા કક્ષાનું સરકારી પુસ્તકાલય આવેલા છે એમ તાલુકા કક્ષાએ જોઈએ તો ઉમરગામના સોળસુંબા ખાતે ઉમરગામ તાલુકાનું તાલુકાકક્ષાનું તાલુકા પુસ્તકાલય, પારડીમાં પારસીવાડ ખાતે પારડી તાલુકાકક્ષાનું તાલુકા પુસ્તકાલય અને ધરમપુરમાં સેવાસદનમાં તાલુકા કક્ષાનું તાલુકા પુસ્તકાલય આવેલું છે. ધરમપુરમાં તો રાજાશાહી વખતની સમૃદ્ધ લાઈબ્રેરી પણ સારી રીતે સંચાલિત થાય છે. કપરાડામાં સ્વર્ણિમ સરકાર પુસ્તકાલય તરીકે પણ એક ઉત્તમ પુસ્તકાલય તૈયાર કરાયેલું છે. પરંતુ જોવા જેવું એ છે કે, વલસાડ જિલ્લાની આર્થિક રાજધાની જેવા વાપીમાં વાપી તાલુકો હોવા છતાં એ માટેનું તાલુકાકક્ષાનું કોઈ સરકારી પુસ્તકાલય તૈયાર કરવાનું આયોજન કોઈના ધ્યાનમાં આવ્યું જ નથી ! અલબત્ત વાપીમાં એક અનાવિલ સમાજ દ્વારા સંચાલિત ખાનગી પુસ્તકાલય અને વાપી નગરપાલિકા દ્વારા એની ચલા ઝોન કચેરી એક નાનું પુસ્તકાલય જ્યારે ઈ.સ. ૨૦૧૫થી ૨૦૧૭ દરમ્યાન હાર્દિકભાઈ શાહ પાલિકા પ્રમુખ હતાં. ત્યારે તેમણે અંગત રસ લઈ શરૂ કરાવ્યું હતું. એ રીતે ડુંગરા ઝોન અને વાપી મુખ્ય બજારમાં એમ.જી. માર્કેટ ખાતે વાપી નગર પાલિકા સંચાલિત ગ્રંથાલય શરૂ કરાયેલા છે. વાપી જીઆઈડીસી વિસ્તારમાં ઘરગથ્થુ રીતે ચોક્સી દંપતિ દ્વારા એક ગ્રંથાલય શરૂ થયું હતું. એટલે હવે જ્યારે મુખ્યમંત્રીએ રાજ્યના ૫૦ તાલુકાઓમાં તાલુકા કક્ષાના સરકારી પુસ્તકલાયો શરૂ કરવાનો જાહેર કર્યું છે ત્યારે રાજ્યમાં નંબર-૨ જેવો દબદબો ભોગવતા પારડીના ધારાસભ્ય અને નાણાં ઉર્જા તથા પેટ્રોકેમિકલ્સના કેબિનેટ કક્ષાના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ આ બાબત ધ્યાને લઈ એ માટેની દરખાસ્ત કરવાનું માર્ગદર્શન કરે તો પારડી તાલુકામાંથી ઈ.સ. ૨૦૦૯માં વિભાજીત થઈ નવા બનેલા વાપી તાલુકાને પણ એક તાલુકા કક્ષાના સરકારી પુસ્તકાલયનો લાભ મળતો થઈ શકે એ નક્કી છે. આવા પુસ્તકાલય માટે કોઈ બહુ મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ જરૂર પડવાની નથી. એક જાણકારી પ્રમાણે તાલુકા પુસ્તકાલય માટે ૧,૫૦૦ ચોરસ મીટરનો પ્લોટ કે જગ્યા પૂરતી થઈ પડે એમ છે. અગાઉ જ્યારે મનીષ ગુરવાની જિલ્લા વિકાસ અધિકારી હતાં ત્યારે જિલ્લામાં તાલુકા પુસ્તકાલય માટેની દરખાસ્ત માટે તજવીજ થઈ હતી ત્યારે વાપી ઔદ્યોગિક વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં પુસ્તકાલય માટેની જમીન મેળવવાનો પણ પ્રશ્ન સામે આવ્યો હતો અને એમાં પણ મોકાની જગ્યા પર ડોળો માંડી બેઠેલાં સ્થાપિત હિતોને કારણે વાત આગળ ચાલી ન હતી એમ કહેવાય છે. એ જે હોય તે, પરંતુ હવે વાપી અને ખુદ પારડીના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી સમક્ષ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત બાદ વાપીને એક તાલુકા કક્ષાનું સારું પુસ્તકાલય ઉપલબ્ધ કરાવવાની તક સાંપડી છે એને ઝડપી લેવામાં આવે અને સત્વરે વાપી તાલુકા માટેનું અલાયદું તાલુકા પુસ્તકાલય મંજૂર કરાવાય એવી તજવીજ હાથ ધરવામાં આવે એવી અત્રેથી નમ્ર વિનંતી છે. ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ પારડીના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની પહેલ અને માર્ગદર્શનથી વલસાડ જિલ્લાને જિલ્લા કક્ષાનું વિજ્ઞાન કેન્દ્ર મળવાનો રસ્તો પણ ખુલ્લો થયો છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**